District Level Educational

# 11th Innovation FESTIVAL,2025-26

## શિક્ષકોના નવતર પ્રયોગોનો સંપુટ

# એકાદશ


: માર્ગદર્શક :

**ડૉ. સી. ટી. ટૂંડિયા**
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરેન્દ્રનગર

: પ્રેરક :

**શ્રી પી. કે. ત્રિવેદી**
નિયામક
GCERT, ગાંધીનગર

: લેખન - સંપાદન :

**ડૉ. કોમલબેન આર. પંડ્યા**
લેકચરર (IFIC શાખા)
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરેન્દ્રનગર

**ડૉ. રાજેનકુમાર ડી. પિતલિયા**
DIC કૉ-ઓર્ડિનેટર
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરેન્દ્રનગર



શ્રી ઝવેરચંદ મેઘાણી

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર**



## ઈનોવેશનની એકાદશ યાત્રા

જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સુરેન્દ્રનગર દ્વારા આયોજિત જિલ્લા કક્ષાના એજ્યુકેશનલ ઈનોવેશન ફેરની એકાદશ યાત્રાનો મુકામ છે.

ઈનોવેશન એટલે કંઈક નવું કરવું અથવા જૂની વસ્તુને વધુ સારી બનાવવી. તમે ઈનોવેશનને બે રીતે જોઈ શકો છો. જેમ કે, કંઈક તદ્દન નવું બનાવવું એટલે કે નવી શોધ કરવી. જ્યારે કોઈ વ્યક્તિ એવી વસ્તુ બનાવે જે અગાઉ ક્યારેય અસ્તિત્વમાં ન હતી, તેને પણ ઈનોવેશન કહેવાય.

સાંપ્રત વિશ્વ જ્યારે AI (Artificial Intelligence) અને Globalizationની દુનિયામાં પ્રવેશ કરી રહ્યું છે ત્યારે દરેક ક્ષેત્રે ઈનોવેશન જરૂરી છે. ઈનોવેશન દ્વારા કઠિન બાબતોને સરળીકરણ કરવાનો એક નવાચાર છે. આ એકાદશ પુસ્તિકા આપ સૌને દીવાદાંડી સમાન બની રહેનાર છે. જો આપણે આપણી શાળામાં પ્રાર્થનાસભામાં, સમાજ સાથે સંવાદ કરવામાં, વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સાથે આદાન-પ્રદાન કરવામાં જો ઈનોવેશન નહીં કરીએ તો ભવિષ્યમાં શિક્ષક તરીકે વર્ગખંડમાં ઊભા રહેવું એ એક પડકાર બનશે.

આપે નિહાળેલા ઈનોવેશન આપના વર્ગખંડમાં અને આપની શાળામાં ક્રિયાન્વીત થાય તેવી શ્રદ્ધા રાખું છું. એકાદશ પુસ્તિકા આપની શાળામાં તમામ શિક્ષકોને અભ્યાસ અર્થે આપીને આચાર્ય સાથે આ અંગે સંવાદ કરીને વધુમાં વધુ નવાચાર આપની શાળામાં થાય તેવી અખૂટ શ્રદ્ધા રાખું છું.

એકાદશ પુસ્તિકા તૈયાર કરવામાં ડાયટના IFIC શાખાના લેક્ચરર ડૉ. રાજેનકુમાર પિતલિયા, ડૉ. કોમલબેન પંડ્યા તથા ઈનોવેટર શિક્ષક દ્વારા ખૂબ જ મહેનત ઉઠાવવામાં આવી છે, તે સૌ કોઈને આ તકે બિરદાવું છું... અભિનંદન પાઠવું છું...

''બેસી રહેવાથી શું વળે 'આદિલ'
પગ ઉપાડો તો દ્વારિકા સામે.''

**ડૉ. સી. ટી. ટૂંડિયા**
**પ્રાચાર્ય**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,**
**સુરેન્દ્રનગર**



## શુભેચ્છા સંદેશ

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ - ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સુરેન્દ્રનગર દ્વારા આયોજીત આ અગિયારમો એજ્યુકેશનલ ઇનોવેશ ફેસ્ટિવલ છે. NEP-2020ની માર્ગદર્શન સૂચનાઓ તેમજ પ્રકરણ-૨૦ના મુદ્દા ક્રમાંક ૧-૨ માં સૂચવ્યા મુજબ શિક્ષકો વર્ગખંડમાં નવતર પ્રયોગો હાથ ધરે અને તેઓની શૈક્ષણિક ગુણવત્તા અભિવૃદ્ધિ માટે તેમનો ઉપયોગ કરે તે હેતુસર જિલ્લા કક્ષાના એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલનું આયોજન છેલ્લાં દસ વર્ષથી ગુજરાતમાં થઈ રહ્યુ છે. આ વર્ષે અગિયારમાં એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલમાં જિલ્લા કક્ષાએ આયોજન કરવામાં આવેલ છે.

પ્રાથમિક તેમજ માધ્યમિક શિક્ષણમાં આપણે છેલ્લાં કેટલાંક વર્ષોમાં નોંધ પાત્ર સિદ્ધિઓ પ્રાપ્ત કરવામાં સફળ રહ્યા છીએ. આપણી શાળાઓ ભૌતિક સુવિધાઓથી સુશોભિત બની છે. પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓમાં નામાંકનનું પ્રમાણ વધ્યું છે. સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવતી યોજનાઓ અને શિક્ષકો દ્વારા શાળાકક્ષાએ હાથ ધરાતા નાવીન્યપૂર્ણ પ્રયોગોને કારણે સ્થાયીકરણ, ડ્રોપ-આઉટ રેશિયો જેવા પ્રશ્નો હલ થઇ શક્યા છે.

આપ સૌ પ્રત્યે પણ શ્રદ્ધા રાખુ છું કે આપના વર્ગખંડોમાં પણ ઇનોવેશનના માધ્યમથી અધ્યયન-અધ્યાપન કાર્ય થશે તો તેનો લાભ બાળકોને મળશે.

**એ. એમ. ઓઝા**
**જિલ્લા શિક્ષણાધિકારી,**
**સુરેન્દ્રનગર**



## શુભેચ્છા સંદેશ

જિલ્લા કક્ષાનો અગિયારમો એજ્યુકેશનલ ઇનોવેશન ફેર યોજાઈ રહ્યો છે. જેમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શિક્ષકો દ્વારા વર્ગખંડોમાં કરવામાં આવતા પ્રયોગોનું દર્શન આજે સૌ સારસ્વત પરિવાર માટે દીવાદાંડી સમાન બની રહેનાર છે.

NEP-2020 અંતર્ગત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ એક ધરી પર આવી રહ્યું છે. બાળકોમાં ગુણવત્તા સુધારણા માટે શિક્ષક જો વર્ગખંડમાં ઇનોવેટીવ પેડાગોજીનો ઉપયોગ કરશે તો જ આવનાર સમયમાં શિક્ષક વર્ગખંડમાં ઊભો રહી શકશે. શિક્ષકો પાસે નૂતન પરિકલ્પના-સંકલ્પનાઓ નહીં હોય તો તે સાપ્રંત અને આવનારા સમયમાં ટકી નહીં શકે.

માનનીય કેબિનેટ શિક્ષણમંત્રીશ્રી અને રાજયકક્ષાના શિક્ષણમંત્રીશ્રી પણ શિક્ષણની ગુણવત્તા વધે તે માટે શિક્ષકો દ્વારા અસરકારક ઇનોવેટીવ પ્રયોગો થાય, તેનો વર્ગખંડમાં ઉપયોગ થાય અને તેનું હકારાત્મક પરિણામ મળે તે બાબતે ખૂબ ભાર આપી રહ્યા છે.

એક શિક્ષકના મૂલ્યાંકન-નિરીક્ષણ કાર્યમાં ઇનોવેશનની બાબતો ધ્યાને લેનાર છે, ત્યારે સૌ શિક્ષક ભાઈઓ-બહેનોમાં એજ્યુકેશનલ ઇનોવેશન ફેર નિહાળીને આપણાં વર્ગખંડમાં તેનો અમલ કરીએ. ઇનોવેશનમાં જે શિક્ષકોએ કૃતિ રજૂ કરી છે તે સૌ શિક્ષકોને અભિનંદન... શુભેચ્છાઓ...

**ભદ્રસિંહ વાઘેલા**
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી,**
**સુરેન્દ્રનગર**



## શિક્ષણમાં નાવીન્યપૂર્ણ પ્રયોગોનો મેળો

''વર્ગખંડને માત્ર ચાર દીવલો ના સમજો સાહેબ,
આ તો એ પ્રયોગશાળા છે, જ્યાં નૂતન ભારત જન્મે છે.''

પરિવર્તન એ સંસારનો નિયમ છે અને એ પરિવર્તનને સર્જનાત્મક રીતે સ્વીકારવું એટલે જ 'ઇનોવેશન'. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)-2020ના સંદર્ભમાં ઇનોવેશન એ માત્ર શબ્દ નથી, પણ સંપૂર્ણ નીતિનો મુખ્ય આધાર સ્તંભ છે. NEP-2020નો મૂળ હેતુ જ ભારતીય શિક્ષણ પ્રણાલીને 'રોટ લર્નિંગ' (ગોખણપટ્ટી)માંથી મુક્ત કરી ''ક્રિએટિવ થિંકિંગ'' તરફ લઈ જવાનો છે. NEP-2020 મુજબ ઇનોવેશન એ વિચારવાની પ્રકિયામાં (Pedagogy) હોવું જોઈએ.

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર અને જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગરની પ્રેરણાથી વર્ષ ૨૦૧૫-૧૬ થી 'એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલ' દ્વારા બાલવાટિકા, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શિક્ષકોના ઇનોવેશનને પ્લેટફોર્મ આપવાની શરૂઆત થઇ. આજે વર્ષ ૨૦૨૫-૨૬માં એ સફર 'એકાદશ' (અગિયાર)માં વર્ષમાં પ્રવેશી ચૂકી છે.

અગિયારમાં એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલ : ૨૦૨૫-૨૬માં સુરેન્દ્રનગર જિલ્લાના કુલ ૩૪ ઇનોવેટિવ શિક્ષકો દ્વારા પોતાના વર્ગખંડ, શાળા અને ક્લસ્ટર માટે તેમણે કરેલા નાવીન્યપૂર્ણ શૈક્ષણિક પ્રયોગોને ખૂબ જ સુંદર રીતે રજૂ કરવામાં આવશે. શાળા કક્ષાની અનેક એવી સમસ્યાઓ માટે નવતર વિચારોના પ્રયોગોનું આકલન 'એકાદશ'- શિક્ષણની નવી દિશાઓની પહેલરૂપ પ્રસ્તુત પુસ્તિકામાં કરવામાં આવ્યું છે.

'ઇનોવેશન ફેસ્ટિવલ' એ માત્ર એક પ્રદર્શન નથી, પરંતુ કલ્પનાઓને વાસ્તવિકતામાં બદલવાનો એક મંચ છે. - આવું દ્રઢતાપૂર્વક માનવાવાળા એવા ડૉ. સી.ટી.ટૂંડિયા, પ્રાચાર્ય, DIET - સુરેન્દ્રનગર કે જેમના માર્ગદર્શન હેઠળ પ્રસ્તુત 'એકાદશ' પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે, તેમનો હૃદય પૂર્વક આભાર વ્યક્ત કરું છું.

પ્રસ્તુત 'એકાદશ' પુસ્તિકા આવનાર સમયમાં શિક્ષણ સાથે સંકળાયેલાં તમામને માટે માર્ગદર્શકરૂપ બની રહેશે તેવી આશાસહ....

**ડૉ. રાજેનકુમાર ડી. પિતલિયા**
**District Innovation Co-ordinator**
**DIET - સુરેન્દ્રનગર**



## : શુભેચ્છા :

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર ખાતે ઇનોવેશન સેલ કાર્યરત છે.

NEP-2020 અંતર્ગત શાળામાં જેનો પ્રચાર-પ્રસાર થાય અને તે ઇનોવેટીવ બાબતો જિલ્લાની તમામ શાળાઓ સુધી પહોંચે તે માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર દ્વારા ૧૧માં ઇનોવેશન ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. બાલવાટિકા, પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓનાં મળીને કુલ ૩૪ (ચોત્રીસ) નવતર પ્રયોગોને જિલ્લા ઇનોવેશન ફેસ્ટિવલમાં મૂકવામાં આવેલા છે. આ પ્રસંગે ૧૧માં ઇનોવેશન ફેસ્ટિવલમાં જે શિક્ષકોએ પોતાનો નવતર પ્રયોગ રજૂ કરેલ છે, તે સૌ શિક્ષક ભાઇઓ અને બહેનોને હૃદયપૂર્વક અભિનંદન અને શુભેચ્છાઓ....

**ડૉ. કોમલબેન આર. પંડ્યા**
**લેક્ચરર (IFIC શાખા)**
**DIET - સુરેન્દ્રનગર**

# :: અનુક્રમણિકા ::



| ક્રમ | ઇનોવેટરનું નામ | શાળાનું નામ | તાલુકો | પાના નંબર |
|---|---|---|---|---|
| 1 | દીક્ષિત ઉર્વીબેન જયપ્રકાશભાઈ | શ્રી વહાણવટી નગર પ્રાથમિક શાળા | વઢવાણ | 8 |
| 2 | જૈમિની માધવલાલ પટેલ | કળમ પ્રાથમિક શાળા | લખતર | 10 |
| 3 | વિભુતિબેન તેજબહાદુરસિંહ ઠાકુર | શ્રી વાડલા પ્રાથમિક શાળા | વઢવાણ | 12 |
| 4 | દોશી મીનલબેન રમેશભાઈ | શ્રી કોઠારિયા પ્રાથમિક શાળા | વઢવાણ | 14 |
| 5 | હુસેનાબાનું અહેમદભાઈ સંઘરિયાત | શ્રી ખોડુ કન્યા પીએમશ્રી-ગુજરાત | વઢવાણ | 15 |
| 6 | ગોહિલ રંજનબેન ધનજીભાઈ | શ્રી પે સેન્ટર શાળા નં.૧૬, સુરેન્દ્રનગર | વઢવાણ | 17 |
| 7 | મોનિકાબેન વર્મા | શ્રી ભાસ્કરપરા પ્રાથમિક શાળા | લખતર | 19 |
| 8 | ચાવડા જ્યોતિબાળા રામજીભાઈ | સુધારા પ્લોટ પ્રાથમિક શાળા | વઢવાણ | 21 |
| 9 | રીનાકુંવરબા સી. ઝાલા | કટારિયા પ્રાથમિક શાળા | લીંબડી | 22 |
| 10 | અમિતાબેન રૂપસંગભાઈ જાદવ | શ્રી ધજાળા પ્રાથમિક શાળા | સાયલા | 24 |
| 11 | ભાર્ગવીબેન વિનયકાન્ત જોશી | શ્રી બળોલ પે સેન્ટર શાળા | લીંબડી | 26 |
| 12 | ગઢવી મનીષાબેન કાનુદાન | શાળા નં. ૭, થાનગઢ | થાનગઢ | 28 |
| 13 | વનિતાબેન નરોત્તમભાઈ પટેલ | શ્રી નવા સવલાસ પ્રાથમિક શાળા | પાટડી | 30 |
| 14 | માઢક મનીષાબેન નટવરલાલ | શ્રી નાની મોલડી પ્રાથમિક શાળા | ચોટીલા | 32 |
| 15 | મીનાબેન એ. સરીયા | શ્રી પીએમશ્રી દેવસર પ્રાથમિક શાળા | ચોટીલા | 34 |
| 16 | નદીમખાન વાહીદખાન પઠાણ | શ્રી ફૂલવાડી પ્રાથમિક શાળા | લીંબડી | 36 |
| 17 | જયંતકુમાર મોતીભાઈ મકવાણા | શ્રી ઝમર પ્રાથમિક શાળા | લખતર | 37 |
| 18 | રાજદીપસિંહ એન. જાડેજા | શ્રી બાળા પ્રાથમિક શાળા | વઢવાણ | 39 |
| 19 | ગિરીશકુમાર ઝવેરભાઈ રાઠોડ | જુના જસાપર પ્રાથમિક શાળા | સાયલા | 41 |

# :: અનુક્રમણિકા ::


| ક્રમ | ઇનોવેટરનું નામ | શાળાનું નામ | તાલુકો | પાના નંબર |
|---|---|---|---|---|
| 20 | દવે પરાગ હસમુખરાય | ભાણેજડા પ્રાથમિક શાળા | ચુડા | 43 |
| 21 | પટેલ ભરતભાઈ ઘનશ્યામભાઈ | શ્રી સુ.હા. ગાર્ડી ઉ.બુ. વિદ્યાલય, જસાપર | મુળી | 45 |
| 22 | રાજેશભાઇ બાબુભાઈ જતાપરા | શ્રી ધજાળા પે સેન્ટર શાળા | સાયલા | 47 |
| 23 | હિતેશકુમાર જગદીશકુમાર ચાવડા | શ્રી જુના જસાપર પીએમશ્રી-ગુજરાત | સાયલા | 49 |
| 24 | પ્રજાપતિ વિષ્ણુભાઈ ચમનભાઈ | શ્રી નાના પાળીયાદ પ્રાથમિક શાળા | ચોટીલા | 51 |
| 25 | પંડ્યા રાજેશભાઈ વિનોદરાય | કામલપુર પ્રાથમિક શાળા | પાટડી | 52 |
| 26 | પંચાલ વિષ્ણુભાઈ ડી. | હેબતપુર પ્રાથમિક શાળા | પાટડી | 54 |
| 27 | જયેશકુમાર અશ્વિનભાઈ પાટડીયા | શ્રી તરણેતર પે સેન્ટર શાળા નં.૧ | થાનગઢ | 56 |
| 28 | ડૉ. દીપકકુમાર રતિલાલ મહેતા | જેપર પ્રાથમિક શાળા | ચુડા | 57 |
| 29 | હરેશભાઈ જેઠાભાઈ પરમાર | શ્રી જનશાળી પ્રાથમિક શાળા | લીંબડી | 59 |
| 30 | ડાંગર વીરમભાઈ નાનુભાઈ | શ્રી ખેરવા પે સેન્ટર શાળા | પાટડી | 61 |
| 31 | પરમાર હિતેશકુમાર લક્ષ્મણભાઈ | શ્રી માલવણ પ્રાથમિક શાળા | પાટડી | 63 |
| 32 | દેવેન્દ્રપ્રસાદ હરૂભાઈ ધમલ | લાખામાંચી પ્રાથમિક શાળા-૧ | થાનગઢ | 65 |
| 33 | પરમાર રાકેશકુમાર ગણપતભાઈ | શ્રી ગુગલિયા પ્રાથમિક શાળા | થાનગઢ | 67 |
| 34 | મુકેશભાઈ શિવાભાઈ બદ્રેશિયા | પે સેન્ટર શાળા નં. ૧૬, સુરેન્દ્રનગર | વઢવાણ | 69 |

✻ **ઈનોવેટરનું નામ :** દીક્ષિત ઉર્વીબેન જયપ્રકાશભાઈ
✻ **શાળાનું નામ :** શ્રી વહાણવટી નગર પ્રાથમિક શાળા
✻ **વિભાગ :** પ્રાથમિક
✻ **ક્ષેત્ર :** શૈક્ષણિક પ્રક્રિયામાં ટેકનોલોજીનો ઉપયોગ
✻ **હોદ્દો :** મદદનીશ શિક્ષીકા
✻ **તાલુકો :** વઢવાણ
✻ **મો. :** 9856054363
✻ **ઈ-મેઈલ :** ujdixit88@gmail.com




## ઈનોવેશન શીર્ષક :

✻ ટેકનોલોજીના સથવારે શિક્ષણ યાત્રા

## ઈનોવેશન હાથ ધરવા પાછળનું કારણ/સમસ્યા :

✻ પ્રાદેશિક ભાષા બોલવા ટેવાયેલ બાળક 'અંગ્રેજી અઘરૂં છે' એવી ભ્રમણામાં રહે છે અને નવી ભાષા પ્રત્યે અણગમો ધરાવે છે આથી અંગ્રેજી વિષય પ્રત્યે ઉદાસીનતા દાખવે છે.

## હેતુઓ :

✻ આત્મવિશ્વાસ વધારવો જેથી ડર વગર બોલવાનો પ્રયત્ન કરે
✻ ભાષા પ્રત્યે રૂચિ જગાડવી
✻ NEP મુજબ માતૃભાષા અને અંગ્રેજી વચ્ચે સેતુ બાંધવો
✻ પ્રોત્સાહક વાતાવરણનું નિર્માણ કરવું

## ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરવા) :

✻ અંગ્રેજી ભાષા પ્રત્યે રસ હીન વલણ, નવા શબ્દો અને ભાષાના અંગો વિશે જાણવા અને સમજવા પ્રત્યે ઉદાસીનતા, અંગ્રેજી વિષયની પ્રવૃત્તિઓ અને કસોટીઓમાં નીરસતા દાખવવી, અંગ્રેજી ભાષાના ઉચ્ચારણમાં તકલીફ પડવી.

## ઈનોવેશન માટેની પેડાગોજી/પ્રયુક્તિ, સાધન-સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

✻ **પેડાગોજી/પ્રયુક્તિ :** ક્રિયા દ્વારા શિક્ષણ, અનુભવજન્ય શિક્ષણ, રમત દ્વારા શિક્ષણ
✻ **સાધન-સામગ્રી :** વિવિધ રમતો બનાવવા જરૂરી સ્ટેશનરી તેમજ મૂર્ત અને અમૂર્ત વસ્તુઓ તથા વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ
✻ **સમયગાળો :** ૨૦૨૫ થી કાર્યરત
✻ **લક્ષ્યજૂથ (લાભાર્થીની સંખ્યા) :** ધોરણ ૩ થી ૫ ના બાળકો

## નવતર પ્રયોગનું વર્ણન :

✻ અંગ્રેજી વિષયના નાના-નાના મુદ્દાઓ વિવિધ રમતો કાર્ડ અને ચાર્ટ દ્વારા શીખવી તેના મૂલ્યાંકન માટે વિવિધ રમતો અને પ્રવૃત્તિઓ કરાવી તેના નાના-નાના વીડિઓ બનાવવામાં આવ્યા. ટેકનોલોજી અને સોશીયલ મીડિયાના જમાનમાં બાળક youtube જોવા ટેવાયેલ છે, તો તેમના આ વીડિઓ વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર મુકવામાં આવ્યા, વારંવાર પોતાને વીડિઓ જોવાના હેતુથી વિડીઓ જોતા હોવાથી મુદ્દાનું દ્રઢીકરણ પણ થાય છે. વીડિઓમાં ભાગ લેવા માટે નિયમિત શાળાએ આવે છે સાથે ગણવેશમાં આવે છે, રસપૂર્વક અંગ્રેજી શીખે છે.

## ઈનોવેશન મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ-પ્રયુક્તિ વગેરેની વિગત) :

✻ મુલ્યાંકન માટેના જ વીડિઓ હોય તેમાં તે વિવિધ પ્રવૃત્તિ અને રમત દ્વારા મૌખિક અને ક્રિયાત્મક ઉત્તર આપે છે. શિક્ષક શીખવેલ મુદ્દાના મૂલ્યાંકન માટે જ રમત તથા વીડિઓ બનાવે છે.


## ઈનોવેશનનું પરિણામ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

* સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોતાના અલગ અલગ રમતોના વીડિઓ જોવાનો અને રમતા-રમતા શિક્ષણ રૂચિકર બની જાય છે. અંગ્રેજી ભાષાનો ડર દૂર થયો છે. બાળકનું શબ્દ ભંડોળ વિકસ્યું છે. બાળક શાળાએ નિયમિત આવે છે અને વીડિઓમાં ભાગીદારી લેવા માટે સ્વચ્છ અને સુઘડ ગણવેશ પહેરીને આવતો થયો.

## ઈનોવેશનની વર્તમાન સ્થિતિ/ વિસ્તૃતિકરણની વિગત :

* શાળામાં કાર્યરત છે અને રમત દ્વારા શિક્ષણને પ્રવાહ ચાલુ રાખવામાં આવશે. જેથી બાળકોને ઉત્તરોત્તર પ્રગતિ કરાવી શકાય છે. એમના અવનવા વીડિઓ સોશિયલ મીડિયા પ્લોટફોર્મ પર બનાવીને મૂકવામાં આવશે જેથી બાળકની રસ અને રૂચિ જળવાઈ રહે અને તે વધારે ને વધારે શીખવા માટે પ્રેરાય, મારા કલસ્ટરની બીજી શાળાઓમાં પણ બાળકોને આ પ્રવૃત્તિમાં જોડવા શિક્ષકોનો સથવારો લઈ કામ કરવામાં આવશે.

## ફોટોગ્રાફ કે વીડિઓ લિંક માટેના કયુઆર કોડ/નવતર પ્રયોગની પ્રક્રિયાઓ વીડિઓ :






* **ઈનોવેટરનું નામ :** જૈમીની માધવલાલ પટેલ
* **શાળાનું નામ :** કળમ પ્રાથમિક શાળા
* **વિભાગ :** બાલવાટિકાથી ઉચ્ચતર પ્રાથમિક
* **ક્ષેત્ર :** શૈક્ષણિક પ્રક્રિયામાં ટેકનોલોજીનો ઉપયોગ
* **હોદ્દો :** CRC કો-ઓર્ડીનેટર
* **તાલુકો :** લખતર
* **મો. :** 8155820961
* **ઈ-મેઈલ :** jaimini1709@gmail.com



## ઈનોવેશન શીર્ષક :

* પ્લાસ્ટિક મુકત મારૂં ગામ : મારો સંકલ્પ

## ઈનોવેશન હાથ ધરવા પાછળનું કારણ/સમસ્યા :

* પ્રવર્તમાન સમયમાં પ્લાસ્ટિક કચરાના નિકાલની સમસ્યા ખૂબ જ ગંભીર બની છે. જેની સમગ્ર પ્રાણી જાત પર ગંભીર અસરો થઈ છે. મારી શાળા આવેલી છે તે કળમ ગામમાં પણ પ્લાસ્ટિકના કચરાની ગંભીર સમસ્યા જોવા મળી હતી. નિપૂણ ભારતમાં દર્શાવ્યા મુજબ વિવિધ ધ્યેયો પૈકીનું એક ધ્યેય આરોગ્ય અને સ્વાસ્થ્ય પણ છે. જેને ધ્યાને રાખી મેં મારા નવતર પ્રયોગ હાથ ધર્યો હતો.

## હેતુઓ :

* પ્લાસ્ટીકના ઉપયોગથી ઉદ્ભભવતી સમસ્યા અંગે ગ્રામજનોમાં જાગૃતતા ફેલાવવી
* ગામ પ્લાસ્ટિક મુકત બને
* પ્લાસ્ટીકના વેસ્ટનો પર્યાવરણના સંદર્ભમાં સુયોચ ઉપયોગ થાય

## ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરવા) :

* ગામમા અને શાળામાં પોલીથીન (પ્લાસ્ટિક) કચરાનો યોગ્ય નિકાલ થતો ન હતો. જેના કારણે ઘરે-ઘરે બીમારીની સ્થિતિ જોવા મળેલી હતી. પ્લાસ્ટીકનો કચરો પશુઓના પેટામાં જવાથી મૃત્યુ પામતા હતા.

## ઈનોવેશન માટેની પેડાગોજી/પ્રયુકિત, સાધન-સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

* **પેડાગોજી/પ્રયુકિત :** રેલી, ચર્ચા, મીટીંગ, નિદર્શન, પ્રદર્શન, પ્રવૃત્તિ નાટય પ્રવૃત્તિ
* **સાધન-સામગ્રી :** ઓઈલ પ્રિન્ટ, પીંછી, વોટર કલર, છોડ, કાગળ, પૂંઠા, કલર કાગળ, સેલોટેપ, કાતર, કટર, પ્લાસ્ટિકની નકામી વસ્તુઓ વગેરે
* **સમયગાળો :** જૂન ૨૦૨૫ થી આજે પણ કાર્યરત છે.
* **લક્ષ્યજૂથ (લાભાર્થીની સંખ્યા) :** બાલવાટીકાથી ઉચ્ચત્તર પ્રાથમિક સુધીના તમામા બાળકો અને ગામના તમામ સભ્યો અંદાજીત સંખ્યા ૧૬૦૦

## નવતર પ્રયોગનું વર્ણન :

* કળમ પ્રાથમિક શાળામાં બાળકોની બીમારીની સમસ્યા વધવાથી ગેરહાજરીનું પ્રમાણ વધ્યું હતું. તેથી શાળાના શિક્ષકોની મીટીંગ કરી, આરોગ્ય વિભાગને બોલાવી અને શાળામાં પ્લાસ્ટિક મુકત વિશે ચર્ચા કરી હતી. ગામમાં જાહેરસભા કરીને લોકો પાસેથી પ્લાસ્ટિકનાં ઉપયોગની જાણકારી પ્રાપ્ત કરી.
* ગામના તમામ વિદ્યાર્થીઓ દ્વાર ઢોલ-નગારા સાથે ગામમાં પ્લાસ્ટિક જાગૃતિ અંગે રેલી કાઢી, લોકોને પ્લાસ્ટિક દ્વારા થતાં નુકશાનથી જાગૃત કર્યા. ત્યાર બાદ કાપડની ૧૦૦૦ થેલીઓનું નિર્માણ કરી, ગામના દરેક ઘરે તેનું વિતરણ કર્યું હતું. ગામની તથા શાળાની દીવાલો પર પ્લાસ્ટિકમુકિત સૂત્રો અને ચિત્રો જાતે દોરીને લોકોમાં જાગૃતતા ફેલાવવા સંનિષ્ઠ પ્રયાસ કર્યો હતો ગામમાં જાહેર સભા બોલાવીને લોકોને પ્લાસ્ટિક મુકિતની પ્રતિજ્ઞા લેવડાવી હતી. ગામના સરપંચની મદદથી ૧૫૦૦ કચરાપેટીનું ગામમાં વિતરણ કરવામાં આવ્યું હતું. દર મહિને આરોગ્ય તપાસણી કરવામાં આવતી હતી. જિલ્લા વિકાસ અધિકારી (DDO) આ ગામમાં ચાલતી પ્લાસ્ટિ મુકિતી જાણકારી પ્રાપ્ત થતાં ગામ અને મારી મુલાકાત કરેલી હતી. ર ઓકટોબર ગાંધીજયંતીના દિવસે સ્વચ્છતા ઉત્કૃઠ કામગીરી બદલ મને, શાળાને તથા સમગ્ર ગામને પ્રમાણપત્રથી સન્માનિત કરેલ. તેમજ જીલ્લાના પત્રકારોને મારી આ કામગીરીની નોંધ લીધેલ હતી.

## ઈનોવેશનનું પરિણામ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

* પ્લાસ્ટિક દ્વારા પશુઓના મૃત્યુ બંધ થયા, લોકો અને બાળકોમાં બીમારીઓ ઘટી ગઈ, લોકો પ્લાસ્ટિકનો નહિવત ઉપયોગ કરવા લાગ્યા. શાળામાં બાળકોની નિયમિતતા વધી.

## ઈનોવેશનની વર્તમાન સ્થિતિ/ વિસ્તૃતિકરણની વિગત :

* ઈનોવેશનની સ્થિતિ ખૂબ સારી છે. કાર્યરત પણ છે.


## ફોટોગ્રાફ કે વીડિઓ લિંક માટેના કયુઆર કોડ/નવતર પ્રયોગની પ્રક્રિયાઓ વીડિઓ :












* **ઈનોવેટરનું નામ :** વિભૂતિબેન તેજબહાદુરસિંહ ઠાકુર
* **શાળાનું નામ :** શ્રી વાડલા પ્રાથમિક શાળા
* **વિભાગ :** ઉચ્ચ પ્રાથમિક
* **ક્ષેત્ર :** વિષય વસ્તુ પેડાગોજી આધારિત
* **હોદ્દો :** મદદનીશ શિક્ષીકા
* **તાલુકો :** વઢવાણ
* **મો. :** 9727109274
* **ઈ-મેઈલ :** vibhutithakur6030@gmail.com




## ઈનોવેશન શીર્ષક :

* ગણિતની સપ્તરંગી પ્રવૃત્તિ

## ઈનોવેશન હાથ ધરવા પાછળનું કારણ/સમસ્યા :

* ગણિત વિષય સંદર્ભે ખોટી ભ્રમણા ‘‘ગણિત અઘરૂં છે નહીં આવડે’’ એ મુખ્ય બાબત છે. તથા ખોટા ડરના લીધે ગણિત વિષયથી બાળકોનું વિમુખ થવાનું વલણ.

## હેતુઓ :

* ગણિત પ્રત્યેનો અણગમો દૂર કરવો, ‘‘ગણિત ચોક્કસ આવડશે’’ તે સકારાત્મક અભિગમ કેળવવો,
* ગણિતના પાયાના સિદ્ધાંતો મજબૂત કરવા
* ગોખણ પટ્ટી ઘટાડી ગણિતનું તર્ક સમજતા કરવા
* ગણિત વિષયની પ્રસ્તુતા વધારવી

## ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરવા) :

* સતત અવલોકન અને શાળા કક્ષાએ યોજવામાં આવતી વિવિધ કસોટીઓના પરિણામને આધારે બાળકો ગણિત વિષયમાં રસહીન વલણ ધરાવે છે ગણિતની કસોટી પ્રત્યે અરૂચિ અને ઉદાસીનતા ધરાવે છે તેવું જોવા મળ્યું હતું.

## ઈનોવેશન માટેની પેડાગોજી/પ્રયુકિત, સાધન-સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

* **પેડાગોજી/પ્રયુકિત :** ક્રિયા દ્વારા શિક્ષણ, અનુભવજન્ય શિક્ષણ, રમત દ્વારા શિક્ષણ
* **સાધન-સામગ્રી :** પુઠા, રંગીન પેપર, કાતર, કંપાસ પેટીના સાધનો, પાસા, સ્ટીકર પેપર, વગેરે
* **સમયગાળો :** ૨૦૧૬ થી કાર્યરત
* **લક્ષ્યજૂથ (લાભાર્થીની સંખ્યા) :** ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ પ્રસ્તુત ઈનોવેશનનું લક્ષ્યજૂથ હતું.

## નવતર પ્રયોગનું વર્ણન :

* બાળકોને આકર્ષિત કરે તેવી મનોરંજક અને શૈક્ષણિક ગાણિતીય રમતોનું નિર્માણ કરવામાં આવ્યું. રમતમાં તેના નિયમો સ્પષ્ટ નિર્દેશિત છે. આ રમતો રમતા ગણિતના અધ્યયન મુદ્દાઓનું દ્રઢીકરણ થાય છે. વિષય વસ્તુ શીખ્યા બાદ રમતો રમવાથી બાળક સ્વ મૂલ્યાંકન કરે છે અને કઠિન કે કચાશવાળા મુદ્દાઓને ફરી સમજીને અભ્યાસમાં મહાવરો કરે છે. વિજેતા બનવાની ઈચ્છા બાળકને સ્વગતિથી પ્રગતિ તરફ પ્રેરિત કરે છે.

## ઈનોવેશન મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ-પ્રયુકિત વગેરેની વિગત) :

* રમત દરમિયાન બાળક લેખિત, મૌખિક, ક્રિયાત્મક રીતે ઉત્તરો આપે છે. બાળકો રમતો રમે છે ત્યારે શિક્ષક દ્વારા અવલોકન અને નિરીક્ષણ કરવામાં આવે છે. ત્યારબાદ પ્રશ્નોત્તરી દ્વારા પણ મૂલ્યાંકન કરવામાં આવે છે.

## ઈનોવેશનનું પરિણામ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

- રમત દ્વારા શિક્ષણથી ગણિત વિષય રૂચિકર બની જાય છે. અધ્યયન મુદ્દાની સમજૂતી સ્પષ્ટ બનતા સંકલ્પના, નિયમો, ગાણિતિક રીતો યાદ રાખવામાં સરળતા રહે છે. હવે બાળકો રમતો બનાવવા લાગ્યા છે.

## ઈનોવેશનની વર્તમાન સ્થિતિ/ વિસ્તૃતિકરણની વિગત :

- શાળામાં પ્રવર્તમાન ઈનોવેશન કાર્યરત છે. રમત દ્વારા શિક્ષણનો પ્રવાહ ચાલુ રાખવામાં આવશે. જેથી બાળકો ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહે.

## ફોટોગ્રાફ કે વીડિઓ લિંક માટેના ક્યુઆર કોડ/નવતર પ્રયોગની પ્રક્રિયાઓ વીડિઓ :



❊ ઈનોવેટરનું નામ : દોશી મીનલબેન રમેશભાઈ
❊ હોદ્દો : મદદનીશ શિક્ષીકા
❊ શાળાનું નામ : શ્રી કોઠારીયા પ્રાથમિક શાળા
❊ તાલુકો : વઢવાણ
❊ વિભાગ : પ્રાથમિક
❊ મો. : 8530657393
❊ ક્ષેત્ર : વિષય વસ્તુ પેડાગોજી આધારિત
❊ ઈ-મેઈલ : mrdoshi2582@gmail.com



## ઈનોવેશન શીર્ષક :

❊ અંકોની માયાજાળ

## ઈનોવેશન હાથ ધરવા પાછળનું કારણ/સમસ્યા :

❊ શાળામાં વિદ્યાર્થીમાં ગણિત વિષય પ્રત્યે ડર, અરૂચિ અને નીરસતા જોવા મળી હતી. મુળભૂત ગાણીતીક ક્રિયાઓના પાયો નબળો હોવાથી બાળકો પ્રશ્ન ઉકેલવામાં અસમર્થ રહેતા હતા. ગણિત પ્રત્યે નકારાત્મક વલણ જોવા મળ્યું હતું.

## હેતુઓ :

❊ બાળકોમા તર્કશકિત, તાર્કિકવિચાર અને સમસ્યા ઉકેલવાની ક્ષમતા વિકસાવવી
❊ ગણિત શિક્ષણને રસપ્રદ, સરળ અને આનંદદાયી બનાવવું

## ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરવા) :

❊ સતત અવલોકન અને શાળા કક્ષાએ યોજવામાં આવતી વિવિધ કસોટીઓના પરિણામને આધારે મોટી સંખ્યામાં બાળકોમાં પાયાના જ્ઞાનનો અભાવ અને ગણિત વિષય પ્રત્યે અરૂચી અને ડર જોવા મળ્યો હતો.

## ઈનોવેશન માટેની પેડાગોજી/પ્રયુકિત, સાધન-સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

❊ **પેડાગોજી/પ્રયુકિત :** પ્રશ્નોત્તરી, જૂથ ચર્ચા, પ્રવૃત્તિ આધારિત શિક્ષણ
❊ **સાધન-સામગ્રી :** કાર્ડશીટ, નકામાં પુઠા, ગુંદર, સ્કેચપેન, રંગીન કાગળ, કાતર, સેલોટેપ
❊ **સમયગાળો :** ૨૦૨૪ થી કાર્યરત
❊ **લક્ષ્યજૂથ (લાભાર્થીની સંખ્યા) :** ૫૦

## નવતર પ્રયોગનું વર્ણન :

❊ આ સમસ્યાના નિવારણ માટે નવતર પ્રયોગ તરીકે ભા.ગુ.સ.બા ના કાર્ડસ બનાવી બાળકોનો પાયો મજબૂત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. શાળાના બાળકોને ગણિત વિષય પ્રત્યે અરૂચિ અને ડર દૂર થાય તે માટે વિવિધ ગણિતિક રમતોના મોડેલ તૈયાર કરવામાં આવ્યા. આ રમતોનો ઉપયોગ બાળકો પોતાના અનુકુળ સમયમાં કરતા અને આનંદ લેતા હતા.

## ઈનોવેશન મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ-પ્રયુકિત વગેરેની વિગત) :

❊ નવતર પ્રવૃત્તિઓ અને ગણિતીય રમતો દ્વારા બાળકોમાં ગણિતનો ડર દૂર કરી રસ અને કુશળતા વિકસાવવામાં આવી.
❊ રમત દ્વારા શિક્ષણથી ગણિત વિષય રૂચિકર બની જાય છે.

## ઈનોવેશનની વર્તમાન સ્થિતિ/ વિસ્તૃતિકરણની વિગત :

❊ શાળામાં હાલ કાર્યરત છે. બાળકો વિવિધ ગાણિતિક રમતો રમે છે.

## ફોટોગ્રાફ કે વીડિઓ લિંક માટેના કયુઆર કોડ/નવતર પ્રયોગની પ્રક્રિયાઓ વીડિઓ :

* **ઈનોવેટરનું નામ :** હુસેનાબાનું અહેમદભાઈ સંઘરિયાત
* **હોદ્દો :** મદદનીશ શિક્ષીકા
* **શાળાનું નામ :** શ્રી ખોડુ કન્યા પી.એમ.શ્રી શાળા
* **તાલુકો :** વઢવાણ
* **વિભાગ :** પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક
* **મો. :** 9737412340
* **ક્ષેત્ર :** પર્યાવરણ જાગૃતિ
* **ઈ-મેઈલ :** sirin.jargela@gmail.com




## ઈનોવેશન શીર્ષક :

* મિયાવાંકી જંગલ

## ઈનોવેશન હાથ ધરવા પાછળનું કારણ/સમસ્યા :

* પર્યાવરણ જાગૃત્તિ માટે વૃક્ષોની જરૂરિયાત અંગે શાળા પરિવાર અને ગ્રામ સમુદાયથી જાગૃત્તિનો અભાવ.

## હેતુઓ :

* વૃક્ષોનું જતન કરતાં થાય
* ‘‘પ્રર્યાવરણ રક્ષણ’’ સંબંધિત જાગૃતિ કેળવાય.

## ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરવા) :

* વર્ષ ૨૦૧૪ થી આવળ બાવળ અને બોરડીથી ઘેરાયેલ શ્રી ખોડુ કન્યા પી.એમ. શ્રી ગુજરાત શાળાનું વિશાળ પ્રાંગણ માત્ર એક જ વૃક્ષની ઉપસ્થિતિ દર્શાવે છે કે શાળા સમુદાય અને ગ્રામજનોમાં પર્યાવરણ જાગૃતિનો સદંતર અભાવ છે.

## ઈનોવેશન માટેની પેડાગોજી/પ્રયુક્તિ, સાધન-સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

* **પેડાગોજી/પ્રયુક્તિ :** વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વૃક્ષારોપણ
* **સાધન-સામગ્રી :** વિવિધ રોપા.
* **સમયગાળો :** ૨૦૧૪ થી કાર્યરત
* **લક્ષ્યજૂથ (લાભાર્થીની સંખ્યા) :** સમગ્ર શાળા પરિવાર અને ગ્રામ સમુદાય.


## નવતર પ્રયોગનું વર્ણન :


* વર્ષ ૨૦૧૪ માં વૃક્ષો વિના વેરા વેરાન ઉભેલ થોડું કન્યા શાળાનો વિશાળ પ્રાંગણ વૃક્ષોને ઝાંખતું હતું આવા સમયે એક વિઝન સાથે શાળાને ‘‘ગ્રીન સ્કુલ’’ બનાવવાની વિશેષ શરૂઆત કરી તેમાની વિવિધ પદ્ધતિઓ માની એક વિશિષ્ટ પદ્ધતિ એટલે ‘‘મિયાવાંકી પદ્ધતિ’’, વર્ષ ૨૦૨૩ માં અમે આ પદ્ધતિ અમારી શાળામાં અપનાવી જે વૃક્ષારોપણ માટેની એક જાપાનીઝ પદ્ધતિ છે, જેમાં પદ્ધતિસર જંગલ ઉભું કરવામાં આવે છે. તેમાં કેટલાક નિયમોને આધીન કામ કરવાનું હોય છે અને સ્થાનિક વૃક્ષોની પસંદગી કરવાની હોય છે. વૃક્ષોની પસંદગી એ આ પદ્ધતિનું પ્રથમ સોપાન છે.

## ઈનોવેશન મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ-પ્રયુકિત વગેરેની વિગત) :

* વૃક્ષોનો સમયાંતરે વિકાસ તપાસવો.
  બાળકોને વૃક્ષો દત્તક આપવા, એ વૃક્ષની સંભાળ લેવા એમને કટિબદ્ધ કરવા.
  વૃક્ષ પૂજન, વૃક્ષને રાખડી બાંધવી, આવી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા એમના મનમાં વૃક્ષ પ્રત્યે લાગણી ઉત્પન્ન થાય એવા પ્રયત્નો કરવામાં આવ્યા.

**ફોટોગ્રાફ કે વીડિઓ લિંક માટેના ક્યુઆર કોડ/નવતર પ્રયોગની પ્રક્રિયાઓ વીડિઓ :**




Youtube

* **ઈનોવેટરનું નામ :** ગોહિલ રંજનબેન ધનજીભાઈ
* **શાળાનું નામ :** શ્રી પે.સેન્ટર શાળા નં. ૧૬, સુ.નગર
* **વિભાગ :** પ્રાથમિક
* **ક્ષેત્ર :** ૮ સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા સર્વાંગી વિકાસ
* **હોદ્દો :** મદદનીશ શિક્ષીકા
* **તાલુકો :** વઢવાણ
* **મો. :** 9510112559
* **ઈ-મેઈલ :** pradhyarmp@gmail.com



## ઈનોવેશન શીર્ષક :

* બાળ મનમાં વકતૃત્વનું બીજ

## ઈનોવેશન હાથ ધરવા પાછળનું કારણ/સમસ્યા :

* બાળકોને પ્રાર્થના સંચાલનમાં સ્ટેજ ફીયર, વાંચન અર્થ ગ્રહણમાં કચાસ, મૌખિક રજુઆતમાં કચાસ, લઘુતાગ્રંથી, વકતૃત્વ સ્પર્ધા, વાર્તા સ્પર્ધાઓમાં ભાગ લેવામાં કચાસ, ખરાબ અક્ષરો.

## હેતુઓ :

* વિના સંકોચ પ્રાર્થના કાર્યક્રમમાં ભાગીદાર વધે.
* વાંચન લેખન અર્થ ગ્રહણ ક્ષમતામાં વધારો, થાય, વાર્તા કથન અને વકૃત્વ સ્પર્ધામાં ભાગ લેતા થાય.
* શબ્દ ભંડોળ વધે.

## ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરવા) :

* સતત અવલોકનથી જાણવા મળ્યું હતું કે, અમારી શાળામાં ધોરણ ૩ થી ૮ માં કુલ ૧૯૦ જેટલા બાળકો અભ્યાસ કરતા હતા. જે પૈકી ૧૦% બાળકો જ પ્રાર્થના સંમેલનમાં સહભાગી બનતા હતા. વાર્તા સ્પર્ધા, વકૃત્વસ્પર્ધા, મૌખિક અભિવ્યકિતમાં બાળકોમાં રહેલી કચાશ જોવા મળી હતી. દિન વિશેષાંકમાં માત્ર ગોખણપટ્ટીનો ઉપયોગ અને સમજ શકિતનો અભાવ જોવા મળ્યો હતો.

## ઈનોવેશન માટેની પેડાગોજી/પ્રયુકિત, સાધન-સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

* **પેડાગોજી/પ્રયુકિત :** સુવિચાર, અર્થ વિસ્તાર, વિચાર વિસ્તાર, દિન વિશેષાંક, સુભાષિતો, જાણવા જેવું વગેરેનું લેખન કાર્ય
* **સાધન-સામગ્રી :** વિવિધ કાર્ડ અને પોસ્ટર (સુવિચાર, સુભાષિતો, અર્થવિસ્તાર, વિચાર વિસ્તાર, દિન વિશેષાંક, જાણવા જેવું)
* **સમયગાળો :** ૨ વર્ષ થી (૨૦૨૩-૨૪) શરૂ
* **લક્ષ્યજૂથ (લાભાર્થીની સંખ્યા) :** ૩ થી ૮ ના વિદ્યાર્થીઓ

## નવતર પ્રયોગનું વર્ણન :

* સમસ્યા નિવારણના હેતુસર દરરોજ બોર્ડ પર સુવિચાર, અર્થ વિસ્તાર, વિચાર-વિસ્તાર, દિન વિશેષાંક ચિત્ર સાથે, જાણવા જેવું સુભાષિતો એવા લેખનની શરૂઆત કરી. આંખને ગમે તેવા અક્ષરો અને ચિત્ર-સંયોજન સાથે લખ્યું નાના નાના કાર્ડ્સ તૈયાર કર્યા વર્ગમાં અને પછી પ્રાર્થનામાં મૌખિક અભિવ્યકિત કરાવી. યોગ્ય હાવભાવ સાથે બોલનારને પ્રોત્સાહન રૂપે ભેટ આપી. આથી વધુમાં વધુ બાળકો પ્રવૃત્તિમાં જોડાયા, શબ્દ ભંડોળ વધ્યું. મૌખિક અભિવ્યક્તિ માટે રસ દાખવવા લાગ્યા દિન વિશેષણની ચિત્ર સાથે રજૂઆત કરતા થયા.

## ઈનોવેશન મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ-પ્રયુકિત વગેરેની વિગત) :

* વિવિધ કાર્ડ આપી નાની સ્પર્ધાઓ કરી, વીડિઓ રેકોર્ડ કરી ગ્રુપમાં અને ચેનલ પર મૂકવામાં આવ્યા. મૌખિક અભિવ્યકિતના ટોપીક આપી સ્પર્ધા યોજવામાં આવી. વિદ્યાર્થીઓ દ્વારા રોજના લેખનની નોટ બનાવડાવી. દિન વિશેષાંક, વાર્તા સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધાયોજી ઈનામ આપી, પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

## ઈનોવેશનનું પરિણામ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

* પ્રાર્થના સભામાં જે ૧૦% બાળકો ભાગ લેતા હતા તે પૈકી ૫૦% બાળકો પ્રાર્થના સભામાં ઉત્સાહપૂર્વક ભાગ લેતા થયા. દિન વિશેષાંકના લીધે વિદ્યાર્થીઓના જ્ઞાનમાં વધારો થયો. સાતત્યપૂર્ણ લખાણથી અક્ષરો સુધર્યા. વાંચન લેખન અર્થગ્રહણ અને શબ્દભંડોળમાં વધારો થયો. નિપુણ ભારત અંતર્ગત બાળકોનો સર્વાંગી વિકાસ થયો. અન્ય પુસ્તકોનો વાંચન વધ્યું. અર્થ વિસ્તાર વિચાર વિસ્તારથી સમજ શક્તિમાં સુધારો થયો.

## ઈનોવેશનની વર્તમાન સ્થિતિ/ વિસ્તૃતિકરણની વિગત :

* વિદ્યાર્થીઓ હોંશે-હોંશે ભાગ લે છે. વાર્તા સ્પર્ધામાં તાલુકા કક્ષાએ નંબર આવ્યો. વક્તૃત્વ સ્પર્ધામાં વિદ્યાર્થીઓની ભાગીદારી વધી છે. ઈનામ મળતા બીજા વિદ્યાર્થીઓ પણ જોડાયા છે. વાંચન, અર્થગ્રહણ, લેખનમાં સુધારો થયેલો જોવા મળે છે.

## ફોટોગ્રાફ કે વીડિઓ લિંક માટેના કયુઆર કોડ/નવતર પ્રયોગની પ્રક્રિયાઓ વીડિઓ :

https://drive.google.com/drive/folders/1QipnORg-kuGJOIMJx85o-juKdsSF3w1H

* ઈનોવેટરનું નામ : મોનિકાબેન વર્મા
* શાળાનું નામ : શ્રી ભાસ્કરપરા પ્રાથમિક શાળા
* વિભાગ : ઉચ્ચ પ્રાથમિક
* ક્ષેત્ર : શૈક્ષણિક પ્રક્રિયામાં ટેકનોલોજીનો ઉપયોગ
* હોદ્દો : મદદનીશ શિક્ષિકા
* તાલુકો : લખતર
* મો. : 7990463343
* ઈ-મેઈલ : monikasinghverma76@gmail.com




## ઈનોવેશન શીર્ષક :

* ટેકનોલોજી દ્વારા વાંચન, અર્થ ગ્રહણ અને વિજ્ઞાન શિક્ષણમાં સમાયોજન

## ઈનોવેશન હાથ ધરવા પાછળનું કારણ/સમસ્યા :

* વિજ્ઞાન વિષયમાં શિક્ષણ કાર્ય બાદ શિક્ષણ કાર્ય પાઠ્ય પુસ્તક પુરતું સીમિત રહી જાય તો તે ગોખણ પદ્ધતિ તરફ દોરી જાય છે. અને રોજિંદા જીવન સાથે તેને સાંકળી ન શકાય તો તે ભાર રૂપ શિક્ષણ તરફ દોરી જાયછે. આ સમસ્યા દૂર કરવા ઉપરોકત નવતર પ્રયોગ હાથ ધર્યો હતો.

## હેતુઓ :

* વિદ્યાર્થીઓ ગોખણ પદ્ધીથી મુકત થાય.
* વિદ્યાર્થીઓ વિજ્ઞાન સાથે સંકળાયેલા ખ્યાલોને રોજિંદા જીવનની ઘટનાઓ સાથે સાંકળે.
* વિદ્યાર્થીઓ અર્થગ્રહણ સાથે વાંચન કરતા થાય.

## ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

* શિક્ષક દ્વારા માત્ર અભ્યાસક્રમને જ મહત્વ અપાતું હતું.
  પ્રકારણ પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓ સ્વાધ્યાયનાં પ્રશ્નોત્તર ગમે તેમ કરી નોટબુકમાં લખતા હતાં.
  'Operation is successful but patient is dead' ની પરિસ્થિતિ ઉદ્‌ભવતી.
  મહાવરા માટે જરૂરી પરિસ્થિતિ ન સર્જાતા વૈજ્ઞાનિક સંકલ્પનાની સમજ અધૂરી રહેતી.

## ઈનોવેશન માટેની પેડાગોજી/પ્રયુક્તિ, સાધન-સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

* પેડાગોજી/પ્રયુક્તિ : પ્રશ્નોત્તરી, જુથ ચર્ચા, ટેકનોલોજી આધારીત શિક્ષણ
* સાધન-સામગ્રી : ઈન્ટરનેટ કનેકશન
* સમયગાળો : ૭ વર્ષ થી કાર્યરત
* લક્ષ્યજૂથ (લાભાર્થીની સંખ્યા) : ધોરણ ૬ થી ૮ ના બાળકો

## નવતર પ્રયોગનું વર્ણન :

* વિદ્યાર્થીઓએ વર્ગમાં મુકત તાસ દરમિયાન કે તેમના નવરાશના સમયે સ્માર્ટ ટી.વી.નાં માધ્યમથી પ્રશ્નો રફબુકમાં લખવાના છે. આ પ્રશ્નબેન્કમાં પાઠયપુસ્તકમાંથી સામાન્ય પ્રશ્નો, વિચારપ્રેરક પ્રશ્નો, આકૃતિ, ખાલીજગ્યા, જોડકાં, મને ઓળખો, તફાવત, વર્ગીકરણ જેવાં પ્રશ્નો, પ્રવૃત્તિ, NEP 2020 માં દર્શાવાય મુજબ ૩૬૦ ડિગ્રી મૂલ્યાંકન આધારિત પ્રશ્નો છે. આ પ્રશ્નોનાં વિદ્યાર્થીઓએ પોતાની જાતે જેવા આવડે તેવા જવાબ લખવાના હોય છે. બીજા દિવસે આ પ્રશ્નોનું સોલ્યુશન કરવામાં આવે છે. જેમાં એક પછી એક દરેક વિદ્યાર્થી પોતાના ક્રમ પ્રમાણે પ્રશ્ન વાંચે છે અને તે પ્રશ્નો પોતે લખેલ જવાબ વાંચે છે. તે બાબતે વર્ગનાં તમામ વિદ્યાર્થી પોતાનું મંતવ્ય આપે છે. અંતે શિક્ષક તરીકે હું તેમને માર્ગદર્શન આપું છું.

## ઈનોવેશન મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ-પ્રયુકિત વગેરેની વિગત) :

- વર્ગમાં દરેક વિદ્યાર્થી પોતાના ક્રમ પ્રમાણે પ્રશ્ન વાંચે છે અને તેને પોતે શીખેલ ખ્યાલો અને અનુભવોને આધારે જવાબ આપે છે. અન્ય વિદ્યાર્થીઓ પણ જરૂર જણાય તેમ પોતાના મંતવ્યો રજુ કરે છે. અને તે આધારે વિદ્યાર્થીએ કેટલી અને કેવી સંકલ્પના ગ્રહણ કરે છે તેનો ખ્યાલ આવે છે અને જરૂર જણાય ત્યાં વિષયાંગના પુનરાવર્તન, પ્રવૃત્તિ, સ્માર્ટ ટી.વી. માં વિડિઓ/ચિત્ર નિદર્શન દ્વારા મૂલ્યાંકનની પૂર્તતા કરવામાં આવે છે.

## ઈનોવેશનનું પરિણામ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

- વિદ્યાર્થીઓમાં વાંચન મહાવરો વધ્યો છે.
  અર્થગ્રહણ સાથે વાંચન કરી પ્રશ્નોનાં જવાબ આપતા થયા છે.
  વૈજ્ઞાનિક સંકલ્પનાઓને વાસ્તવિક જીવન સાથે અનુબંધ સાધતા થયા છે.
  પાઠ્યપુસ્તક સીમિતતા દૂર થઈ છે.
  પોતાના મંતવ્યની વર્ગમાં મુકતપણે રજૂઆત કરે છે.
  વાર્ષિક પરીક્ષા તથા શાળા બહારની પરીક્ષાના પરિણામોમાં નીચે મુજબ ફેરફાર જોવા મળેલ છે.
  સરકડિયા (સોન.) પ્રા. શાળા (૨ વર્ષ) - ૭૦-૮૦%
  ભાડુકા પ્રા. શાળા (૪ વર્ષ) - ૬૦-૭૦%
  જુગતરામ પે. સેન્ટર શાળા નં.-૨ (૧.૫ માસ) - ૫-૬%
  શ્રી ભાસ્કર પરા પ્રા.શાળા (૨ વર્ષ) - ૧૯-૨૫%

## ઈનોવેશનની વર્તમાન સ્થિતિ/ વિસ્તૃતિકરણની વિગત :

- હાલ આ નવતર પ્રયોગ શ્રી ભાસ્કર પરા પ્રા. શાળામાં કાર્યરત છે. સાથે સાથે NMMS પરીક્ષા માટેનાં પ્રશ્નોની pdf પર કાર્યરત છે. જેમાં ગણિત વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનનાં પ્રશ્નોની pdf મુકેલ છે.

## ફોટોગ્રાફ કે વીડિઓ લિંક માટેના કયુઆર કોડ/નવતર પ્રયોગની પ્રક્રિયાઓ વીડિઓ :

* **ઈનોવેટરનું નામ :** ચાવડા જયોતિબાળા રામજીભાઈ
* **હોદ્દો :** મદદનીશ શિક્ષિકા
* **શાળાનું નામ :** સુધારા પ્લોટ પ્રાથમિક શાળા
* **તાલુકો :** વઢવાણ
* **વિભાગ :** બાલવાટિકાથી ઉચ્ચતર પ્રાથમિક
* **મો. :** 8160100876
* **ક્ષેત્ર :** સાંપ્રત વિષયો (FLN)
* **ઈ-મેઈલ :** jyotibalachavda@gmail.com




## ઈનોવેશન શીર્ષક :

* વાંચનમાં પારંગત બનીએ.

## ઈનોવેશન હાથ ધરવા પાછળનું કારણ/સમસ્યા :

* મારા વર્ગના બાળકોનું અવલોકન કરતા અને વ્યક્તિગત મૂલ્યાંકન કરતા ૪૦% બાળકો અક્ષર જ્ઞાન ધરાવતા હતા. જયારે ૩૦% બાળકો જ શબ્દોનું વાંચન કરી શકતા હતા. જેથી મેં ઉપરોકત નવા ચાર હાથ ધર્યો હતો.

## હેતુઓ :

* બાળકો મૂળાક્ષરોની ઓળખ કરી અને શબ્દોનો વાંચન કરે

## ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

* મારા વર્ગના બાળકોનું અવલોકન કરતા અને વ્યક્તિગત મૂલ્યાંકન કરતા ૪૦% બાળકો અક્ષર જ્ઞાન ધરાવતા હતા. જયારે ૩૦% બાળકો જ શબ્દોનું વાંચન કરી શકતા હતા.

## ઈનોવેશન માટેની પેડાગોજી/પ્રયુક્તિ, સાધન-સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

* **પેડાગોજી/પ્રયુક્તિ :** પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ
* **સાધન-સામગ્રી :** A4 સાઈઝ કાગળ, કોમ્પ્યુટર અને પ્રિન્ટર, પ્લાસ્ટિક બેગ, ફોલ્ડર ફાઈલ
* **સમયગાળો :** જૂન ૨૦૨૫ થી આજે પણ કાર્યરત છે.
* **લક્ષ્યજૂથ (લાભાર્થીની સંખ્યા) :** થાનગઢ પ્રાથમિક શાળા નં. ૧૦ ના ધોરણ-૨ ના અંદાજિત ૧૫ બાળકો.

## નવતર પ્રયોગનું વર્ણન :

* થાનગઢ પ્રાથમિક શાળા નં. ૧૦ માં ધોરણ-૨ માં ૩૦% બાળકો શબ્દ વાંચન કરી શકતા હતાં. મેં બારાક્ષરી કાર્ડ (મુળાક્ષર સાથે માત્રા) શબ્દ કાર્ડ (બધી માત્રા સાથે અલગ અલગ), જોડાક્ષર કાર્ડ A4 સાઈઝના બનાવ્યા હતા. બાળક જયાં પહોંચ્યું હોય ત્યાંથી શરૂ કરીને બાળકોને શરૂઆતમાં બારાક્ષરી કાર્ડનું વાંચન, લેખન કરાવવામાં આવ્યું હતું અને ત્યારબાદ તેને માત્રા વાળા શબ્દ કાર્ડ અને જોડાક્ષર કાર્ડનું વાંચન, લેખન કરાવવામાં આવ્યું હતું.

## ઈનોવેશન મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ-પ્રયુક્તિ વગેરેની વિગત) :

* મૌખિક પ્રશ્નોતરી અને લેખિત કસોટી

## ઈનોવેશનનું પરિણામ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

* મારા દ્વારા કરવામાં આવેલ ''શબ્દ કાર્ડ''ની પ્રવૃત્તિ થકી ૭૫% બાળકો શબ્દ વાંચન કરતા થયા હતાં. બાળકો આપેલાં શબ્દોનો ઉપયોગ કરીને વાકય બનાવતાં થયા હતાં. બાળકો પોતાની જાતે પૂસ્તકપૂર્ણિ કરતા થયા હતાં.

## ઈનોવેશનની વર્તમાન સ્થિતિ/ વિસ્તૃતિકરણની વિગત :

* મારો આ નવતરન પ્રયોગ હાલ પણ ચાલે છે. આ પ્રયોગ થકી બાળકો શબ્દ વાંચન અને લેખનમાં પારંગત બને છે.

## ફોટોગ્રાફ કે વિડિઓ લિંક માટેના કયુઆર કોડ/નવતર પ્રયોગની પ્રક્રિયાઓ વિડિઓ :







* **ઈનોવેટરનું નામ :** રીનાકુંવરબા સી. ઝાલા
* **શાળાનું નામ :** કટારીયા પ્રાથમિક શાળા
* **વિભાગ :** પ્રાથમિક
* **ક્ષેત્ર :** વિશેષ કાર્યક્રમ (સ્ત્રી સશક્તિકરણ)
* **હોદ્દો :** મદદનીશ શિક્ષિકા
* **તાલુકો :** લીંબડી
* **મો. :** 9408942373
* **ઈ-મેઈલ :** rinabazala023@gmail.com




## ઈનોવેશન શીર્ષક :

* શૌર્ય રક્ષતિ રક્ષિત

## ઈનોવેશન હાથ ધરવા પાછળનું કારણ/સમસ્યા :

* શાળાની બાળાઓને સતત અનુભવાતી અસુરક્ષા
* ધો. ૧ થી ૫ ના અભ્યાસ બાદ ડ્રોપ આઉટ રેશિયાનું પ્રમાણ ઊંચુ
* સહ-શિક્ષણને કારણે અભિવ્યકિતમાં સહજ સંકોચ

## હેતુઓ :

* આત્મ રક્ષણ દ્વારા આત્મ-વિશ્વાસ વધારવો
* આત્મ રક્ષણ દ્વારા આત્મ-સન્માન જગાવવું
* આત્મ રક્ષણ દ્વારા આત્મ-નિર્ભર બનાવવા

## ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

* ધો. ૧ થી ૫ મા અભ્યાસ કરતી બાળાઓની સંખ્યા ૭૦
* ધો. ૬ થી ૮ માં અભ્યાસ કરતી બાળઓની સંખ્યા ૬૦
* ધો. ૬ થી ૭, ધો. ૭ થી ૮ માં ઉત્તરોત્તર ઘટાડો

## ઈનોવેશન માટેની પેડાગોજી/પ્રયુકિત, સાધન-સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

* **પેડાગોજી/પ્રયુકિત :** કરાટે, લાઠી-દાવ, ફેનસીંગ તથા યોગ દ્વારા ઊર્જા સંચાર.
* **સાધન-સામગ્રી :** રમત ગમતના સાધનો તથા આત્મ રક્ષણ સબંધિત ટેકનીકલ સાધનો.
* **સમયગાળો :** ૨૦૨૩ થી કાર્યરત.
* **લક્ષ્યજૂથ (લાભાર્થીની સંખ્યા) :** ધોરણ ૩ થી ૮ ની તમામ બાળાઓ.

## નવતર પ્રયોગનું વર્ણન :

* દરેક બાળાને ક્ષમતા મુજબ આત્મ સુરક્ષાની તાલીમ આપવી.
* તેમના અજ્ઞાત ભયને દૂર કરવા પ્રાયોગિક ક્રિયાઓ કરાવવી.
* ગ્રાહ્ય શકિત, ધારણ શકિત તથા ભાવાત્મક સંતુલન શકિત કેળવી શકે, તેના માટે ત્રાટક ધ્યાન અને યોગનિંદ્રા શીખવવી.
* શબ્દ-ભેદી શ્રવણ સતર્કતાની રમતો રમાડવી
* મલ્લવિદ્યા માટે પણ પ્રોત્સાહન આપવું.
* એકાગ્રતા શકિત માટે લક્ષ્યવેધની તાલીમ લેવા પ્રેરવા.

## ઈનોવેશન મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ-પ્રયુકિત વગેરેની વિગત) :

- છાત્રાઓ ખેલ-મહાકુંભ /કલા-મહાકુંભમાં સહભાગી થઈને વિજેતા ક્રમાંક મેળવે તેના પરથી ઔપચારિક મૂલ્યાંકન કેળવી શકાય.
- છાત્રાઓ પોતાના ગાયનેક ઈસ્યુઝ તથા તેમના હોર્મોનલ ચેન્જીસને સભાનતા સાથે સમજીને વિવિધ શાળાકીય પ્રવૃત્તિઓ સાથે સંલગ્નતા કેળવે તેના પરથી અનૌપચારિક મૂલ્યાંકન મેળવી શકાય.

## ઈનોવેશનનું પરિણામ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

- ધો. ૧ થી ૫ માં અભ્યાસ કરતી બાળાઓની હાજરીમાં નિયમિતતા
- ધો. ૬ થી ૮ માં નામકમી થયેલ બાળાઓનો પુનઃ પ્રવેશ
- વાડી-વિસ્તાર માં રહેણાંક ધરાવતી બાળાઓમાં શાળા-પ્રવેશ જાગૃતિ

## ઈનોવેશનની વર્તમાન સ્થિતિ/ વિસ્તૃતિકરણની વિગત :

- મહિલા પોલીસકર્મી તરીકે આત્મ સુરક્ષાની સાથે સમાજન સુરક્ષા માટે પણ સક્ષમ બની શકે
  ડિફેન્સ લીંગમાં જોડાઈને રાષ્ટ્ર-સુરક્ષા માટે સુસજ્જ બની શકે.
  ''નારી તું નારાયણી'' - એ ઉકિત સાર્થક કરીને ઘરની અંદર તથા બહાર પોતાનું સ્થાન સહ માન પ્રાપ્ત કરી શકે.

## ફોટોગ્રાફ કે વિડિઓ લિંક માટેના કયુઆર કોડ/નવતર પ્રયોગની પ્રક્રિયાઓ વિડિઓ :






- **ઈનોવેટરનું નામ :** અમિતાબેન રૂપસંગભાઈ જાદવ
- **શાળાનું નામ :** શ્રી ધજાળા કન્યા પ્રાથમિક શાળા
- **વિભાગ :** ઉચ્ચ પ્રાથમિક
- **ક્ષેત્ર :** સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા સર્વાંગી વિકાસ
- **હોદ્દો :** મદદનીશ શિક્ષિકા
- **તાલુકો :** સાયલા
- **મો. :** 9978773596
- **ઈ-મેઈલ :** amitabenjadav@gmail.com



## ઈનોવેશન શીર્ષક :

- ''બારી બહાર ડોકિયું''

## ઈનોવેશન હાથ ધરવા પાછળનું કારણ/સમસ્યા :

- શ્રી ધજાળા કન્યા પ્રાથમિક શાળામાં ધો. ૬,૭,૮ વિદ્યાર્થીઓમાં ગુજરાતી વિષયમાં વાર્તા કથન અને વાર્તા લેખન કૌશલ્ય નબળું જોવા મળ્યું હતું.

## હેતુઓ :

- બાળકો ''બારી બહાર ડોકિયું'' કરી પરંપરાગત વાર્તાઓ અને સંસ્કૃતિને ઓળખે.
- શબ્દ ભંડોળ વધારી વાંચન ક્ષમતામાં વધારો કરે.
- બાળકોની કલ્પના શકિતને વેગ મળે.

## ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

- શ્રી ધજાળા કન્યા પ્રાથમિક શાળામાં ધોરણ ૬,૭,૮ ના વિદ્યાર્થીઓમાં ગુજરાતી વિષયમાં વાર્તા લેખત તેમજ વાર્તા કથન કુશળતાનો અભાવ જોવા મળતો હતો. વિદ્યાર્થીઓ વાર્તા કથન અને લેખનમાં ખૂબ જ ભૂલો કરતા હતાં. બાળકો કસોટી, પરીક્ષા પેપર, તેમજ વર્ગકાર્ય, પ્રોજેક્ટ બુકમાં બિલકુલ લખતા નહિ. તેમજ એકબીજામાંથી નકલ કરતા વાર્તા કથનમાં કલ્પનાશકિત અને મૌલિક ભાષાકીય લેખન અને કથન ક્ષમતામાં ઘટાડો જોવા મળ્યો. શરૂઆતમાં ધો. ૬,૭,૮ માં કુલ સંખ્યાના ૭૫% એટલે કે ૨૨ જેટલા વિદ્યાર્થીઓ વ્યવસ્થિત વાર્તા કથન અને લેખન કાર્ય કરતા ન હતા.

## ઈનોવેશન માટેની પેડાગોજી/પ્રયુકિત, સાધન-સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

- **પેડાગોજી/પ્રયુકિત :** કથન અને લેખન કાર્ય બારી અને પડદા મોડેલ દ્વારા
- **સાધન-સામગ્રી :** પૂંઠા, ચિત્રના કટિંગ, કાપડ.
- **સમયગાળો :** જુલાઈ ૨૦૨૫ થી કાર્યરત
- **લક્ષ્યજૂથ (લાભાર્થીની સંખ્યા) :** ૩૦ (ધો. ૬ થી ૮)

## નવતર પ્રયોગનું વર્ણન :

- આજનાં ડિજીટલ યુગમાં બાળકો વાર્તા અને પૂસ્તકો વાંચનથી દૂર થયા છે. આ પ્રવૃત્તિ દ્વારા બાળકોને પરંપરાગત લોકકથા અને પૌરાણિક વારસાની બારી ખોલી આપે છે. જેથી તે વાંચન, લેખન તરફ વળે. શાળામાં વર્ગખંડમાં એક બારી તૈયાર કરી એક વાર્તા કોર્નર ઉભું કર્યું. જેમાં એક કલ્પના ચક્ર બનાવ્યું. તેની ઉપર ચિત્રો (પરિસ્થિતિ, સ્થળ, પાત્ર વગેરે) બાળક ચક્ર ફેરવશે અને જે ચિત્ર આવશે. તેની આગળ જાદુઈ પોટલી હશે. તેમાં વાર્તાના પાત્રો હશે, તે મેળવશે અને વિચારશે. ત્યારબાદ વાર્તાને આગળ વધારવા માટે ટીફીનબોક્ષમાં અમુક શબ્દ કાર્ડ હશે તેની મદદ લઈ વાર્તાનો બોધ અને અમુક વાકયો તેને પત્તાની મદદ દ્વારા મળશે. વિદ્યાર્થી વાર્તા તૈયાર કરશે. તેણે લખેલ વાર્તા, વાર્તા વૃક્ષમાં મુકશે. જો કથન કરવું હોય તો બારીમાંથી વાર્તા કહેશે.

## ઈનોવેશન મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ-પ્રયુકિત વગેરેની વિગત) :

- વાર્તા કથન, લેખન રમત, અવલોકન.

## ઈનોવેશનનું પરિણામ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

- મારી શાળામાં આ વર્ષે ધોરણ ૬ થી ૮ માં કુલ ૨૬ વિદ્યાર્થીનીઓ છે. ૭૦% બાળકો એટલે કે ૧૫ બાળકો મૌલિક વાર્તા કથન અને લેખન કાર્ય કરતા થયા છે. વાર્તા કથન અને વાંચન બોજને બદલે રસપ્રદ અને આનંદદાયી બન્યું.

## ઈનોવેશનની વર્તમાન સ્થિતિ/ વિસ્તૃતિકરણની વિગત :

- વર્તમાન સ્થિતિમાં ગુજરાતી ભાષામાં કાર્યરત છે. વાર્તા વર્ણન અને લેખન કળા વિકસાવવા માટે ચિત્ર વર્ણન સ્પર્ધાનું સમયાંતરે આયોજન કરવામાં આવે છે.

## ફોટોગ્રાફ કે વિડિઓ લિંક માટેના કયુઆર કોડ/નવતર પ્રયોગની પ્રક્રિયાઓ વિડિઓ :

* **ઈનોવેટરનું નામ :** શ્રી ભાર્ગવીબેન વીનયકાંત જોશી
* **હોદ્દો :** મદદનીશ શિક્ષિકા
* **શાળાનું નામ :** શ્રી બળોલ પે. સેન્ટર શાળા
* **તાલુકો :** લીંબડી
* **વિભાગ :** ઉચ્ચ પ્રાથમિક
* **મો. :** 7069719991
* **ક્ષેત્ર :** વિષય વસ્તુ પેડાગોજી આધારિત
* **ઈ-મેઈલ :** balolschool1880@gmail.com



## ઈનોવેશન શીર્ષક :

* English learning by creativity 'Get the magic again'...

## ઈનોવેશન હાથ ધરવા પાછળનું કારણ/સમસ્યા :

* English Language For Skills માં કચાશ જણાઈ
* સ્પેલીંગ પાકા કરવા ના અણગમાને લીધે વાંચન ક્ષમતા ઉણપ દેખાઈ
* English writing માં Capital & Small letters નો ઉપયોગ root, ground and sky letter writing pattern વિષેની અજ્ઞાનતા.
* Listing માં સાતત્યતાનો અભાવ હોવાથી ભળતા ઉચ્ચારણો યાદ રહી જવાની સમસ્યા જોવા મળી જેના કારણે Speaking પર માઠી અસર થતી જણાઈ

## હેતુઓ :

* Listing, Speaking, Reading, Writing Skill Develop થાય
* Writing Pattern ની સમજ કેળવે
* શાળાની દીવાલો પર વિવિધ રમતોનું ચિત્રાંકન કરી બાળકોની Vocabulary અને fluency વધારી ઝડપથી વાકયો બનાવીને અભિવ્યકિત કૌશલ્ય વિકસાવવું.

## ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

* અંગ્રેજી વિષયને લગતી પ્રવૃત્તિઓમાં ખૂબ ઓછી ભાગીદારી
* અંગ્રેજી બોલવામાં અને વાંચવામાં ખોટા ઉચ્ચારનોને કારણે ક્ષોભનું વાતાવરણ
* સ્પેલીંગ યાદ રાખવા માટેનો અણગમો
* લેખનમાં યોગ્ય લેખન પદ્ધતિનો અભાવ

## ઈનોવેશન માટેની પેડાગોજી/પ્રયુકિત, સાધન-સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

* **પેડાગોજી/પ્રયુકિત :** બાળકોમાં રહેલ રંગ પૂરણી કળા કૌશલ્યની મદદથી શાળાની દીવાલો પર રમતોનું નિર્માણ
* **સાધન-સામગ્રી :** Vocabulary builder Tree, Number to Alfaland word game, Computer Lab, Smart T.V., Head Phones, Royal Asian Paint water base colours, Alfabet cards, Picture cards
* **સમયગાળો :** જાન્યુઆરી ૨૦૨૫ થી ચાલુ
* **લક્ષ્યજૂથ (લાભાર્થીની સંખ્યા) :** ધો. ૬ થી ૮ ના ૫૦ બાળકો

## નવતર પ્રયોગનું વર્ણન :

* સુંદર રંગપૂરણી કરતાં બાળકો સાથે શાળાની દિવાલો પર પાકા રંગો વડે વિવિધ English word Games નું નિર્માણ કર્યું
* ABCD Card, Picure cards બનાવ્યા ત્યારબાદ Team પાડીને રમત રમાડી જેમાં નંબર પરથી Spelling બનાવ્યા તથા તે word ના ઉપયોગ થી Sentence બનાવવા કહેવામાં આવ્યું.
* તાસનો પ્રારંભ હંમેશા નાની Rymes દ્વારા કરવામાં આવ્યો (Use of alliteration)
* Computer Lab માં Head Phones ના ઉપયોગથી Google દ્વારા word pronunciation listening and speeching નો મહાવરો કરવામાં આવ્યો.
* શાળા દ્વારા બાળકોને Four line notebook આપીને Writing pattern શીખવી

## ઈનોવેશન મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ-પ્રયુક્તિ વગેરેની વિગત) :

- રમત દ્વારા સ્પેલીંગ યાદ રાખવાની મજા આવી તેથી હાજરી સમયે પણ બધા નવો શબ્દ આપવા લાગ્યા Spelling Test પણ લેવામાં આવી.
- Videos of Games, Rhyme recitation Videos, Listening and repetition videos in Computer Lab. Writing pattern clarification videos

## ઈનોવેશનનું પરિણામ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

- 4-English Skill development માં સારી પ્રગતિ જોવા મળી બાળકોની ભાગીદારી ૨૦% માંથી વધીને ૯૦% થઈ છે.
- By product : Rangotsav Celebration Mumbai દ્વારા લેવામાં આવતી Drawing Competition માં 108 બાળકોને ભાગ લીધો, ૩૮ બાળકોએ મેડલ્સ મેળવ્યા તથા international level પર ૧૫ બાળકોએ રાજકોટ ખાતે તા. ૧૫-૧-૨૦૨૬ના રોજ સુંદર રંગપૂરતી કરી.

## ઈનોવેશનની વર્તમાન સ્થિતિ/ વિસ્તૃતિકરણની વિગત :

- દીવાલ પરની રમતો મે મારી ભૂતપૂર્વ શાળા સ્ટેશન રોડ મિશ્ર શાળા ક્રમાંક : ૩૯, ભરૂચ ખોત પણ ૨૦૨૩માં બનાવેલી જે ત્યાં પણ કાર્યરત હતી.

  સમગ્ર રીતે 4-English Skill development માટે આ રમતો અને ટેકનિક ઉપયોગી નીવડી શકે તેમ છે.

  મારી શાળમાં phonic decoding Encoding Systematic Approach માટેનું software computer lab માં install કરી Phonetics lab બનાવવાનું ભવિષ્યનું આયોજન છે.

## ફોટોગ્રાફ કે વિડિઓ લિંક માટેના કયુઆર કોડ/નવતર પ્રયોગની પ્રક્રિયાઓ વિડિઓ :

youtube Channerl Name : @School World5023







* **ઈનોવેટરનું નામ :** ગઢવી મનીષાબેન કાનુદાન
* **હોદ્દો :** મદદનીશ શિક્ષિકા
* **શાળાનું નામ :** શાળા નં. ૭, થાનગઢ
* **તાલુકો :** થાનગઢ
* **વિભાગ :** પ્રાથમિક
* **મો. :** 7096832150
* **ક્ષેત્ર :** વિષય વસ્તુ પેડાગોજી આધારિત
* **ઈ-મેઈલ :** manishagadhvi1978@gmail.com



## ઈનોવેશન શીર્ષક :

* કરીએ પ્રવૃત્તિ, શીખીએ ભાષા

## ઈનોવેશન હાથ ધરવા પાછળનું કારણ/સમસ્યા :

* વર્ગખંડનું વાતાવરણ અસરકારક જોવા મળતું ન હતું આદાન-પ્રદાનની પ્રક્રિયા ઓછી જોવા મળતી હતી. વિદ્યાર્થીઓ નિષ્ક્રિય જોવા મળતા હતા, બાળકો ઉભા થઈને જવાબ આપવામાં સંકોચ અનુભવતા હતા.

## હેતુઓ :

* ભાષા શિક્ષણને સમૃદ્ધ બનાવવું
* ભાષા શિક્ષણને રસપ્રદ અને અસરકારક બનાવવા સહાયક પ્રવૃત્તિઓનું નિર્માણ કરવું.

## ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

* ભાષાના પાઠ્યપુસ્તકમાં આવતી એકમ આધારિત પ્રવૃત્તિઓ ફક્ત કથન પદ્ધતિ દ્વારા પ્રવૃત્તિઓ સમજાવવામાં આવતી હતી, જેથી અસરકારક વર્ગ વ્યવહારનો અભાવ જોવા મળતો હતો, વાતાવરણ નિષ્ક્રિય જોવા મળતું હતું.

## ઈનોવેશન માટેની પેડાગોજી/પ્રયુક્તિ, સાધન-સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

* **પેડાગોજી/પ્રયુક્તિ :** ધોરણ ૬ થી ૮ ના ભાષાના પાઠ્યપુસ્તકોમાં આપેલા એકમોની સામગ્રીને વર્ગખંડમાં પ્રવૃત્તિ આધારિત અમલમાં મુકવામાં આવી હતી.
* **સાધન-સામગ્રી :** કાર્ડસીટ, માર્કર પેન, કલર, ફેવિકોલ, સેલોટેપ
* **સમયગાળો :** જુન ૨૦૨૫ થી આજદિન સુધી ચાલુ.
* **લક્ષ્યજૂથ (લાભાર્થીની સંખ્યા) :** ધોરણ ૬ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓ (અંદાજે ૨૫૬ વિદ્યાર્થીઓ)

## નવતર પ્રયોગનું વર્ણન :

* મારા ઈનોવેશનનું નામ ''કરીએ પ્રવૃત્તિ, શીખીએ ભાષા'' અંતર્ગત ધોરણ ૬ થી ૮ માં ભાષાના વિષયોમાં બાળકો અલગ-અલગ પ્રવિત્તિઓ દ્વારા શીખી શકે. આ પ્રવૃત્તિઓ માં જૂથ કાર્ય, વ્યક્તિગત કાર્ય અને જોડી કાર્ય દ્વારા બાળકોને ભાર વગરનું ભણતર કરી શીખવવાનો એક પ્રયત્ન કરેલ છે. ભાષાના પાઠ્યપુસ્તકોમાં આવતા વિષયવસ્તુને પ્રવૃત્તિઓમાં ઢાળી શૈક્ષણિક કાર્ય કરાવવામાં આવે છે.

## ઈનોવેશન મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ-પ્રયુક્તિ વગેરેની વિગત) :

* ''કરીએ પ્રવૃત્તિ, શીખીએ ભાષા'' ઈનોવેશન અંતર્ગત મૂલ્યાંકન પ્રક્રિયા સંપૂર્ણ પણે પ્રવૃત્તિ આધારિત અને સતત છે, ભાષા શિક્ષણ દરમિયાન લેવાતી જુદી-જુદી પ્રવૃત્તિઓ જેમકે સંવાદ રચના, વાર્તા કથન, ચિત્ર પરથી વાક્ય રચના, વાંચન અભિવ્યક્તિ અને નાટ્યકરણ દ્વારા વિદ્યાર્થીઓની ભાગીદારી, સમજશક્તિ અને ભાષા કૌશલ્યનું મૂલ્યાંકન કરવામાં આવે છે. પ્રવૃત્તિ દરમિયાન શિક્ષક દ્વારા નિરિક્ષણ, વાચિક પ્રતિભાવ, લેખિત કાર્ય અને વર્કશીટના આધારે વાંચન-લેખન બોલવાની અને સાંભળવાની ક્ષમતામાં થયેલી પ્રગતિ જાણી શકાય છે. આ મૂલ્યાંકન પદ્ધતિ ભાષા શિક્ષણને વધુ અસરકારક બનાવે છે.

## ઈનોવેશનનું પરિણામ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

- વર્ગખંડનું વાતાવરણ અસરકારક અને ઉત્સાહી જોવા મળ્યું હતું. આદાન પ્રદાનની પ્રક્રિયા થતી જોવા મળી હતી, વિદ્યાર્થીઓ વર્ગખંડ પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે ભાગ લેતા થયા હતા. વિદ્યાર્થીઓમાં સંકોચ અને ડરનું પ્રમાણ ઘટ્યું હતું.

## ઈનોવેશનની વર્તમાન સ્થિતિ/ વિસ્તૃતિકરણની વિગત :

- આ ઈનોવેશન હાલમાં સક્રિય અને સફળતાપૂર્વક અમલમાં છે.

## ફોટોગ્રાફ કે વિડિઓ લિંક માટેના કયુઆર કોડ/નવતર પ્રયોગની પ્રક્રિયાઓ વિડિઓ :





✲ ઈનોવેટરનું નામ : વનિતાબેન નરોત્તમભાઈ પટેલ
✲ હોદ્દો : મદદનીશ શિક્ષિકા
✲ શાળાનું નામ : શ્રી નવા સવલાસ પ્રાથમિક શાળા
✲ તાલુકો : પાટડી
✲ વિભાગ : ઉચ્ચ પ્રાથમિક
✲ મો. : 8154816466
✲ ક્ષેત્ર : વિષય વસ્તુ પેડાગોજી આધારિત
✲ ઈ-મેઈલ : vanitaben713@gmail.com



## ઈનોવેશન શીર્ષક :

✲ 'ચાલો વ્યાકરણને જીવંત બનાવીએ'

## ઈનોવેશન હાથ ધરવા પાછળનું કારણ/સમસ્યા :

✲ ભાષાના વિષયોમાં બાળકોમાં વ્યાકરણના નિયમો સમજવામાં કઠિનતા, વ્યાકરણનાં નિયમોની જટિલતા, વ્યાકરણ શિક્ષણના અભ્યાસ માટે પૂરતા સમયનો અભાવ, બાળકોમાં વ્યાકરણ શિક્ષણ પ્રત્યે રસ-રૂચિનો અભાવ જેવી અનેક સમસ્યાઓ જોવા મળી હતી.

## હેતુઓ :

✲ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અનુસાર શિક્ષણ અસરકારક અને આનંદદાયી બનાવવું
✲ વ્યાકરણના બંધારણીય ઘટકોની સંકલ્પનાઓ સરળતાથી સમજી શકે
✲ વ્યાકરણના નિયમોની ગોખવાને બદલે રમત અને પ્રવૃત્તિ દ્વારા સરળતાથી સમજ કેળવે
✲ વિદ્યાર્થીઓ પ્રભાવી ઢંગથી અને શુદ્ધરૂપથી લખતા થાય

## ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

✲ બાળકોમાં ભાષાના વિષયોમાં વ્યાકરણ શિક્ષણ સંબંધિત કચાશ અને રસ-રૂચિ ખુબ ઓછી જોવા મળી હતી. આભ્યાસક્રમ આધારિત વ્યાકરણ શિક્ષણની અધ્યયન નિષ્પત્તિઓ આવરી લઈ પ્રશ્નપત્ર તૈયાર કરી બાળકોની લેખિત પૂર્વ પરીક્ષા લીધી હતી. કસોટીના પરીણામો જોતાં ઈનોવેશન પૂર્વે સવલાસ પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ ના ૫૦ વિદ્યાર્થીઓ માંથી ૧૮ વિદ્યાર્થીઓ જ સારૂં પરિણામ મેળવી શકયા હતા.

## ઈનોવેશન માટેની પેડાગોજી/પ્રયુકિત, સાધન-સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

✲ **પેડાગોજી/પ્રયુકિત :** ચર્ચા પ્રયુકિત, રમત પ્રયુકિત, પ્રવૃત્તિ આધારિત શિક્ષણ.
✲ **સાધન-સામગ્રી :** હાર્ડ-બોર્ડ, કાર્ડ-શીટો, પૂંઠાં, સુશોભનની ચીજવસ્તુઓ, સ્ટ્રો, વોટર-કલર, રંગીન કાગળો, મૂર્ત વસ્તુઓ.
✲ **સમયગાળો :** આશરે સાત માસથી શ્રી નવાસવલાસ પ્રાથમિક શાળામાં આ નવતર પ્રયોગ હાથ ધરેલ છે.
✲ **લક્ષ્યજૂથ (લાભાર્થીની સંખ્યા) :** શ્રી નવા સવલાસ પ્રાથમિક શાળામાં ધોરણ ૬ થી ૮ ના ૪૧ બાળકોને આ નવતર પ્રયોગ હેઠળ આવરી લીધા છે.

## નવતર પ્રયોગનું વર્ણન :

✲ હિન્દી અને ગુજરાતી ભાષામાં બાળકોને વ્યાકરણ શિક્ષણમાં સજજ કરવા વ્યાકરણનાં બંધારણીય ઘટકો જેવા કે સંજ્ઞા, સર્વનામ, ક્રિયાપદ, વાકયનાં પ્રકારો, ઉપસર્ગ, કાળ, અવ્યય, સંયોજકો, લિંગ-ભેદ સરળતાથી સમજાવવા ક્રિયાશીલ મૉડેલો તૈયાર કરવામાં આવ્યા. દરેક મૉડેલોમાં દર્શાવેલા ચિત્રો અને વાકયોનું વાંચન-અવલોકન કરી, રમત પ્રયુકિત દ્વારા બાળકો વાકયો ઉઠાવશે અને નવીન વાકયોની સ્ટીકો જે તે પ્રકારોમાં ગોઠવશે. જેથી નવીન મૉડેલ તૈયાર કરી શકાય. વિદ્યાર્થીઓ કાર્યશીલ મૉડેલનું અવલોકન કરી પ્રવૃત્તિ દ્વારા વ્યાકરણ શિક્ષણ સરળતાથી શીખી શકયા છે.

## ઈનોવેશન મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ-પ્રયુક્તિ વગેરેની વિગત) :

- આ નવતર પ્રયોગની અસરકારકતા ચકાસવા અભ્યાસક્રમ આધારિત વ્યાકરણ શિક્ષણની કેટલીક અધ્યયન નિષ્પત્તિઓ આવરી લઈ પ્રશ્નપત્ર તૈયાર કર્યું. તેમજ ધોરણ ૬ થી ૮ ના ૪૧ બાળકોની લેખિત ઉત્તર પરીક્ષા લઈ બાળકોનું સંખ્યાત્મક મૂલ્યાંકન કર્યું. મેળવેલ પરિણામોના આધારે ગુણ સ્લીપ તૈયાર કરી ટકાવારી સ્વરૂપે ગ્રાફ તૈયાર કર્યો.

## ઈનોવેશનનું પરિણામ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

- આ નવતર પ્રયોગના અમલીકરણ બાદ, પ્રયોગની સફળતા ચકાસવા બાળકોની લેખિત મૂલ્યાંકન ટેસ્ટ લીધી. જેમાં શ્રી નવા સવલાસ પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ નાં વિદ્યાર્થીઓમાંથી ૯૫% વિદ્યાર્થીઓ સારૂ પરિણામ મેળવી શકયા છે. બાળકોએ મેળવેલી સિદ્ધિનું ટકાવારી અને ગ્રાફ દ્વારા સંખ્યાત્મક મૂલ્યાંકન કર્યું. વ્યાકરણ શિક્ષણની અધ્યયન નિષ્પતિઓમાં વિદ્યાર્થીઓ ૯૫% સુધી સિદ્ધિ પ્રાપ્ત કરી શકયા છે.

## ઈનોવેશનની વર્તમાન સ્થિતિ/ વિસ્તૃતિકરણની વિગત :

- બાળકો આ નવતરપ્રયોગના અમલીકરણથી વ્યાકરણ શિક્ષણ ખૂબ સરળતાથી સમજી શકયા છે. ભાષાકીય બંધારણીય ઘટકોની પરિભાષાઓ સરળતાથી સમજતા થયા છે. વિદ્યાર્થીઓ ભાષાના વિષયોમાં વ્યાકરણ શિક્ષણમાં વધારે રસ-રૂચિ ધરાવી વિશેષ ધ્યાન આપવા લાગ્યા છે. આ નવતરપ્રયોગનાં વિસ્તૃતિકરણ સ્વરૂપે હું અભ્યાસક્રમ આધારિત વ્યાકરણના અન્ય મુદ્દાઓનો સમાવેશ કરી ભવિષ્યમાં આ નવતર પ્રયોગને વધારે અસરકારક બનાવીશ, તેમજ શાળાના મહત્તમ બાળકો ભાષાકીય સજજતા કેળવે તેવા પ્રયત્નો ચાલુ રાખીશ.

## ફોટોગ્રાફ કે વિડિઓ લિંક માટેના કયુઆર કોડ/નવતર પ્રયોગની પ્રક્રિયાઓ વિડિઓ :







- **ઈનોવેટરનું નામ :** માઢક મનિષાબેન નટવરલાલ
- **શાળાનું નામ :** શ્રી નાની મોલડી પ્રાથમિક શાળા
- **વિભાગ :** ઉચ્ચ પ્રાથમિક
- **ક્ષેત્ર :** વિષયવસ્તુ પેડાગોજી આધારિત
- **હોદ્દો :** મદદનીશ શિક્ષિકા
- **તાલુકો :** ચોટીલા
- **મો. :** 9925996046
- **ઈ-મેઈલ :** madhakmanisha3@gmail.com



## ઈનોવેશન શીર્ષક :

- बाल संस्कृत खेलमाला

## ઈનોવેશન હાથ ધરવા પાછળનું કારણ/સમસ્યા :

- ધોરણ-૬ માં સંસ્કૃત વિષય નવો હોવાથી બાળકોને શુદ્ધ ઉચ્ચારણમાં તકલીફ પડતી હતી. મૌખિક પ્રશ્નોના જવાબો આપી શકતા ન હતા. નવા વિષયને કારણે વાંચનમાં મુશ્કેલી જોવા મળતી હતી. એકમો સરળતાથી સમજી શકતા ન હતા.

## હેતુઓ :

- સંસ્કૃત ભાષાની શિક્ષણ પ્રક્રિયા સરળ અને વધુ આનંદદાયી બને
- NEP 2020 અનુસાર રમત, અનુભવ, રચનાવાદી સમગ્ર વિકાસત્મક શિક્ષણ મળે અને વર્ગના તમામ બાળકો સક્રિયતાથી ભાગીદાર બને

## ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

- ધોરણ-૬ માં સંસ્કૃત વિષય નવો આવવાના કારણે બાળકોમાં ઉત્સાહ જોવા મળતો નહીં, સંસ્કૃત સમજી નહીં શકવાના કારણે મૌખિક પ્રશ્નોના જવાબો આપી શકતા ન હતા. અસરકારક શિક્ષણપ્રક્રિયા જોવા મળતી નહીં સંસ્કૃતના શબ્દો, વાક્યો, બોલવા તથા વાંચનમાં મુશ્કેલી જોવા મળતી હતી, જેના કારણે બાળકો સંકોચ અનુભવતા હતા.

## ઈનોવેશન માટેની પેડાગોજી/પ્રયુક્તિ, સાધન-સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

- **પેડાગોજી/પ્રયુક્તિ :** રમતો, મૌખિક પ્રશ્નોત્તરી, જૂથચર્ચા અને પ્રવૃત્તિઓ
- **સાધન-સામગ્રી :** પૂંઠાં, રંગીન કાગળો, સેલોટેપ, સ્કેચપેન, કાતર, ગુંદર વગેરે
- **સમયગાળો :** જૂન ૨૦૨૪ થી કાર્યરત
- **લક્ષ્યજૂથ (લાભાર્થીની સંખ્યા) :** ૧૯

## નવતર પ્રયોગનું વર્ણન :

- ધોરણ-૬માં આવતા અમુક એકમોમાં વિવિધ રમતો દ્વારા તથા વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને રમતાં-રમતાં સંસ્કૃત શીખવવાથી તે બાળકોને વિષય અઘરો લાગતો નથી તથા એકમ પણ સરળતાથી શીખી જાય છે. સરળ પરથી કઠીન પર જઈ કાર્ય કરી શકે છે. આમ, બાળક સંકોચ વગર ઉત્સાહથી પૂંઠાંના બનાવેલ શબ્દો, વાક્યો, અંક તથા શરીરના અંગોના ચિત્ર-કાર્ડનો ઉપયોગ કરી રમતાં-રમતાં એકમ શીખી જાય છે. મૌખિક પ્રશ્નોના જવાબો સરળતાથી આપી શકે છે.

## ઈનોવેશન મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ-પ્રયુક્તિ વગેરેની વિગત) :

- રમત અને પ્રવૃત્તિઓ દ્વારા તથા મૌખિક પ્રશ્નોના જવાબ દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું.

## ઈનોવેશનનું પરિણામ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

| વર્ષ | ધોરણ | સંખ્યા | પરિણામ સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|---|
| ૨૦૨૪ | ૬ | ૧૯ | ૧૫ | ૭૮% |
| ૨૦૨૫ | ૬ | ૧૯ | ૧૨ | ૬૩% |

## ઈનોવેશનની વર્તમાન સ્થિતિ/ વિસ્તૃતિકરણની વિગત :

* હાલમાં આ ઈનોવેશન કાર્યરત છે.

## ફોટોગ્રાફ કે વિડિઓ લિંક માટેના ક્યુઆર કોડ/નવતર પ્રયોગની પ્રક્રિયાઓ વિડિઓ :





* **ઈનોવેટરનું નામ :** મીનાબેન એ. સરીયા
* **શાળાનું નામ :** શ્રી પીએમશ્રી દેવસર પ્રાથમિક શાળા
* **વિભાગ :** ઉચ્ચ પ્રાથમિક
* **ક્ષેત્ર :** વિષય વસ્તુ પેડાગોજી આધારિત
* **હોદ્દો :** મદદનીશ શિક્ષિકા
* **તાલુકો :** ચોટીલા
* **મો. :** 8511306323
* **ઈ-મેઈલ :** meenasariya351@gmail.com




## ઈનોવેશન શીર્ષક :

* ભાષા સજજતાની રમતો

## ઈનોવેશન હાથ ધરવા પાછળનું કારણ/સમસ્યા :

* શાળામાં ધોરણ ૬ થી ૮ ના બાળકો ભાષા સજજતાના મુદ્દા શીખવામાં રસ ધરાવતા નથી તેમજ વ્યાખ્યાન પદ્ધતિ કંટાળા જનક લાગે છે. બાળકોને ભાષા સજજતાના મુદ્દા અંતર્ગત પુછાયેલા પ્રશ્નોના જવાબો આવડતા નથી.

## હેતુઓ :

* SDG-4 ના ઉદ્દશય મુજબ 'સર્વસમાવેશક અને ન્યાયી ગુણવત્તાવાળું' શિક્ષણ સુનિશ્ચિત થાય
* ભાષા સજજતાની શિક્ષણપ્રક્રિયા વધુ આનંદદાયી અને અસરકારક બને
* NEP-2020 અનુસાર રમત, અનુભવ, રચનાવાદી સમગ્ર વિકાસત્મક શિક્ષણ મળે અને વર્ગના તમામ બાળકો સક્રિયતાથી ભાગીદાર બને
* વર્ગના તમામ સ્તરના બાળકો રમતમાં સામેલ થાય

## ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

* ભાષા સજજતાની રમતો પહેલાં તમામ બાળકોને સંજ્ઞા, સર્વનામ, વિશેષણ, ક્રિયા વિશેષણ જેવા ભાષા સજજતાના અન્ય મુદ્દાઓ શીખવામાં રસ ધરાવતા ન હતા. પરંપરાગત કથન પદ્ધતિમાં બાળકોને કંટાળો આવતો હતો.

## ઈનોવેશન માટેની પેડાગોજી/પ્રયુક્તિ, સાધન-સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

* **પેડાગોજી/પ્રયુક્તિ :** નિદર્શન પ્રયુક્તિ, રમત પ્રયુક્તિ
* **સાધન-સામગ્રી :** કાર્ડસ્, નાની ચબરખીઓ, વાકય પટ્ટીઓ, ખંજરી, ફલેશકાર્ડસ્
* **સમયગાળો :** નવેમ્બર ૨૦૨૩ થી કાર્યરત
* **લક્ષ્યજૂથ (લાભાર્થીની સંખ્યા) :** ધોરણ ૬ થી ૮ ના બાળકો

## નવતર પ્રયોગનું વર્ણન :

* મારા નવતર પ્રયોગમાં બાળકોના રમતના ઉત્સાહને ધ્યાનમાં રાખીને ભાષા સજજતાના તમામ મુદ્દાઓને રમત સાથે સાંકળી શીખવવામાં આવ્યા. રમતનું નામ પડતાજ બાળકો હરખાઈ જાય છે. આ વિવિધ રમતો જેવી કે : સંજ્ઞાશોધ, ક્રિયાની કારીગરી, શબ્દકોશસરિતા, જોડકાં, શબ્દશોધ, વિશેષણની રમતો, અલગારી અલંકારી, ક્રિયા વિશેષણની ક્રિયાઓ વગેરે રમાડીને બાળકોને આનંદ અને ગમ્મત તેમજ હરીફાઈ સાથે રમાડવામાં આવી. વર્ગના પ્રિય બાળકો પણ આ રમતોમાં સહભાગી બને છે.

## ઈનોવેશન મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ-પ્રયુક્તિ વગેરેની વિગત) :

* વિવિધ રમતોમાં હારજીત દ્વારા મૂલ્યાંકન થતું જ હોય છે. યુનિટ ટેસ્ટ દ્વારા મૂલ્યાંકન કરવામાં આવે છે. મૌખિક પ્રશ્નોતરી દ્વારા મૂલ્યાંકન કરવામાં આવે છે.

## ઈનોવેશનનું પરિણામ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

| ધોરણ | સંખ્યા | પરિણામ સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૬ | ૩૮ | ૩૦ | ૭૮.૯૪% |
| ૭ | ૩૫ | ૨૮ | ૮૦.૦૦% |
| ૮ | ૩૦ | ૨૫ | ૮૩.૩૩% |

## ઈનોવેશનની વર્તમાન સ્થિતિ/ વિસ્તૃતિકરણની વિગત :

* હાલમાં આ ઈનોવેશન કાર્યરત છે. બાળકોમાં સંકલ્પનાત્મક સ્પષ્ટતા અને હકારાત્મક અભિગમ જોવા મળે છે.

## ફોટોગ્રાફ કે વીડિઓ લિંક માટેના કયુઆર કોડ/નવતર પ્રયોગની પ્રક્રિયાઓ વીડિઓ :






✻ ઈનોવેટરનું નામ : નદીમખાન વાહીદખાન પઠાણ ✻ હોદ્દો : મદદનીશ શિક્ષક
✻ શાળાનું નામ : શ્રી ફૂલવાડી પ્રાથમિક શાળા ✻ તાલુકો : લીંબડી
✻ વિભાગ : પ્રાથમિક ✻ મો. : 9737476723
✻ ક્ષેત્ર : સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા સર્વાંગી વિકાસ ✻ ઈ-મેઈલ : kingofrivers0612@gmail.com



## ઈનોવેશન શીર્ષક :

✻ બાળ સર્જન : ‘‘નવી દિશા - નવી પહેલ’’

## ઈનોવેશન હાથ ધરવા પાછળનું કારણ/સમસ્યા :

✻ શાળાના ઘણાં બાળકોમાં શાળા કક્ષાએ યોજાતી વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનો આત્મવિશ્વાસ ખૂબ જ નહિવત હતો. તેઓ સ્ટેજ પર બોલવાથી, જવાબ આપવા અથવા પોતાની કાબિલિયત બતાવવાથી શરમ-સંકોચ અનુભવતા હતા. બાળકોને પોતાની ક્ષમતા ઉપર વિશ્વાસ આવે, તેઓ આગળ આવીને ભાગ લેતા થાય અને નવી બાબતો શીખવા માટે પ્રેરાય એ માટે પ્રસ્તુત ઈનોવેશન હાથ ધરવામાં આવ્યું હતું.

## હેતુઓ :

✻ શાળાના દરેક બાળકો શાળાકીય પ્રવૃત્તિઓમાં આત્મસભરતાપૂર્વક પોતાની હિસ્સેદારી નોંધાવતા થાય

## ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

✻ સ્પર્ધામાં ભાગ લેવા માટેની અનિચ્છા, આત્મવિશ્વાસની કમી, સ્ટેજ ફિયર, નિષ્ફળ જવાનો ડર, પોતાની પ્રતિભા મુજબ વ્યકત ન થઈ શકવાની સ્થિતિ.

## ઈનોવેશન માટેની પેડાગોજી/પ્રયુકિત, સાધન-સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

✻ **પેડાગોજી/પ્રયુક્તિ :** રમત-ગમત, વિવિધ સ્પર્ધાઓ અને વિજ્ઞાન મેળો.
✻ **સાધન-સામગ્રી :** વિજ્ઞાન મૉડેલ, રમત સામગ્રી, ચિત્રો વગેરે
✻ **સમયગાળો :** સપ્ટેમ્બર ૨૦૨૪ થી કાર્યરત
✻ **લક્ષ્યજૂથ (લાભાર્થીની સંખ્યા) :** બાલવાટિકા ૧ અને ૨, ૩ થી ૫, ૬ થી ૮ (૧૧૧ બાળકો)

## નવતર પ્રયોગનું વર્ણન :

✻ બાળકોમાં રહેલો સ્પર્ધાનો ડર દૂર કરવા માટે રમત-ગમત, વિવિધ શૈક્ષણિક સ્પર્ધાઓ અને વિજ્ઞાન મેળાઓને શૈક્ષણિક પ્રક્રિયાઓના ભાગ બનાવવામાં આવ્યો. શરૂઆતમાં બાળકોના નાના જૂથોમાં સરળ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી. ત્યારબાદ ધીમે-ધીમે તેમને સ્ટેજ પર રજૂઆત, મૉડલ પ્રદર્શન અને સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા સતત માર્ગદર્શન પ્રશંસા અને સહકાર દ્વારા બાળકોમાં આત્મવિશ્વાસ કેળવવામાં આવ્યો અને તેઓ ઉત્સાહપૂર્વક વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેતા થયા.

## ઈનોવેશન મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ-પ્રયુકિત વગેરેની વિગત) :

✻ અમારા આચાર્ય અને શિક્ષકો દ્વારા બાળકો સાથે જુથચર્ચા કરી તેમને અનુભવાતી સમસ્યાઓ બાબતે માહિતી મેળવવામાં આવી. બાળકોની ભાગીદારી આત્મવિશ્વાસ અને રજૂઆતમાં આવેલા સકારાત્મક ફેરફારના આધારે અવલોકાત્મક મૂલ્યાંકન કરવામાં આવ્યું.

## ઈનોવેશનનું પરિણામ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

✻ અમારી શાળાનાં બાળકોએ કલસ્ટર કક્ષાએ, તાલુકા કક્ષાએ, જિલ્લા કક્ષાએ, ઝોન કક્ષાએ અને રાજ્ય સુધી નંબર મેળવ્યા.

## ઈનોવેશનની વર્તમાન સ્થિતિ/ વિસ્તૃતિકરણની વિગત :

✻ હાલમાં બાળકો આત્મવિશ્વાસ સાથે વિવિધ સ્પર્ધાઓમાં સક્રિય રીતે ભાગ લઈ રહ્યા છે અને તમામ ધોરણોમાં અને અન્ય શાળાઓ સુધી વિસ્તૃત કરવાની યોજના છે.

* **ઈનોવેટરનું નામ :** જયંતકુમાર મોતીભાઈ મકવાણા
* **શાળાનું નામ :** શ્રી ઝમર પ્રાથમિક શાળા
* **વિભાગ :** પ્રાથમિક
* **ક્ષેત્ર :** પર્યાવરણ જાગૃતિ
* **હોદ્દો :** આ. શિક્ષક
* **તાલુકો :** લખતર
* **મો. :** 7802842539
* **ઈ-મેઈલ :** khims2185@gmail.com



## ઈનોવેશન શીર્ષક :

* NEP-2020 નાં સંદર્ભે પ્લાસ્ટિક મુક્ત અભિગમ

## ઈનોવેશન હાથ ધરવા પાછળનું કારણ/સમસ્યા :

* શાળામાં ચોકલેટ, બિસ્કીટ, વેફર્સ અને સંજીવની દૂધની ખાલી બેગ વગેરે વસ્તુઓના નકામા પ્લાસ્ટિક અઢળક ભેગા થતાં હતાં. તે પ્લાસ્ટિક ગટરમાં, સેનીટેશનમાં અને જમીનમાં ભળીને ગંદકી તથા પ્રદૂષણ ફેલાવતા હતા.

## હેતુઓ :

* પ્લાસ્ટિકના ઉપયોગથી સર્જાતી સમસ્યા અંગે જાગૃતતા લાવવી
* પ્લાસ્ટિકના કચરામાંથી શૈક્ષણિક મૉડેલ્સ તૈયાર કરવા

## ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

* શાળાનાં મેદાનમાં આશરે ૨૦૦ સંજીવની દૂધની ખાલી બેગ જયાં-ત્યાં જોવા મળતી હતી.
* ચોકલેટ અને બિસ્કીટના કાગળ મેદાનમાં ઉડતાં હતાં તેથી ગંદકી જોવા મળતી હતી.
* વારંવાર સેનીટેશનમાં ગટર ઉભરાતી હતી અને પાણી ભરાતું હતું.
* સેનીટેશનમાં અને પ્રાંગણમાં પાણીનો નિકાલ વારંવાર અટકી જતો હતો.

## ઈનોવેશન માટેની પેડાગોજી/પ્રયુક્તિ, સાધન-સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

* **પેડાગોજી/પ્રયુક્તિ :** પ્રશ્નોતરી, જૂથ ચર્ચા, પ્રોજેક્ટ અને નાટક
* **સાધન-સામગ્રી :** ફેકી દીધેલી ખાલી નકામી પ્લાસ્ટિકની બોટલ્સ
* **સમયગાળો :** ૨૦૨૪ થી કાર્યરત
* **લક્ષ્યજૂથ (લાભાર્થીની સંખ્યા) :** ધોરણ ૩ થી ૮ ના બાળકો (કુલ ૨૧૨)

## નવતર પ્રયોગનું વર્ણન :

* આ સમસ્યા ઉકેલવા બાળકનાં જન્મદિવસે ચોકલેટની જગ્યાએ ચીકી, ફળો, શીંગ, દાળિયા વહેંચ્યા.
* દૂધની ખાલી બેગને બોટલ્સમાં એકઠી કરી.
* ચોકલેટ, બિસ્કીટ અને વેફર્સનાં કાગળને બોટલ્સમાં ભરી એકઠાં કર્યા.
* ભરેલા બોટલ્સથી વૃક્ષોનાં કયારા બનાવ્યાં.
* અન્ય બોટલ્સ રીસાયકલીંગમાં આપવાથી મળતી રકમમાંથી બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા.

## ઈનોવેશન મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ-પ્રયુક્તિ વગેરેની વિગત) :

* સૌ પ્રથમ શાળામાં એક લસ્ટ તૈયાર કર્યું.
* પ્લાસ્ટિકથી થતા નુકસાન વિશે માહિતી આપી.
* બાળકો અને વાલીઓ સાથે આ સમસ્યા બાબતે સંવાદ કરવામાં આવ્યો.

## ઈનોવેશનનું પરિણામ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :




## ઈનોવેશનની વર્તમાન સ્થિતિ/ વિસ્તૃતિકરણની વિગત :

- પ્લાસ્ટિકના કાગળો ક્યાંય જોવા મળતાં નથી.
- દૂધની ખાલી થેલી બોટલ્સમાં ભરાય છે.
- બાળકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ આવી છે.
- શાળા થકી ગામનાં વાલીઓ પણ સહભાગી બન્યા છે.
- 'નિપૂણ ભારત' અંતર્ગત બાળકોનાં સર્વાંગીણ વિકાસ માટેનાં ધ્યેયો સિદ્ધ થયાં છે.

## ફોટોગ્રાફ કે વીડિઓ લિંક માટેના કયુઆર કોડ/નવતર પ્રયોગની પ્રક્રિયાઓ વીડિઓ :








- **ઈનોવેટરનું નામ :** રાજદીપસિંહ એન. જાડેજા
- **શાળાનું નામ :** શ્રી બાળા પ્રાથમિક શાળા
- **વિભાગ :** પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક
- **ક્ષેત્ર :** પર્યાવરણ જાગૃતિ
- **હોદ્દો :** મદદનીશ શિક્ષક
- **તાલુકો :** વઢવાણ
- **મો. :** 9925011694
- **ઈ-મેઈલ :** rnjadeja10983@gmail.com




## ઈનોવેશન શીર્ષક :

- Wildlife Photography as a Tool for Nature Education

## ઈનોવેશન હાથ ધરવા પાછળનું કારણ/સમસ્યા :

- બાળકો અને યુવાનોમાં પ્રકૃતિથી વધતી દૂરી.
- પર્યાવરણ સંકટ અંગે જાગૃતિનો અભાવ.
- અનુભૂતિ આધારિત શિક્ષણની જરૂર.
- ભવિષ્યની પેઢી માટે જવાબદેહીતા.
- પરંપરાગત શિક્ષણની મર્યાદા.
- સંરક્ષણ માટે ભાવાત્મક જોડાણની આવશ્યકતા.
- સ્થાનિક જૈવ વૈવિધ્ય માટે અજ્ઞાનતા.

## હેતુઓ :

- વિદ્યાર્થીઓ કુદરત સાથે ભાવનાત્મક જોડાણ બનાવે
- શિક્ષણને અનુભૂતિપૂર્ણ અને રસપ્રદ બનાવવું
- સંરક્ષણ માટે જવાબદાર નાગરિક તૈયાર કરવો

## ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

- પરંપરાગત શિક્ષણ પદ્ધતિઓની મર્યાદાના લીધે વિદ્યાર્થીઓમાં પ્રકૃતિ, વન્યજીવો અને પક્ષીઓમાં ઓછો રસ અને જાણકારી.

## ઈનોવેશન માટેની પેડાગોજી/પ્રયુક્તિ, સાધન-સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

- **પેડાગોજી/પ્રયુક્તિ :** Wildlife Photography, Bird Watching, Nature Education Camps
- **સાધન-સામગ્રી :** કેમેરા, બાઈનુકયુલર
- **સમયગાળો :** ૨૦૧૦ થી ૨૦૧૬ (ચાલુ)
- **લક્ષ્યજૂથ (લાભાર્થીની સંખ્યા) :** પ્રાથમિક/ ઉચ્ચ પ્રાથમિક/માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ

## નવતર પ્રયોગનું વર્ણન :

- Wildlife Photography as a learning tool.
- Field based learning.
- Knowledge about local bio diversity.
- Story - telling through photographs.
- Inquiry based learning
- positive use of Technology
- Ethics & conservation values
- Reflection & Discussion

## ઈનોવેશન મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ-પ્રયુક્તિ વગેરેની વિગત) :

- શીખવાની સમજનું મૂલ્યાંકન.
- રસ અને જોડાણનું મૂલ્યાંકન.
- અનુભવ આધારિત શિક્ષણની અસરનું મૂલ્યાંકન.
- Conservation Attitude નું મૂલ્યાંકન.
- સર્જનાત્મક અને અભિવ્યકિતનું મૂલ્યાંકન.
- ભાગીદારીનું મૂલ્યાંકન.
- Before after comparison.


## ઈનોવેશનનું પરિણામ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

- પ્રકૃતિ શિક્ષણ વધારે અસરકારક બન્યું.
- વિદ્યાર્થીઓમાં કુદરત પ્રત્યે રસ વધ્યો.
- સ્થાનિક જૈવ-વૈવિધ્યની સમજમાં વધારો થયો.
- સંરક્ષણની ભાવના મજબુત બની.
- સર્જનાત્મક અને આત્મવિશ્વાસમાં વધારો.
- સામાજિક અને નૈતિક મૂલ્યો કેળવી શકાયા.
- ભવિષ્યમુખી અસર - જવાબદાર નાગરિક, પર્યાવરણ અને સંરક્ષણ પ્રત્યે જાગૃત અને સક્રિય થયા.

## ઈનોવેશનની વર્તમાન સ્થિતિ/ વિસ્તૃતિકરણની વિગત :


- વધુમાં વધુ વિદ્યાર્થીઓ અને યુવાનો પ્રકૃતિ, વન્યજીવો અને પક્ષીઓ પ્રત્યે જાગૃત બને, કુદરત પ્રત્યે સન્માન કેળવે અને સંરક્ષણ માટે સક્રિય બને.


## ફોટોગ્રાફ કે વિડિઓ લિંક માટેના ક્યુઆર કોડ/નવતર પ્રયોગની પ્રક્રિયાઓ વિડિઓ :









* **ઈનોવેટરનું નામ :** ગિરીશકુમાર ઝવેરભાઈ રાઠોડ
* **શાળાનું નામ :** જુના જસાપર પ્રાથમિક શાળા
* **વિભાગ :** ઉચ્ચ પ્રાથમિક
* **ક્ષેત્ર :** વિષય વસ્તુ પેડાગોજી આધારિત
* **હોદ્દો :** મદદનીશ શિક્ષક
* **તાલુકો :** સાયલા
* **મો. :** 9723188531
* **ઈ-મેઈલ :** gjrathod83@gmail.com



## ઈનોવેશન શીર્ષક :

* LET'S LEARN

## ઈનોવેશન હાથ ધરવા પાછળનું કારણ/સમસ્યા :

* અંગ્રેજી વિષયમાં વાક્ય લેખન કુશળતાનો અભાવ જોવા મળતો હતો.
  વિદ્યાર્થીઓ વાક્ય લેખનમાં ખૂબ જ ભૂલો કરતા હતાં.

## હેતુઓ :

* વિદ્યાર્થીઓ સાદા સરળ વાક્ય બનાવતાં શીખે
* વિદ્યાર્થીઓના શબ્દભંડોળમાં વધારો કરવો
* વિદ્યાર્થીઓ ચિત્ર વર્ણનના વાક્યમાં નામયોગી અવયવ (Preposition) નો ઉપયોગ કરતા શીખે

## ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

* શાળામાં ધોરણ ૭ અને ૮ ના વિદ્યાર્થીઓમાં અંગ્રેજી વિષયમાં વાક્ય લેખન કુશળતાનો અભાવ જોવા મળતો હતો. વિદ્યાર્થીઓ વાક્ય લેખનમાં ખૂબજ ભૂલો કરતા હતાં. વાક્ય લેખન અંગે માર્ગદર્શન ન હોવાથી યોગ્ય રીતે વાક્ય લેખન કરતા ન હતાં. શરૂઆતમાં ધોરણ ૭ અને ૮ માં ૭૮% જેટલા વિદ્યાર્થીઓ યોગ્ય રીતે વાક્ય લેખન કરતા ન હતા.

## ઈનોવેશન માટેની પેડાગોજી/પ્રયુક્તિ, સાધન-સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

* **પેડાગોજી/પ્રયુક્તિ :** અંગ્રેજી વર્કીંગ મૉડલ
* **સાધન-સામગ્રી :** શબ્દ કાર્ડ, વાક્ય કાર્ડ, વર્કિંગ મૉડલ
* **સમયગાળો :** ડિસેમ્બર ૨૦૨૩ થી કાર્યરત
* **લક્ષ્યજૂથ (લાભાર્થીની સંખ્યા) :** ધોરણ ૬ થી ૮ (વિદ્યાર્થીઓની સંખ્યા ૨૫૬)

## નવતર પ્રયોગનું વર્ણન :

* આ નવતર પ્રયોગની શરૂઆત ડિસેમ્બર ૨૦૨૩ થી કરવામાં આવી, અંગ્રેજી વિષયના વિવિધ વર્કિંગ મૉડલ દ્વારા વિદ્યાર્થીઓ વિવિધ મુદ્દાનો સરળતાથી અભ્યાસ કરે, તેવું આયોજન કર્યું. અંગ્રેજી વિષયના તાસ તેમજ અન્ય પ્રોક્સી તાસના સમયે વિદ્યાર્થીઓને વિવિધ વર્કિંગ મૉડલ આપીને માર્ગદર્શકની ભૂમિકામાં રહી વાક્યનું બંધારણ, Preposition વાક્ય કેવી રીતે બનાવવું, તે શીખવવાનું શરૂ કર્યું. વિદ્યાર્થીઓ જાતે વાક્ય બનાવે અને લેખન કરે તે માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું.

## ઈનોવેશન મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ-પ્રયુક્તિ વગેરેની વિગત) :

* વર્ગમાં વિદ્યાર્થીઓ નાના સરળ વાક્યો રજૂ કરે છે.
* અંગ્રેજીના કેટલાંક સરળ શબ્દોનાં કાર્ડ, વાક્ય તેમજ વર્ણનાત્મક વાક્યનું વાંચન તેમજ લેખન કરે છે.

## ઈનોવેશનનું પરિણામ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

- મારી શાળામાં હાલ ધોરણ ૭ અને ૮ માં કુલ ૧૭૮ વિદ્યાર્થીઓ છે. શરૂઆતમાં તેમાંથી ૭૮% જેટલા વિદ્યાર્થીઓના વાંચન તેમજ વર્ણનાત્મક વાક્યો લખવામાં ભૂલો જોવા મળતી તે પૈકી ૩૭% જેટલા વિદ્યાર્થીઓમાં સુધારાત્મક પરિણામ જોવા મળ્યું હતું.

## ઈનોવેશનની વર્તમાન સ્થિતિ/ વિસ્તૃતિકરણની વિગત :

- વર્તમાન સ્થિતિમાં સમયાંતરે અંગ્રેજીના વિવિધ મૉડેલ દ્વારા બાળકો અભ્યાસ કરે છે. શબ્દોનો મહાવરો વધારી ફકરા પર લઈ જઈ શકાશે. ધોરણ ૩ થી ૫ માં પણ અંગ્રેજી વિષયમાં આ તમામ મૉડેલનો ઉપયોગ કરી શકાશે.

## ફોટોગ્રાફ કે વિડિઓ લિંક માટેના કયુઆર કોડ/નવતર પ્રયોગની પ્રક્રિયાઓ વિડિઓ :






* **ઈનોવેટરનું નામ :** દવે પરાગ હસમુખરાય
* **શાળાનું નામ :** ભાણેજડા પ્રાથમિક શાળા
* **વિભાગ :** પ્રાથમિક
* **ક્ષેત્ર :** વિષય વસ્તુ પેડાગોજી આધારિત
* **હોદ્દો :** મદદનીશ શિક્ષક
* **તાલુકો :** ચુડા
* **મો. :** 9537310077
* **ઈ-મેઈલ :** paragdave83@gmail.com



## ઈનોવેશન શીર્ષક :

* English reading a new way to learn

## ઈનોવેશન હાથ ધરવા પાછળનું કારણ/સમસ્યા :

* બાળકોને અંગ્રેજી વાંચનમાં ખૂબ જ મુશ્કેલી પડતી હતી. તેમનામાં અંગ્રેજી ભાષા પ્રત્યેનો ડર જોવા મળતો હતો.

## હેતુઓ :

* દરેક બાળક સર્જક બને, વિચારે અને નિર્ભયતાથી પોતાને વ્યકત કરી અને સરસ રીતે અંગ્રેજીમાં વાંચન કરે

## ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

* અંગ્રેજી વાંચનનો ડર, અંગ્રેજી વાંચન વખતે સ્પેલિંગના ઉચ્ચાર બોલવામાં ખામી, આત્મવિશ્વાસનો અભાવ, અંગ્રેજી વાંચનમાં નિષ્ફળ થવાનો ડર જોવા મળેલ હતો.

## ઈનોવેશન માટેની પેડાગોજી/પ્રયુક્તિ, સાધન-સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

* **પેડાગોજી/પ્રયુક્તિ :** ટેકનોલોજીનો ઉપયોગ
* **સાધન-સામગ્રી :** નોટબુક, પેન, મોબાઈલ, સ્માર્ટ ટી.વી.
* **સમયગાળો :** જૂન ૨૦૨૫ થી જાન્યુઆરી ૨૦૨૬
* **લક્ષ્યજૂથ (લાભાર્થીની સંખ્યા) :** ધોરણ ૩ થી ૫ ના કુલ ૩૬ બાળકો

## નવતર પ્રયોગનું વર્ણન :

* બાળકોને અંગ્રેજી વાંચનમાં ખૂબ જ મુશ્કેલી પડતી હતી. તેમનામાં અંગ્રેજી વાંચનનો ડર જોવા મળતો. તેથી અંગ્રેજીમાં વાંચતા શીખે અને અંગ્રેજી વાંચનનો ડર દૂર થાય તે માટે ખાસ કરીને દરરોજ નવા-નવા સ્પેલિંગ લખાવી તેનો ઉચ્ચાર શીખવી સ્પેલિંગ પાકા કરાવવા તેમજ મોબાઈલ અને સ્માર્ટ ટી.વી માં રમાતી સ્પેલિંગની નવી-નવી એપ્લિકેશનથી શીખવવામાં આવ્યું. નાના-નાના વાકયોનો અંગ્રેજીમાં મહાવરો વાંચીને કરાવવામાં આવ્યો. બોર્ડ પર ફકરાઓ લખી તેનું વાંચન કરાવવામાં આવ્યું.

## ઈનોવેશન મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ-પ્રયુકિત વગેરેની વિગત) :

* રમતાં-રમતાં શીખવવાની આ નવી પદ્ધતિમાં ફલેશ કાર્ડ, ચિત્રકાર્ડ, મોબાઈલ ઉપકરણ, સ્માર્ટ ટી.વી. Play blased અને phonics પ્રવૃત્તિ.


## ઈનોવેશનનું પરિણામ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :


- આ ઈનોવેશનથી ધોરણ-૫ માં કુલ ૧૭ બાળકોમાંથી ૧૫ બાળકો સારૂં વાંચતા થયા. ધોરણ ૪ માં કુલ ૧૭ બાળકોમાંથી ૧૫ બાળકો સારૂં વાંચતા થયા અને ધોરણ-૩ માં કુલ ૨ બાળકોમાંથી ૨ બાળકો સારૂં વાંચતા થયા.


## ઈનોવેશનની વર્તમાન સ્થિતિ/ વિસ્તૃતિકરણની વિગત :

- વિદ્યાર્થીઓમાં સફળતા પૂર્વક અમલમાં મુકાયું છે અને વાંચનની રૂચિમાં સ્પષ્ટ વધારો થયો છે. ભવિષ્યમાં ઈનોવેશન ડિજિટલ ગેમ એપ અને બહુભાષી સામગ્રી સાથે વિસ્તૃત કરી વધુ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાનું આયોજન છે.

## ફોટોગ્રાફ કે વીડિઓ લિંક માટેના કયુઆર કોડ/નવતર પ્રયોગની પ્રક્રિયાઓ વીડિઓ :





* **ઈનોવેટરનું નામ :** પટેલ ભરતભાઈ ઘનશ્યામભાઈ
* **હોદ્દો :** મદદનીશ શિક્ષક
* **શાળાનું નામ :** શ્રીમતી સુ.હ.ગાર્ડી ઉ.બુ.વિદ્યાલય, જસાપર
* **તાલુકો :** મુળી
* **વિભાગ :** ઉચ્ચત્તર માધ્યમિક
* **મો. :** 9925646446
* **ક્ષેત્ર :** શૈક્ષણિક પ્રક્રિયામાં ટેકનોલોજીનો ઉપયોગ
* **ઈ-મેઈલ :** bharatlimbdi@gmail.com




## ઈનોવેશન શીર્ષક :

* Digital Tech for Economics (PPT)

## ઈનોવેશન હાથ ધરવા પાછળનું કારણ/સમસ્યા :

* અર્થશાસ્ત્ર વિષયમાં રસ અને રૂચિ વધારવા.
* અર્થશાસ્ત્ર વિષયનો અભ્યાસક્રમ સમયસર પૂરો કરવા.
* આકૃતિ અને આલેખ દોરતાં સહેલાઈથી શીખી શકે.

## હેતુઓ :

* વિદ્યાર્થીઓ અર્થશાસ્ત્ર વિષય શીખવામાં ટેકનોલોજીનો વિનિયોગ કરે
* ટેકનોલોજીના માધ્યમથી અર્થશાસ્ત્ર ભણી શકે
* અર્થશાસ્ત્ર વિષયનો અભ્યાસક્રમ સમયસર પૂરો કરવો

## ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

* અર્થશાસ્ત્ર વિષયમાં રસ અને રૂચિનો અભાવ.
* અર્થશાસ્ત્ર વિષયનો અભ્યાસક્રમ સમયસર પૂરો કરી શકાતો ન હતો.
* આકૃતિ અને આલેખ દોરવામાં, સમજવામાં અને તેનું અર્થઘટન કરવામાં મુશ્કેલી પડતી હતી.

## ઈનોવેશન માટેની પેડાગોજી/પ્રયુકિત, સાધન-સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

* **પેડાગોજી/પ્રયુકિત :** કથન, પ્રદર્શન, નિદર્શન
* **સાધન-સામગ્રી :** સ્માર્ટ બોર્ડ, લેપટોપ, મોબાઈલ
* **સમયગાળો :** જૂન ૨૦૨૫ થી કાર્યરત
* **લક્ષ્યજૂથ (લાભાર્થીની સંખ્યા) :** ઉચ્ચત્તર માધ્યમિક શળાના ૮૩ વિદ્યાર્થીઓ (ધોરણ ૧૧ અને ૧૨)

## નવતર પ્રયોગનું વર્ણન :

* અર્થશાસ્ત્ર વિષયમાં રસ અને રૂચિ પેદા કરવા, આકૃતિ અને આલેખ શીખડાવવા તેમજ સમયસર અભ્યાસક્રમ પૂરો કરવા માટે ટેકનોલોજી (PPT) નો ઉપયોગ શરૂ કર્યો.

## ઈનોવેશન મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ-પ્રયુકિત વગેરેની વિગત) :

* અર્થશાસ્ત્ર વિષયમાં ટેકનોલોજીના (PPT) નો ઉપયોગ દ્વારા વિદ્યાર્થીઓને આકૃતિ અને આલેખ શીખડાવવા, સમયસર અભ્યાસક્રમ પૂરો કરવા તેમજ રસ અને રૂપિયામાં વધારો થયો.


## ઈનોવેશનનું પરિણામ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :


- ૯૦% વિદ્યાર્થીઓ અર્થશાસ્ત્રને સંબંધિત આપેલી વિગતોને આધારે આકૃતિ અને આલેખ દોરતાં શીખ્યા.
- ૯૫% વિદ્યાર્થીઓને અર્થશાસ્ત્ર વિષય શીખવામાં રસ જાગ્યો.
- અર્થશાસ્ત્રનો અભ્યાસક્રમ સારી રીતે સમયસર પૂરો કરી શકાય છે.


## ઈનોવેશનની વર્તમાન સ્થિતિ/ વિસ્તૃતિકરણની વિગત :


- હાલ ચાલે છે અને આગળ પણ અન્ય વિષયોમાં લાગુ કરીશ.

## ફોટોગ્રાફ કે વીડિઓ લિંક માટેના કયુઆર કોડ/નવતર પ્રયોગની પ્રક્રિયાઓ વીડિઓ :









- **ઈનોવેટરનું નામ :** રાજેશભાઈ બાબુભાઈ જતાપરા
- **શાળાનું નામ :** શ્રી ધજાળા કુમાર પે. સે. શાળા
- **વિભાગ :** ઉચ્ચ પ્રાથમિક
- **ક્ષેત્ર :** વિષય વસ્તુ પેડાગોજી આધારિત
- **હોદ્દો :** મદદનીશ શિક્ષક
- **તાલુકો :** સાયલા
- **મો. :** 8155848248
- **ઈ-મેઈલ :** jataparaRB23789@gmail.com




## ઈનોવેશન શીર્ષક :

- ''મારૂ વ્યાકરણ, મારી શક્તિ''

## ઈનોવેશન હાથ ધરવા પાછળનું કારણ/સમસ્યા :

- વિદ્યાર્થીઓ ભાષા પ્રત્યે અરૂચિ દાખવતા હતા ત્રિમાસિક કસોટી, સત્રાંત લેવાતી પરીક્ષામાં વ્યાકરણની ભૂલો વધુ પ્રમાણમાં થતી જોવા મળી હતી.

## હેતુઓ :

- ''મારૂ વ્યાકરણ, મારી શક્તિ'' પ્રવૃત્તિ દ્વારા ભાષા પરત્વે રસ-રુચિ કેળવવી.
- ''મારૂ વ્યાકરણ, મારી શક્તિ''પ્રવૃત્તિ દ્વારા ભાષા શિક્ષણને આનંદદાયી અને અસરકારક બનાવવું.

## ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

- પ્રવર્તમાન અધ્યયન સંકટની ગંભીરતાને કારણે વિદ્યાર્થીઓ મૂળભૂત અક્ષરજ્ઞાન તેમજ માતૃભાષા વ્યાકરણ પ્રત્યે અરૂચિ ધરાવતા હતા. તેમજ કસોટી અને પરીક્ષામાં વ્યાકરણ પ્રશ્નોના પુરા ગુણ મેળવી શકતા ન હતા.

## ઈનોવેશન માટેની પેડાગોજી/પ્રયુક્તિ, સાધન-સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

- **પેડાગોજી/પ્રયુક્તિ :** વાંચન, પ્રદર્શન, પ્રવૃત્તિ આધારિત.
- **સાધન-સામગ્રી :** કાગળ, કલર, કાર્ડશીટ, પુઠા, વેસ્ટ મટીરીયલ્સ.
- **સમયગાળો :** જુલાઈ ૨૦૨૫ થી જાન્યુઆરી ૨૦૨૬
- **લક્ષ્યજૂથ (લાભાર્થીની સંખ્યા) :** ૩૦ (ધોરણ ૬ થી ૮)

## નવતર પ્રયોગનું વર્ણન :

- આજનાં યુગમાં ભાષાઓ માત્ર સંવાદનું માધ્યમ નથી. વિચાર વ્યકત કરવાની સૌથી શક્તિશાળી સાધન ભાષા છે. પરંતુ જ્યારે ભાષા પર પકડ ન હોય ત્યારે વિચારો પણ સ્પષ્ટ સ્ફૂર્તા નથી. વ્યાકરણ એક કઠિન સુક્ષ્મ નિયમો ભરેલો વિષય બની ગયો છે. આ પરિસ્થિતિ બદલવી એ જ આ પ્રયોગ પાછળનો મુખ્ય ઉદેશ છે.

- મારી શાળામાં બાળકોને ગુજરાતી વ્યાકરણ વિષય કઠિન અને નિયમ આધારીત લાગતો હતો. પરિણામે તેઓ ભાષા બોલવામાં અને લખવામાં પોતાનો આત્મવિશ્વાસ ગુમાવતા હતા. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને વ્યાકરણ રમુજી, પ્રયોગાત્મક અને આકર્ષક રીતે રજુ કરવાની જરૂરીયાત અનુભવાઈ

- આ પ્રવૃત્તિ અંતર્ગત વર્ગમાં બાળકોને કર્તા+કર્મ+ક્રિયાપદ સાથેના કાર્ડ આપવામાં આવે છે. જે જૂથ ઝડપથી સાચી વાકય રચના જોડે તે વિજેતા બને. આ રીતે રૂઢીપ્રયોગ, સંજ્ઞા, સર્વનામ, વિશેષણ જેવા વિષયનો દૈનિક જીવન સાથે જોડવામાં આવ્યું.

## ઈનોવેશન મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ-પ્રયુકિત વગેરેની વિગત) :

- મૌખિક પ્રશ્નોત્તરી, વર્ગીકરણ, સ્વ. મૂલ્યાંકન વગેરે દ્વારા વિદ્યાર્થીઓનાં આવેલ પરિવર્તનોનું અવલોકન કરી તેની નોંધ કરવામાં આવી.

## ઈનોવેશનનું પરિણામ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

- વિદ્યાર્થીઓના ગુજરાતી વિષયના સંબંધિત જ્ઞાનમાં વધારો થયો હતો. વિદ્યાર્થીઓ સરળતાપૂર્વક વાકયની રચના કરી શકતા હતા. રૂઢિપ્રયોગો, કહેવત, વિશેષણ, ક્રિયા વિશેષણ વગેરેનો ઉપયોગ દૈનિક જીવનમાં થતી વાતચીત દરમિયાન કરતાં થયા હતાં આમ, વિદ્યાર્થીઓનું પ્રત્યાયન કૌશલ્ય અસરકારક થયું હતું.

## ઈનોવેશનની વર્તમાન સ્થિતિ/ વિસ્તૃતિકરણની વિગત :

- વર્તમાન સ્થિતિમાં ગુજરાતી ભાષામાં કાર્યરત છે.

## ફોટોગ્રાફ કે વિડિઓ લિંક માટેના કયુઆર કોડ/નવતર પ્રયોગની પ્રક્રિયાઓ વિડિઓ :

* **ઈનોવેટરનું નામ :** હિતેશકુમાર જગદિશકુમાર ચાવડા
* **હોદ્દો :** મદદનીશ શિક્ષક
* **શાળાનું નામ :** શ્રી જુના જસાપર પિ.એમશ્રી પ્રાથમિક શાળા
* **તાલુકો :** સાયલા
* **વિભાગ :** પ્રાથમિક
* **મો. :** 8347984336
* **ક્ષેત્ર :** અભ્યાસક્રમ આધારિત મૂલ્ય શિક્ષણ
* **ઈ-મેઈલ :** hjchavda2583@gmail.com




## ઈનોવેશન શીર્ષક :

* જુના જસાપર રેડિયો સ્ટેશન

## ઈનોવેશન હાથ ધરવા પાછળનું કારણ/સમસ્યા :

* વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસનો અભાવ અને વિદ્યાર્થીઓમાં ભાષા અને સંવાદ ક્ષમતા નબળી જોવા મળતી હતી.

## હેતુઓ :

* સર્જનાત્મક અભિવ્યકિત વિકસાવવી
* સક્રિય ભાગીદારીતા વધારવી

## ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

* વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસનો અભાવ
  વર્ગમાં પૂછપરછ દરમિયાન સરેરાશ ૭૩% વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસનો અભાવ
  વિદ્યાર્થીઓમાં ભાષા અને સંવાદ ક્ષમતા નબળી જોવા મળતી હતી.

## ઈનોવેશન માટેની પેડાગોજી/પ્રયુકિત, સાધન-સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

* **પેડાગોજી/પ્રયુકિત :** પ્રવૃત્તિ આધારિત શિક્ષણ, અનુભવજન્ય શિક્ષણ
* **સાધન-સામગ્રી :** રેડિયો ટ્રાન્સમિશન સર્કિટ
* **સમયગાળો :** ૩ મહિના
* **લક્ષ્યજૂથ (લાભાર્થીની સંખ્યા) :** ધોરણ ૩ થી ૮

## નવતર પ્રયોગનું વર્ણન :

* **વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધે છે :**
  રેડિયો પ્રોગ્રામમાં બોલતી વખતે વિદ્યાર્થીઓ આગળ ઉભા રહીને બોલે છે, જેથી તેમનો આત્મવિશ્વાસ વધે છે.
* **ભાષા અને સંવાદ ક્ષમતામાં સુધારો થાય છે :**
  વિદ્યાર્થીઓને ભાષા કૌશલ્ય અને સંવાદ ક્ષમતા વિકસિત થાય છે.
* **સર્જનાત્મકતા (Creativity) માં વધારો થાય છે :**
  વિદ્યાર્થીઓમાં ગીત, વાર્તા, કવિતા, સમાચાર વગેરે જેવી બાબતો રજુ કરવાની તક મળે છે.
* **ટીમવર્ક અને સહકાર શીખવા મળે છે :**
  પ્રોગ્રામ માટે યોજના બનાવવી, રેકોર્ડિંગ કરવું અને મિલાવીને પ્રસ્તુત કરવું - બધુ ટીમમાં કરવું પડે છે.
* **સમય વ્યવસ્થાપનમાં સુધારો થાય છે :**
  પ્રોગ્રામ તૈયાર કરવા અને સમયસર પ્રસારિત કરવા માટે સમયનું આયોજન શીખવું પડે છે.
* **શાળા સમાચારો અને નોટીસ સળતાથી પહોંચે છે :**
  દરરોજ નિર્દેશિત સમાચાર, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને મહત્વની સૂચનાઓ તમામ વિદ્યાર્થીઓ સુધી ઝડપી અને સ્પષ્ટ પહોંચે છે.

- **ટેકનિકલ જ્ઞાન પ્રાપ્ત થાય છે.**
  માઈક, કોર્ડિંગ, એડિટીંગ અને સળંગતા (broadcasting) વિશે વિદ્યાર્થીઓને ટેકનિકલ અનુભવ મળે છે.
- **સહભાગિતાનો ભાવ વધે છે.**
  વિદ્યાર્થીઓને સ્કૂલ પ્રવૃત્તિઓમાં જોડાવાનો અને ભાગ લેવા પ્રોત્સાહન મળે છે.
- **સાંસ્કૃતિક અને માનસિક વિકાસ.**
  વિદ્યાર્થીઓ કદાચ તેમની સૌંદર્યબોધ, કાવ્યભારતા અને સાંભળવાની ક્ષમતા વિકસાવે છે.
- **મનોરંજન અને શૈક્ષણિક સંયોજન**
  રેડિયો પ્રોગ્રામ માત્ર મનોરંજન જ નહિ પરંતુ શૈક્ષણિક વિષયો પર માર્ગદર્શન આપી શકે છે.

## ઈનોવેશન મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ-પ્રયુક્તિ વગેરેની વિગત) :

- રેડિયો ટ્રાન્શમિશન સર્કિટ

## ઈનોવેશનનું પરિણામ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

- વિદ્યાર્થીઓમાં ૬૫% આત્મવિશ્વાસનો વધારો જોવા મળ્યો.
- વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક અભિવ્યક્તિમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો.
- વિદ્યાર્થીઓમાં ભાષા પ્રત્યે ઉત્સાહ વધ્યો.

## ઈનોવેશનની વર્તમાન સ્થિતિ/ વિસ્તૃતિકરણની વિગત :

- હાલમાં આ ઈનોવેશન શાળામાં નિયમિત રીતે અમલમાં છે અને સતત વિસ્તરતું જઈ રહ્યું છે.

* ઈનોવેટરનું નામ : પ્રજાપતિ વિષ્ણુભાઈ ચમનભાઈ
* શાળાનું નામ : શ્રી નાના પાળીયાદ પ્રાથમિક શાળા
* વિભાગ : ઉચ્ચ પ્રાથમિક
* ક્ષેત્ર : સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા સર્વાંગી વિકાસ
* હોદ્દો : મદદનીશ શિક્ષક
* તાલુકો : ચોટીલા
* મો. : 9727854670
* ઈ-મેઈલ : jaykumarcprajapati@gmail.com




## ઈનોવેશન શીર્ષક :

* પપેટ દ્વારા શિક્ષણ

## ઈનોવેશન હાથ ધરવા પાછળનું કારણ/સમસ્યા :

* ધોરણ ૬ થી ૮ માં બાળકોને અમુક વિષયના એકમો યાદ રાખવામાં મુશ્કેલી પડતી હતી. એકમું વિષયવસ્તુ યાદ રહેતું ન હતું. ઊભા થઈ બોલવું હાવ-ભાવ થકી કોઈ બાબત રજૂ કરી શકતા ન હતા. સંકોચ અનુભવતા હતા.

## હેતુઓ :

* આનાથી બાળકોનો ઉત્સાહ વધે છે, વિષય પ્રતયે રસ રૂચિ વધે છે
* જાતે કરેલું હોવાથી ઝડપથી યાદ રહે છે
* સહકારની ભાવના વિકસે
* હાવ-ભાવ સાથે પપેટ પર વાર્તાઓ રજુ કરે

## ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

* શાળાના ઘણા બધા બાળકોને પ્રાર્થનાસભા કે જાહેરમાં બોલવામાં સંકોચ થતો હતો.

## ઈનોવેશન માટેની પેડાગોજી/પ્રયુક્તિ, સાધન-સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

* **પેડાગોજી/પ્રયુક્તિ :** પપેટ નિર્માણ, જૂથકાર્ય, અભિનય, રમતો, જૂથ ચર્ચા, નાટ્યીકરણ
* **સાધન-સામગ્રી :** નકામાં મોજા, કાપડ સોયદોરા, પૂંઠાં, રંગીન કાગળ વગેરે
* **સમયગાળો :** જૂન ૨૦૨૪ થી કાર્યરત
* **લક્ષ્યજૂથ (લાભાર્થીની સંખ્યા) :** ૫૧

## નવતર પ્રયોગનું વર્ણન :

* અમારી શાળાના બાળકોને ઊભા થઈ બોલવું કે અભિનય કરવો મુશ્કેલ જણાતું હતું એટલે પપેટ નિર્માણ કરી બાળકોને રસ લેતા કરવા નકામાં મોજા અને અન્ય કાપડ ભેગા કરી તેમાંથી વ્યય અને એકમ અનુસાર પપેટ બનાવ્યા એકદમ સરળ અને હાથથી જ હાવભાવ દર્શાવી એવા પપેટ બાળકોના સહકારથી બનાવ્યા. હાથમાં પપેટ લગાવી અને અભિનય કરવાનો અને કેવી રીતે હલન ચલન તથા વિવિધ હાવ-ભાવ બતાવવા એ સમજાવ્યું. બાળકોનો ઉત્સાહ ખૂબ જ વધી ગયો. બાળકો ખૂબ જ ઉત્સાહથી સંકોચ વગર બોલવા લાગ્યા.

## ઈનોવેશન મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ-પ્રયુક્તિ વગેરેની વિગત) :

* પહેલાં જે બાળકો ઊભા થઈ બોલવામાં સંકોચ અનુભવતા એ હવે, હાવભાવ સાથે પપેટ પર વાર્તાઓ રજૂ કરે છે. હાથમાં પપેટ લગાવી અને અભિનય કરવાનો અને કેવી રીતે હલન-ચલન તથા વિવિધ હાવભાવ બતાવવા એ સમજાવ્યું. બાળકોનો ઉત્સાહ ખૂબ જ વધી ગયો.

## ઈનોવેશનનું પરિણામ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

| વર્ષ | ધોરણ | સંખ્યા | પરિણામ સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|---|
| ૨૦૨૪ | ૬ થી ૮ | ૫૧ | ૩૫ | ૬૮% |
| ૨૦૨૫ | ૬ થી ૮ | ૫૧ | ૩૮ | ૭૪% |

આ પદ્ધતિથી શાળાના ૫૧ માંથી ૩૮ કરતાં વધુ બાળકો સરળતાથી નાટ્યીકરણ કરી એકમને સમજાવી શકે છે.

## ઈનોવેશનની વર્તમાન સ્થિતિ/ વિસ્તૃતિકરણની વિગત :

* હાલમાં આ ઈનોવેશન કાર્યરત છે.

* **ઈનોવેટરનું નામ :** પંડયા રાજેશભાઈ વિનોદરાય
* **શાળાનું નામ :** કામલપુર પ્રાથમિક શાળા
* **વિભાગ :** ઉચ્ચ પ્રાથમિક
* **ક્ષેત્ર :** વિશેષ કાર્યક્રમો
* **હોદ્દો :** મદદનીશ શિક્ષક
* **તાલુકો :** પાટડી
* **મો. :** 9687029017
* **ઈ-મેઈલ :** rajupandya1979@gmail.com




## ઈનોવેશન શીર્ષક :

* The art of beautiful handwriting

## ઈનોવેશન હાથ ધરવા પાછળનું કારણ/સમસ્યા :

* અંગ્રેજી ભાષામાં બાળકોના અક્ષરોમાં કચાશ હતી. ખોટી દિશા, ખોટું કદ, અપૂર્ણ આકાર, અવ્યવસ્થિત લેખન, શાળાના દરેક ધોરણના બાળકોના અક્ષરો ખુબ જ ખરાબ હતા. ધો. ૧ થી ૮ ના કુલ બાળકોમાંથી ૮૫% બાળકોના અંગ્રેજી મૂળાક્ષરો ખોટી દિશામાં લખતા હતા. ૩૫% બાળકો 'b', 'd', 'p', 'q' જેવા મુળાક્ષરોને મિક્ષ કરતા હતા. મૂળાક્ષરોનું કદ સમાન ન હતા.

## હેતુઓ :

* બાળકો અંગ્રેજી ભાષાના મૂળાક્ષરોની ઓળખ કરે
* અંગ્રેજી ભાષામાં બાળકોના અક્ષરો મરોડદાર બને

## ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

* ધોરણ ૧ થી ૮ ના મોટાભાગના બાળકોના અંગ્રેજી વિષયના અક્ષરો ખૂબ જ ખરાબ હતા. બાળકોના અક્ષરોનું કદ અસમાન હતું. લેખન સુવાચ્ય ન હતું. શિક્ષક દ્વારા ચેક કરેલ ૫૦ નમૂનામાં નોટબુકમાંથી ૯૦% નોટ્સમાં અક્ષરોમાં ખામી હતી. ધોરણ ૧ થી ૮નાં ના કુલ ૧૦૪ બાળકોમાંથથી ૮૫% બાળકો અંગ્રેજી અક્ષરો ખોટી દિશામાં લખતા હતા. ૩૫% બાળકો 'b', 'd', 'p', 'q' જેવા અક્ષરોમાં ભૂલ કરતા હતા.

## ઈનોવેશન માટેની પેડાગોજી/પ્રયુક્તિ, સાધન-સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

* **પેડાગોજી/પ્રયુક્તિ :** Letter tracing with fun tools
* **સાધન-સામગ્રી :** રેતીના બોક્ષ, રંગીન પેન્સિલ, અક્ષર ચાર્ટ્સ, મોબાઈલ એપ
* **સમયગાળો :** સપ્ટેમ્બર ૨૦૨૩ થી આજદિન સુધી સારી સ્થિતિમાં કાર્યરત છે.
* **લક્ષ્યજૂથ (લાભાર્થીની સંખ્યા) :** ધોરણ ૧ થી ૮ ના કુલ ૧૦૪ બાળકો

## નવતર પ્રયોગનું વર્ણન :

* શાળામાં અંગ્રેજી વિષયમાં બાળકોના અક્ષરો ખરાબ હોવાથી શાળામાં નાની રીશેષમાં બાળકોને ફોરલાઈન બુકમાં પ્રથમ એ.બી.સી.ડી થી ચોથી એ.બી.સી.ડી. સુધી અક્ષરોના મરોડ, આકાર, અને કદ મુજબ મહાવરો કરાવવામાં આવ્યો. અક્ષરો ટ્રેસ કરવા માટે રેતી, ડોર-ટુ-ડોર શીટ્સ, મોટા ચાર્ટ્સ વગેરેનો ઉપયોગ કરવામાં આવ્યો. ત્યારબાદ સમયાંતરે બાળકોનો અક્ષરોમાં મહાવરો વધતા તે બાળકો કર્સીવ રાઈટીંગ લખતા થઈ ગયેલ હોય ગૃપ બનાવી તેમને અલગ-અલગ ગૃપમાં મૂકવામા્ આવ્યા અને શિક્ષકના માર્ગદર્શનમાં એ કાર્ય કરવામાં આવ્યું.

## ઈનોવેશન મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ-પ્રયુકિત વગેરેની વિગત) :

* બાળકોને નવા વિષય તરીકે પ્રવેશ કરાવ્યો. આ પ્રયોગના અંતે બાળકોને ફોર લાઈન બુકના કોરા પેજ આપવામાં આવ્યા. ત્યારબાદ શિક્ષક અંગ્રેજી ભાષાના વાકયો કથન કરે અને બાળકો શ્રવણ કરી એ વાકયોને કર્સીવ રાઈટીંગમાં લખે. આ પ્રમાણે બાળકોના કર્સીવ રાઈટીંગના કૌશલ્યનું મૂલ્યાંકન કરવામાં આવ્યું.

## ઈનોવેશનનું પરિણામ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :


- શાળાના ધોરણ ૧ થી ૮ ના કુલ ૧૦૪ બાળકો સંબંધિત આ ઈનોવેશનનું પરિણામ નીચે મુજબ છે.
- હાલની સ્થિતિએ ધોરણ ૧ ના કુલ ૧૬ બાળકો પૈકી બે બાળકો કર્સીવ રાઈટીંગમાં લખે છે. એજ મુજબ ધોરણ ૨ ના કુલ ૯ માંથી ૪, ધોરણ ૪ ના કુલ ૧૩ માંથી ૮, ધોરણ ૫ ના કુલ ૧૬ માંથી ૧૦ ધોરણ ૬ ના કુલ ૧૬ માંથી ૧૧, ધોરણ ૭ ના કુલ ૧૮ માંથી ૧૨ અને ધોરણ ૮ ના કુલ ૧૬ માંથી ૧૦ બાળકો કર્સીવ રાઈટીંગમાં લખે છે.


## ઈનોવેશનની વર્તમાન સ્થિતિ/ વિસ્તૃતિકરણની વિગત :

- હાલની ઈનોવેશનની વર્તમાન સ્થિતિએ શાળાના કુલ ૧૦૪ માંથી ૫૭ બાળકો એટલે કે ૫૪.૮૦% બાળકો કર્સીવ રાઈટીંગમાં લખે છે. બાકીના ૪૭ બાળકોની કર્સીવ રાઈટીંગ શીખવાની પ્રક્રિયા ચાલે છે અને ટૂંક સમયમાં તેઓ પણ સુંદર અક્ષરે લખતા થઈ જશે. આ ઈનોવેશન (કાર્યક્રમ) રિશેષ સમય દરમિયાન થતું હોવાથી બાળકોનો અભ્યાસ બગડે એવી કોઈ શક્યતા રહેતી નથી. આમ, આ ઈનોવેશન ખૂબ જ સફળ થઈ રહ્યું છે.

## ફોટોગ્રાફ કે વીડિઓ લિંક માટેના ક્યુઆર કોડ/નવતર પ્રયોગની પ્રક્રિયાઓ વીડિઓ :














✲ ઈનોવેટરનું નામ : પંચાલ વિષ્ણુભાઈ ડી.
✲ શાળાનું નામ : હેબતપુર પ્રાથમિક શાળા
✲ વિભાગ : બાલવાટીકા, પ્રાથમિક
✲ ક્ષેત્ર : સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા સર્વાંગી વિકાસ
✲ હોદ્દો : મદદનીશ શિક્ષક
✲ તાલુકો : પાટડી
✲ મો. : 9909265662
✲ ઈ-મેઈલ : panchalvishnu6@gmail.com



## ઈનોવેશન શીર્ષક :

✲ રમકડાં દ્વારા શિક્ષણ

## ઈનોવેશન હાથ ધરવા પાછળનું કારણ/સમસ્યા :

✲ શીખવાની પ્રત્યે રસ અને એકાગ્રતા ઓછી
✲ કલ્પનાશક્તિ, ભાષા તથા સમાજિક કૌશલ્યોમાં કચાશ
✲ સર્જનાત્મકતા અને અનુભવ આધારિત સમજનો અભાવ
✲ અનિયમિત હાજરી
✲ NEP-2020 માં પ્રકરણ 4.2 અને 4.8 પાયાના તબક્કામાં પેરા નં. 1.2 માં દર્શાવ્યા મુજબ રમત અને પ્રવૃત્તિ આધારિત શિક્ષણનો ઉલ્લેખ કરવામાં આવેલો છે.

## હેતુઓ :

✲ શૈક્ષણિક રમકડાંઓનું નિર્માણ કરવું. બાળકોની કલ્પના શકિત, સર્જનાત્મકતા અને સમસ્યા ઉકેલવાની શકિત, નિયમિત હાજરીમાં વૃદ્ધિ કરવી

## ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

✲ શીખવાની પ્રવૃત્તિઓમાં રસ અને સહભાગીદારિતાનું પ્રમાણ ખૂબ જ ઓછું.
✲ સંચાર અને સામાજિક કૌશલ્યોમાં કચાશ
✲ કલ્પનાશકિત અને સર્જનાત્મકતાનો અભાવ.

## ઈનોવેશન માટેની પેડાગોજી/પ્રયુકિત, સાધન-સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

✲ **પેડાગોજી/પ્રયુકિત :** અનુભવજન્ય શિક્ષણ, રમત ગમત આધારિત શિક્ષણ.
✲ **સાધન-સામગ્રી :** કાગળ, વેસ્ટ લાકડું, વેસ્ટ વસ્તુઓ વગેરે
✲ **સમયગાળો :** જૂન ૨૦૨૦ થી ચાલુ
✲ **લક્ષ્યજૂથ (લાભાર્થીની સંખ્યા) :** ૧૩૦

## નવતર પ્રયોગનું વર્ણન :

✲ વેસ્ટમાંથી બેસ્ટ સ્વરૂપે વિવિધ ચીજવસ્તુઓનો ઉપયોગ કરીને રમકડાં તૈયાર કરવામાં આવ્યા. આ રમકડાઓ દ્વારા બાળકોમાં આનંદપ્રદ, અનુભવજન્ય તથા સર્જનાત્મક શૈક્ષણિક રમકડાં કેવી રીતે તૈયાર કરવા તેનું નિદર્શન-પ્રદર્શન ગોઠવવામાં આવ્યું. વિવિધ વિષયોનાં અભ્યાસક્રમમાં આવા રમકડાંઓનો સમાવેશ થાય ત્યારે શિક્ષણ વધુ અસરકારક બને તે હેતુસર શાળા સમય પહેલાં તેમજ રિસેસના સમયમાં વિદ્યાર્થીઓને વેસ્ટમાંથી રમકડાં તૈયાર કરવાની રીત સમજાવાવમાં આવી. પરિણામે વર્ગવ્યવસ્થા વધુ સુગમ અને આકર્ષક બની. ઉપરાંત કોઈપણ એકમ શરૂ થાય તેના પહેલાં ‘‘આજે નવું રમકડું બનાવશું’’ અથવા ‘‘બતાવીશું’’ જેવા નિવેદનો દ્વારા બાળકોમાં જિજ્ઞાસા વધતી રહી અને વિવિધ કૌશલ્યોનો વિકાસ થવા લાગ્યો. આ તમામ રમકડાં સ્વ-પ્રયત્ને તૈયાર કરવામાં આવ્યા.

## ઈનોવેશન મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ-પ્રયુકિત વગેરેની વિગત) :

- અવલોકન, નિરીક્ષણ, તર્કશક્તિ, મૌખિક પ્રશ્નોત્તરી, રમકડાંઓનું નિદર્શન.

## ઈનોવેશનનું પરિણામ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

- કઠીન શૈક્ષણિક બાબતો સરળતાથી સમજાવા લાગી
- વિદ્યાર્થીઓની શીખવાની ગતિ અને ગુણવત્તામાં સુધારો થયો
- વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા, તાર્કિક વિચાર અને સમસ્યા ઉકેલ કૌશલ્યો વિકસ્યા
- જ્ઞાન સાથે ગમ્મતનો હેતુ સિદ્ધ થયો
- વિદ્યાર્થીઓ મોબાઈલનો ઉપયોગ શૈક્ષણિક હેતુસર કરતા થયા
- વિદ્યાર્થીઓની અભ્યાસ પ્રત્યે સ્વયંપ્રેરિત રસ અને રૂચિ વધી
- વિદ્યાર્થીઓ શાળાએ નિયમિત આવતા થયા અને વર્ગખંડ પ્રક્રિયામાં સક્રિય ભાગીદારીતા નોંધાવતા થયા.

## ઈનોવેશનની વર્તમાન સ્થિતિ/ વિસ્તૃતિકરણની વિગત :

- હાલમાં કાર્યરત છે.

## ફોટોગ્રાફ કે વીડિઓ લિંક માટેના કયુઆર કોડ/નવતર પ્રયોગની પ્રક્રિયાઓ વીડિઓ :






✲ **ઈનોવેટરનું નામ :** જયેશકુમાર અશ્વિનભાઈ પાટડીયા
✲ **હોદ્દો :** મદદનીશ શિક્ષક
✲ **શાળાનું નામ :** શ્રી તરણેતર પે. સે. શાળા નં.૧
✲ **તાલુકો :** થાનગઢ
✲ **વિભાગ :** ઉચ્ચ પ્રાથમિક
✲ **મો. :** 7984070165
✲ **ક્ષેત્ર :** સાંપ્રત વિષયો (FLN, NEP, NIPUN BHARAT MISSION)
✲ **ઈ-મેઈલ :** jpatadiya6@gmail.com



## ઈનોવેશન શીર્ષક :

✲ વાચિકમ

## ઈનોવેશન હાથ ધરવા પાછળનું કારણ/સમસ્યા :

✲ બાળકોમાં ભાષા શુદ્ધતા, ઉચ્ચારણની સમજનો અભાવ.
બાળકોમાં વાંચન ક્ષમતાનો અભાવ જોવા મળતો.
યોગ્ય લય, ભાવ તથા ઉચ્ચારણ સાથે વાંચનનો અભાવ.

## હેતુઓ :

✲ વિદ્યાર્થીઓ યોગ્ય સ્વરભાર સાથે ઉચ્ચારણ કરતા થાય
✲ શાળાઓ વચ્ચે વાચિકમ સ્પર્ધા થાય
✲ બાળકો એકમમાં રહેલા ભાવ સાથે તાદાત્મ્ય કેળવે

## ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

✲ બાળકોમાં વાંચન ક્ષમતાનો અભાવ જોવા મળતો હતો. બાળકો યોગ્ય લય, ભાવ તથા ઉચ્ચારણ સાથે વાંચન કરી શકતા નહી. બાળકો એકમમાં રહેલા ભાવ સાથે તાદાત્મ્ય સાધી શકતા ન હતા.

## ઈનોવેશન માટેની પેડાગોજી/પ્રયુક્તિ, સાધન-સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

✲ **પેડાગોજી/પ્રયુક્તિ :** નિદર્શન
✲ **સાધન-સામગ્રી :** વિડિઓ, યુ-ટયૂબ
✲ **સમયગાળો :** ૪ માસ
✲ **લક્ષ્યજૂથ (લાભાર્થીની સંખ્યા) :** ૧૪૯

## નવતર પ્રયોગનું વર્ણન :

✲ બાળકો સામે એકમની યોગ્ય સ્વર, ઉચ્ચાર, લય, ગતિ ભાવકક્ષાના ઉપયોગ વડે પ્રસ્તૃતિ (વાચિકમ) કરવી/યુટયુબ જેવા માધ્યમનો ઉપયોગ કરવો અને ત્યારબાદ બાળકોને એજ રીતે પ્રસ્તૃતિ કરવા જણાવવું.

## ઈનોવેશન મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ-પ્રયુક્તિ વગેરેની વિગત) :

✲ ઓ. આર. એફ (Oral reading fluency)
✲ વાંચિકમ કરાવવું.

## ઈનોવેશનનું પરિણામ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

✲ બાળકો એકમનું યોગ્ય સ્વર, ઉચ્ચાર, લય, ગતિ ભાવકક્ષાના ઉપયોગ વડે પ્રસ્તુતિકરણ કરતા થયા.

## ઈનોવેશનની વર્તમાન સ્થિતિ/ વિસ્તૃતિકરણની વિગત :

✲ મારૂં આ ઈનોવેશન હાલ પણ કાર્યરત છે, ભવિષ્યમાં દરેક ભાષામાં આ કાર્ય કરવાની મારી યોજના છે.

## ફોટોગ્રાફ કે વીડિઓ લિંક માટેના કયુઆર કોડ/નવતર પ્રયોગની પ્રક્રિયાઓ વીડિઓ :

https://youtube.com/@jayeshpatadiya9382?si=9vELAX2xd-xcHvxr

✻ ઈનોવેટરનું નામ : ડૉ. દિપકકુમાર રતિલાલ મહેતા
✻ હોદ્દો : મદદનીશ શિક્ષક
✻ શાળાનું નામ : જેપર પ્રાથમિક શાળા
✻ તાલુકો : ચુડા
✻ વિભાગ : પ્રાથમિક
✻ મો. : 9898731936
✻ ક્ષેત્ર : વિષય વસ્તુ પેડાગોજી આધારિત
✻ ઈ-મેઈલ : dipakmehta1978@gmail.com



## ઈનોવેશન શીર્ષક :

✻ ગણિત ગમ્મત (પઝલ રમત)

## ઈનોવેશન હાથ ધરવા પાછળનું કારણ/સમસ્યા :

✻ શાળા શિક્ષણ કાર્ય દરમિયાન શિક્ષણ કાર્ય કરાવતી વખતે બાળકો સાથે NMMS, CET, જ્ઞાનસાધના જેવી પરીક્ષામાં પૂછાતાં વિવિધ પ્રશ્નોની ચર્ચા કરતા આકૃતિ સબંધિત પ્રશ્નો બાળકો સહેલાઈથી ઉકેલી શકતા ન હતા.

## હેતુઓ :

✻ વિદ્યાર્થીઓ વિવિધ ભૌમિતિક આકૃતિની રચના કરે
✻ વિદ્યાર્થીઓ પેટર્ન બનાવે
✻ વિદ્યાર્થીઓ કોયડા ઉકેલે
✻ વિદ્યાર્થીઓ આકારોની સમજ કેળવે

## ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

✻ શાળા સમય પહેલાં, રીશેષ સમયમાં અને જાહેર રજાઓના દિવસે વિદ્યાર્થીઓ સાથે વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરતા, મૌખિક પ્રશ્નોતરી દરમિયાન, અત્યાર સુધીમાં અમારી શાળામાં ધોરણ ૧ થી ૮ ના કુલ ૬૩ વિદ્યાર્થીઓ પૈકી ૩૯ વિદ્યાર્થીઓમાં વિવિધ આકારોની ઓળખ, સમજ, સંકલ્પના, કોયડાનો ઉકેલ શોધવામાં, આકારોની રચના કરવામાં, વિવિધ વસ્તુઓમાં પરિમિત, ક્ષેત્રફળ સમજાવવામાં, ત્રિકોણમાં ત્રિકોણ અને ચોરસમાં ચોરસની ગણતરી કરવામાં, સાથે તેનું અર્થઘટન કરવામાં, કોયડાની રચના કરવામાં, પેટર્ન નિર્માણ કરવામાં, જિજ્ઞાસા, કુતૂલહલવૃત્તિ, રસ અને રૂચિ ઓછી જોવા મળેલી હતી.

## ઈનોવેશન માટેની પેડાગોજી/પ્રયુક્તિ, સાધન-સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

✻ **પેડાગોજી/પ્રયુક્તિ :** રમત-ગમત પ્રવૃત્તિ, પ્રશ્નોત્તરી, જૂથ ચર્ચા, નિદર્શન, પ્રદર્શન
✻ **સાધન-સામગ્રી :** કાગળ, પૂંઠાં, કલર કાગળ, સેલોટેપ, કાતર, કટર, વગેરે
✻ **સમયગાળો :** નવેમ્બર ૨૦૨૫ થી કાર્યરત
✻ **લક્ષ્યજૂથ (લાભાર્થીની સંખ્યા) :** ૩૯

## નવતર પ્રયોગનું વર્ણન :

✻ આ નવતર પ્રયોગમાં વિવિધ પ્રકારની પઝલ જેવી કે, (૧) ચિત્રપઝલ - ચિત્રના ટુકડાઓ જોડવા (૨) અક્ષર પઝલ (૩) અંક પઝલ (૪) લોજિક પઝલ - તર્ક શકિત પર આધારિત (૫) આકાર પઝલ વગેરે વેસ્ટમાંથી બેસ્ટ પૂંઠાંઓનો ઉપયોગ કરી તૈયાર કરવામાં આવેલી છે. આવી ૩૫ થી વધુ પઝલ તૈયાર કરી બાળકોને પઝલ રમત રમાડવામાં આવી. તેનું નિદર્શન-પ્રદર્શન ગોઠવવામાં આવ્યું. મારી શાળામાં આ પઝલ ગણિત વિષયમાં વધુ અસરકારક નીવડે તેના માટે શાળા સમય પહેલા દોઢ કલાક અને રીસેશના સમયમાં તથા જાહેર રજાઓના દિવસે રાખવામાં આવતુ હતું. જેનાથી વર્ગ વ્યવસ્થા અસરકારક બની. બાળકોમાં ગણિતના ધોરણ ૧ થી ૮ ના અધ્યયન બિંદુઓ સમજવા તથા વિવિધ કૌશલ્યોનો વિકાસ થયો. આ તમામ પઝલ ઈન્ટરનેટનાં વિવિધ સ્ત્રોતોના માધ્યમનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવી હતી.

## ઈનોવેશનનું પરિણામ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

- આ નવા ચાર દ્વારા ૬૨ % એટલે કે ૨૫ વિદ્યાર્થીઓને કોયડાઓની સમજ મળી, આકૃતિ/આકારોની ઓળખ અને સમજ, આકૃતિ આધારિત પ્રશ્નો ઉકેલતા થયા, નાના બાળકોમાં સૌથી વધુ પરિણામ જોવા મળ્યું. પઝલના પ્રયોગથી બાળકને સરળતાથી સમજાયું અને ભણવાની પ્રક્રિયા ઝડપી બની છે. શિક્ષણની ગુણવત્તા સુધારણામાં અસરકારક બની છે. ગણિતમાં ખૂબ સારા પરિણામ જોવા મળ્યાં. અવલોકન અને ધારણશક્તિમાં વધારો થયો. જ્ઞાનના સ્તરમાં, સામાજિકતા, વર્તન, શોધવૃત્તી, સમસ્યા સમાધાન, સર્જનાત્મકતા, જટિલ અને તાર્કિક ચિંતન, સમસ્યા ઉકેલ, પ્રત્યાયન, વિવેચનાત્મક વિચારસરણી અને અનુકૂલન ક્ષમતા જેવા કૌશલ્યોનો વિકાસ થયો. ધ્યાન અને યાદશક્તિ વધી છે. આ પ્રવૃત્તિથી શીખવાનું આનંદદાયક બની રહે છે. સહકાર અને ટીમવર્કની ભાવના વિકસી છે. આત્મવિશ્વાસમાં વધારો થયો છે.

## ઈનોવેશનની વર્તમાન સ્થિતિ/ વિસ્તૃતિકરણની વિગત :

- ઈનોવેશનની સ્થિતિ ખૂબ સારી છે. ધીમે ધીમે કાર્યરત પણ છે. વધુ સમય લાગી શકે છે.

## ફોટોગ્રાફ કે વીડિઓ લિંક માટેના કયુઆર કોડ/નવતર પ્રયોગની પ્રક્રિયાઓ વીડિઓ :


















* **ઈનોવેટરનું નામ :** હરેશભાઈ જેઠાભાઈ પરમાર
* **શાળાનું નામ :** શ્રી જનશાળી પ્રાથમિક શાળા
* **વિભાગ :** પ્રાથમિક
* **ક્ષેત્ર :** શૈક્ષણિક મૂલ્યાંકન
* **હોદ્દો :** મદદનીશ શિક્ષક
* **તાલુકો :** લીંબડી
* **મો. :** 9879041907
* **ઈ-મેઈલ :** hareshbhaiparanar1981@gmail.com



## ઈનોવેશન શીર્ષક :

* હું છું જાદુગર

## ઈનોવેશન હાથ ધરવા પાછળનું કારણ/સમસ્યા :

* પ્રત્યક્ષ મૂલ્યાંકનથી જાણવા મળ્યું હતું કે શબ્દ યોગ્ય રીતે વાંચન કરી શકતા ન હતા.

## હેતુઓ :

* NEP-2020 અંતર્ગત બાળકોનું $360^0$ મૂલ્યાંકન
* બાળકોનું રમત દ્વારા $360^0$ મૂલ્યાંકન કરવું

## ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

* બાળકોનું મૂલ્યાંકન કરતા બાળકો સક્રિય રીતે સહકાર આપતા ન હતા.
* બાળકોમાં મને આવડશે કે નહીં તેવો ડર રહેલો જોવા મળ્યો હતો.

## ઈનોવેશન માટેની પેડાગોજી/પ્રયુક્તિ, સાધન-સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

* **પેડાગોજી/પ્રયુક્તિ :** રમત દ્વારા મૂલ્યાંકન.
* **સાધન-સામગ્રી :** એકમ આધારિત શબ્દ ચાર્ટ.
* **સમયગાળો :** નવેમ્બર ૨૦૨૫ થી કાર્યરત.
* **લક્ષ્યજૂથ (લાભાર્થીની સંખ્યા) :** ધોરણ ૧ ના ૧૯ અને ધોરણ ૨ ના ૨૭ એમ કુલ ૪૬ બાળકો.

## નવતર પ્રયોગનું વર્ણન :

* આપેલ શબ્દ ચાર્ટમાંથી બાળકે ધારેલ કોઈપણ એક શબ્દને બાળક સાથે પ્રશ્નોત્તરી કરી હું શબ્દને કહી દઈશ જેથી બાળકને મજા પડશે.

## ઈનોવેશન મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ-પ્રયુક્તિ વગેરેની વિગત) :

* શબ્દ ચાર્ટની રમત દ્વારા મૂલ્યાંકનના કારણે બાળકો રિસેશના સમયે પણ આ રમતો રમી વાંચન કરતા થયા હતા.
* બાળકો યોગ્ય રીતે વાંચન કરતા થયા હતા.

## ઈનોવેશનનું પરિણામ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

* કુલ ૪૬ બાળકોમાંથી ૫૦% બાળકો એટલે કે ૨૩ બાળકો જવાબ આપતા થયા બાળકો સક્રિય રીતે પ્રવૃત્તિશીલ બન્યા વિદ્યાર્થીઓ $360^0$ મૂલ્યાંકન પ્રક્રિયામાં અસરકારક રીતે ભાગીદાર થયા.

## ઈનોવેશનની વર્તમાન સ્થિતિ/ વિસ્તૃતિકરણની વિગત :

* ઈનોવેશન હાલ મારી શાળમાં ધોરણ એક અને બે માં કાર્યરત છે તાલુકાની તમામ શાળાઓ સુધી વિસ્તરે એવો મારો લક્ષ્યાંક છે.

## ફોટોગ્રાફ કે વીડિઓ લિંક માટેના કયુઆર કોડ/નવતર પ્રયોગની પ્રક્રિયાઓ વીડિઓ :







* **ઈનોવેટરનું નામ :** ડાંગર વીરમભાઈ નાનુભાઈ
* **શાળાનું નામ :** શ્રી ખેરવા પે. સેન્ટર શાળા
* **વિભાગ :** નિમ્ન ઉચ્ચ પ્રાથમિક
* **ક્ષેત્ર :**
* **હોદ્દો :** મુખ્ય શિક્ષક
* **તાલુકો :** પાટડી
* **મો. :** 9099441555
* **ઈ-મેઈલ :** vrmdangar@gmail.com



## ઈનોવેશન શીર્ષક :

* ''સરકારી શાળા, સૌની શાળા ''

## ઈનોવેશન હાથ ધરવા પાછળનું કારણ/સમસ્યા :

* સરકારી શાળા પ્રત્યેના વધી રહેલી નકારાત્મકતા સામે સરકારી શાળાને મજબૂત કરવી.
* શાળામાં બાળકોની ઓછી સંખ્યા સામે, મૂલ્યશિક્ષણ આપી શાળામાં વધુ બાળકોને એડમિશન લેવા પ્રોત્સાહિત કરવા અને સંખ્યામાં વધારો કરવો.
* લોક સહકાર થકી શાળાને સૌની શાળા ગણીને શાળાનો વિકાસ કરવો.

## હેતુઓ :

* સરકારી શાળાની છબી સુધારવી.
* શાળામાં નામાંકન વધારવું.
* લોક સહયોગ થકી શાળાનો સર્વાંગી વિકાસ કરવો.
* બાળકો, વાલીઓ, શિક્ષકોને ગમતી શાળા કરવી.

## ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

* ઈનોવેશનની શરૂઆત ૨૦૨૧ થી થઈ એ પહેલાં શાળાની છબી ભૌતિક સુવિધા આ તમામ બાબતોમાં ખૂબ તકલીફ હતી. બાળકોની સંખ્યા પણ ૨૦૦ ની અંદર હતી. અનિયમિત્તા વધુ હતી, શાળાના રૂમો પણ જર્જરીત હતા અને સંખ્યાના પ્રમાણમાં શાળાનું બિલ્ડીંગ અને મેદાન ખૂબ નાનું હતું. પરિણામે, સરકારી શાળા માટે શાળાનો વિકાસ કરવા કપરા ચઢાણ જેવું હતું.

## ઈનોવેશન માટેની પેડાગોજી/પ્રયુક્તિ, સાધન-સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

* **પેડાગોજી/પ્રયુક્તિ :** અનુભવજન્ય શિક્ષણ મુલાકાત
* **સાધન-સામગ્રી :**
* **સમયગાળો :** વર્ષ ૨૦૨૧ થી શરૂઆત
* **લક્ષ્યજૂથ (લાભાર્થીની સંખ્યા) :** સમગ્ર શાળા

## નવતર પ્રયોગનું વર્ણન :

* શાળાની સ્થિતિને જોઈને આ સ્થિતિમાં બદલાવ માટે શાળાના તમામ શિક્ષકોને સાથે લઈ વિશ્વાસ સંપાદિત કરીને અભિયાન શરૂ કર્યું. ''સરકારી શાળ, સૌની શાળા'' ''ગામનું બાળક, ગામની સરકારી શાળામાં'' આ અભિયાન થકી વાલીઓની મુલાકાત વિવિધ સ્પર્ધાઓનું આયોજન, મૂલ્યલક્ષી શિક્ષણ, પ્રવાસ-પર્યટન જેવી અનેક પ્રવૃત્તિઓ દ્વારા સમાજ અને શાળાનો સમન્વય કર્યો. સતત પ્રયાસના અંતે શાળામાં પ્રાઈવેટ શાળામાંથી ૧૦૦ ઉપર બાળકોએ પ્રવેશ લીધો જેની નોંધ CMO ગુજરાત ગાંધીનગરથી લેવામાં આવી.
* શાળા માટે તમામ ભૌતિક સુવિધાથી સપન્ન મોટા સંકુલની જરૂરીયાત ઉભી થતા, ગ્રામજનો સાથે મિટિંગ કરતા પ્રોજેક્ટ લાઈફ સંસ્થા દ્વારા અઢી કરોડ રૂપિયા અને ગ્રામજનો દ્વારા પચાસ લાખનો સહયોગ મેળવીને તમામ પ્રકારની ભૌતિક સુવિધાઓથી ૧૪ રૂમનું અધતન સંકુલ બનાવવામાં આવ્યું જેમાં તમામ પ્રકારની ભૌતિક સુવિધાઓ લોક સહકારથી ઉભી કરવામાં આવી.

* બાળકોનો સર્વાંગી વિકાસ થાય એ માટે શૈક્ષણિક તેમજ અન્ય તમામ પ્રવૃત્તિઓ દ્વારા સમગ્ર વિસ્તારમાં શાળાને એક શ્રેષ્ઠ નામ આપી અલગ છાપ બનાવવામાં સફળ થયા.

## ઈનોવેશન મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ-પ્રયુકિત વગેરેની વિગત) :

* ''સરકારી શાળા શ્રેષ્ઠ શાળા'' છબી સુધારવામાં સફળ રહ્યાં.
* લોકસહયોગ થકી શાળાના નવા સંકુલની રચના કરીને સમાજ અને શાળાનો સમન્વય કરવામાં સફળ થયા.
* વાલી સંપર્ક, વિવિધ પ્રવૃત્તિઓ, સમાજનું જોડાણ, લોક-સહયોગ થકી શાળાને શ્રેષ્ઠતા તરફ લઈ જવામાં સફળ રહ્યા.

## ઈનોવેશનનું પરિણામ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

* સમગ્ર વિસ્તારમાં શાળાની એક અલગ છાપ બનાવવામાં સફળ રહ્યા. ખારાપાટ વિસ્તારની દિવાદાંડી રૂપ એવી શાળા બનાવવામાં સફળ રહ્યા, સમાજ અને શાળાના સમન્વય થકી લોક સહકાર રૂપે ૫૦ લાખ રૂપિયાનો સહકાર મેળવવામાં સફળ રહ્યા.

## ઈનોવેશનની વર્તમાન સ્થિતિ/ વિસ્તૃતિકરણની વિગત :

* વર્તમાન સમયમાં શાળા તમામ ભૌતિક સુવિધાથી સંપન્ન ૧૪ રૂમના આલિશાન સંકુલમાં, પ્રાર્થના હોલ, લાઈબ્રેરી, કમ્પ્યુટરખંડ વિજ્ઞાન લેબ, તમામ વર્ગખંડો સ્માર્ટરૂમ જેવી તમામ સુવિધાઓ જોવા મળે છે. બાળકોની સંખ્યા પણ ૩૦૦ની થવા જઈ રહી છે. જે શાળાના શૈક્ષણિક અને ભૌતિક સુવિધામાં થયેલા વધારાને લીધે જોઈ શકાય છે.

## ફોટોગ્રાફ કે વિડિઓ લિંક માટેના કયુઆર કોડ/નવતર પ્રયોગની પ્રક્રિયાઓ વિડિઓ :





✻ ઈનોવેટરનું નામ : પરમાર હિતેષકુમાર લક્ષ્મણભાઈ
✻ શાળાનું નામ : શ્રી માલવણ પ્રાથમિક શાળા
✻ વિભાગ : ઉચ્ચ પ્રાથમિક
✻ ક્ષેત્ર : વિષય વસ્તુ પેડાગોજી આધારિત
✻ હોદ્દો : મદદનીશ શિક્ષક
✻ તાલુકો : પાટડી
✻ મો. : 8238300693
✻ ઈ-મેઈલ : hitsparmar7777@gmail.com



## ઈનોવેશન શીર્ષક :

✻ ઈતિહાસનો અભિલેખાગાર

## ઈનોવેશન હાથ ધરવા પાછળનું કારણ/સમસ્યા :

✻ ધોરણ ૩ થી ૫ માં પર્યાવરણ વિષય ભણીને આવેલા બાળકોને ધોરણ ૬ માં ''સામાજિક વિજ્ઞાન'' વિષય અઘરો લાગતો હતો. બાળકો પૂસ્તકિયા જ્ઞાનથી કંટાળેલા હતા તથા આસપાસની પ્રાચીન વસ્તુઓનું નિદર્શન કરતા પણ તેના શૈક્ષણિક ઉપયોગથી અજાણ હતા. એકાગ્રતાનો અભાવ, પ્રાચીન વસ્તુઓ પ્રત્યે અણગમો, જનરલ નોલેજનો અભાવ, ઈતિહાસના પારિભાષિક શબ્દોનો ઓછો ખ્યાલ, પ્રાચીન વસ્તુની જાળવણીનો અભાવ વગેરે જોવા મળતા હતા.

## હેતુઓ :

✻ શિક્ષણ પ્રવૃત્તિમય બને
✻ બાળકો વિષય પ્રત્યે રસ કેળવે
✻ બાળક ગોખણપટ્ટીથી દૂર રહે અને ગમ્મત સાથે જ્ઞાન મેળવે
✻ બાળકોમાં પ્રાચીન ઈતિહાસ પ્રત્યે પ્રેમ અને ગૌરવની ભાવના વિકસે
✻ પ્રાચીન ઈતિહાસનું જ્ઞાન પોતાની આગળની પેઢીને આપી શકે
✻ બાળકો પ્રાચીન ઈતિહાસના સ્ત્રોતોની જાળવણી અને ઉપયોગીતાનું મૂલ્ય સમજે

## ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

✻ બાળકો સામાજિક વિજ્ઞાનના પ્રાચીન ઈતિહાસ પ્રત્યે અણગમો ધરાવતા હતાં.
✻ બાળકો કુટુંબ તથા ગામના પ્રાચીન ઈતિહાસ વિશેનો ઓછો ખ્યાલ ધરાવતા હતાં.
✻ બાળકો સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યે સુગ ધરાવતા હતાં.
✻ બાળકોમાં પ્રાચીન વસ્તુઓ પ્રત્યે અણગમો અને તેની જાળવણી અંગેની ઓછી સભાનતા જોવા મળી હતી.

## ઈનોવેશન માટેની પેડાગોજી/પ્રયુક્તિ, સાધન-સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

✻ **પેડાગોજી/પ્રયુક્તિ :** નિદર્શન, મૌખિક પ્રશ્નોત્તરી, ઉદાહરણ, રમત
✻ **સાધન-સામગ્રી :** કાર્ડશીટ, પૂંઠા, કલર, માટી, લાકડું, પથ્થર, તાંબા-પિત્તળના વાસણો, સિક્કા અને ચલણી નોટ, ચિત્રો ફોટા, છાપાં, પર્ણ પત્રો, મંદિર કલાકૃતિ, મૂર્તિ, ટપાલ ટિકિટો વગેરે.
✻ **સમયગાળો :** ઓગષ્ટ ૨૦૨૨ થી કાર્યરત
✻ **લક્ષ્યજૂથ (લાભાર્થીની સંખ્યા) :** ધોરણ ૬ થી ૮ ના ૨૨ બાળકો

## નવતર પ્રયોગનું વર્ણન :

✻ આ નવતર પ્રયોગની શરૂઆત ઓગષ્ટ ૨૦૨૨ થી કરવામાં આવી. જેમાં વિદ્યાર્થીઓને અન્ય વિષયની તુલનાએ સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યે રસ વધે તથા એકમોને સરળ કઈ રીતે સમજી શકે તે માટે મેં આ નવતર પ્રયોગ કરેલ છે. આથી મેં વિચાર્યું કે બાળકોની આસપાસ એવી ઘણીબધી પ્રાચીન વસ્તુઓ છે જે તેઓ દરરોજ જુએ છે પણ તેની તેઓને માહિતી નથી તથા તેના ઉપયોગથી પણ અજાણ હતા. આથી મેં પ્રથમ તો બળકના ઘરેથી જુની પ્રાચીન વસ્તુઓની યાદી બનાવવા તથા શાળામાં લાવવા

કહ્યું. ઉદાહરણ તરીકે : ચલણી નોટ, જુના સિક્કા, જુના વાસણો (તાંબુ, લોઢું, પિત્તળ, ઝરમર) ખેતીના જુના ઓજારો, ઈંટો-પથ્થરો, જુના વાહનો, મંદિરો, મૂર્તિઓ, સંગીતના સાધનો, ઘરેણા, રમકડાં, નેતાઓના ફોટાઓ, ખોરાકના નમુનાના ચિત્રો, ફોટા, દસ્તાવેજો, હસ્તપ્રતો, અભિલેખો, શિલાલેખો, તામ્રપત્રો, તાડપત્રો, પ્રવાસ ડાયરી, ટિકીટ વગેરે. બાળકો, શિક્ષકો તથા વાલીઓ દ્વારા વસ્તુઓની આપ-લે અને માહિતી દ્વારા તથા તેનો ઉપયોગ અધ્યયન કાર્યમાં કરવામાં આવે છે. તેના દ્વારા બાળકોને પ્રાચીન ઈતિહાસની તમામ વસ્તુ સમાગ્રીથી માહિતગાર કરી શકાય છે. વિષય અંતર્ગત નકશા, ટી.એલ.એમ. પ્રોજેકટ કાર્ય, પર્ણ લેખન, પથ્થર પર લેખન, માટીના રમકડાં, લાકડામાંથી ઓજારો અને હથિયારો બનાવ્યા છે.

## ઈનોવેશન મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ-પ્રયુકિત વગેરેની વિગત) :

- બાળકોને નવા વિષય તરીકે વિષય પ્રવેશ કરાવ્યો. આ પ્રયોગના અંતે વિદ્યાર્થીઓને ધોરણ પ્રમાણે પ્રાચીન વસ્તુઓની ઓળખ, ટી. એલ. એમ. નો ઉપયોગ કરી નકશાપૂર્તિ, પ્રોજેકટકાર્ય, નકશા સ્થળ શોધ રમત, ખજાના શોધ રમત, પારિભાષિક શબ્દો તથા અધ્યયન નિષ્પત્તિ પ્રમાણે પ્રશ્નોત્તરી કવીઝ દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું.

## ઈનોવેશનનું પરિણામ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

- પોતાના ઘર અને આસપાસની પ્રાચીન વસ્તુઓની જાળવણી અને ઉપયોગીતાની જાણ થઈ.
- બાળકો પ્રાચીન વસ્તુઓ શોધીને તે અંગેના પ્રશ્નો પુછતા થયા.
- બાળકો પ્રાચીન વસ્તુના ઉપયોગથી માહિતગાર બન્યા.
- બાળકોને આ જ્ઞાન સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપયોગી થયું.
- બાળકોનો વિષય પ્રત્યેનો અભિગમ બદલાયો તથા ભણવામાં રસ વધ્યો.

## ઈનોવેશનની વર્તમાન સ્થિતિ/ વિસ્તૃતિકરણની વિગત :

- હાલના ધોરણે આ નવતર પ્રયોગ ખૂબ સરસ રીતે કાર્યરત છે.

## ફોટોગ્રાફ કે વિડિઓ લિંક માટેના કયુઆર કોડ/નવતર પ્રયોગની પ્રક્રિયાઓ વિડિઓ :









* **ઈનોવેટરનું નામ :** દેવેન્દ્રપ્રસાદ હરૂભાઈ ધમલ
* **હોદ્દો :** મદદનીશ શિક્ષક
* **શાળાનું નામ :** લાખામાંચી પ્રા. શાળા-૧
* **તાલુકો :** થાનગઢ
* **વિભાગ :** ઉચ્ચ પ્રાથમિક
* **મો. :** 9429279983
* **ક્ષેત્ર :** વિષય વસ્તુ પેડાગોજી આધારિત
* **ઈ-મેઈલ :** dhdhamal@gmail.com



## ઈનોવેશન શીર્ષક :

* શબ્દવૃક્ષ

## ઈનોવેશન હાથ ધરવા પાછળનું કારણ/સમસ્યા :

* ઘણાં વિદ્યાર્થીઓમાં ગુજરાતી ભાષાનો શબ્દ ભંડાર સીમિત જોવા મળ્યો હતો. તેઓ પાઠયપુસ્તક બહારના શબ્દો સમજવામાં, અર્થવ્યકત કરવામાં અને વાકય પ્રયોગ કરવામાં અસમર્થ જણાયા હતા.

## હેતુઓ :

* વિદ્યાર્થીઓ શબ્દોની પરિભાષાથી પરિચિત બને
* વિદ્યાર્થીઓ ગુજરાતી વ્યાકરણ પ્રત્યે રસરૂચી ધરાવતા થાય
* વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક અભિવ્યક્તિની ખીલવણી થાય

## ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

* વિદ્યાર્થીઓ નવા શબ્દો સાંભળ્યા પછી ભૂલી જતા હતા.
* વર્ગમાં પ્રશ્નોત્તરી દરમિયાન સરેરાશ ૫૦% વિદ્યાર્થીઓ શબ્દોના યોગ્ય અર્થ આપી શકતા ન હતાં.
* લેખિત કાર્યમાં શબ્દ પ્રયોગ નબળો જોવા મળ્યો હતો.

## ઈનોવેશન માટેની પેડાગોજી/પ્રયુકિત, સાધન-સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

* **પેડાગોજી/પ્રયુક્તિ :** પ્રવૃત્તિ આધારિત શિક્ષણ, અનુભવજન્ય શિક્ષણ
* **સાધન-સામગ્રી :** ચાર્ટ પેપર, રંગીન પેપર, પાંદડા, સ્કેચ પેન, સ્ટીકર, ગમ/ટેપ
* **સમયગાળો :** ૩ મહિના
* **લક્ષ્યજૂથ (લાભાર્થીની સંખ્યા) :** ધોરણ ૬ થી ૮

## નવતર પ્રયોગનું વર્ણન :

* કલાસ રૂમમાં એક મોટા વૃક્ષ આકારનો ચાર્ટ તૈયાર કરવાાં આવ્યો. દર અઠવાડિયે વિદ્યાર્થીઓને એક નવો શબ્દ પસંદ કરી પાંદડાંના કટઆઉટ પર તેનો અર્થ, સમાનાર્થી અને ઉદાહરણ વાકય લખવાનું કહેવામાં આવ્યું. આ પાંદડાં શબ્દ વૃક્ષ પર ચોંટાડવામાં આવ્યા નિયમિત ચર્ચા અને વાંચન દ્વારા શબ્દોનું પુનરાવર્તન કરાવવામાં આવ્યું.

## ઈનોવેશન મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ-પ્રયુકિત વગેરેની વિગત) :

* મુલ્યાંકન ઉપકરણ : મૌખિક પ્રશ્નોત્તરી, લેખિત કાર્ય, શબ્દ આધારિત કિવઝ
  પ્રયુકિત/પેડાગોજી : પ્રવૃતિ આધારીત શિક્ષણ

## ઈનોવેશનનું પરિણામ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

- ૫૦% થી ૬૦% વિદ્યાર્થીઓ નવા શબ્દો યોગ્ય રીતે સમજાવી શક્યા.
- લેખિત કાર્યમાં શબ્દપ્રયોગમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો.
- વિદ્યાર્થીઓમાં ભાષા પ્રત્યે ઉત્સાહ વધ્યો.

## ઈનોવેશનની વર્તમાન સ્થિતિ/ વિસ્તૃતિકરણની વિગત :

- હાલમાં આ ઈનોવેશન શાળામાં નિયમિત રીતે અમલમાં છે અને સતત વિસ્તરતું જઈ રહ્યું છે.

## ફોટોગ્રાફ કે વીડિઓ લિંક માટેના ક્યુઆર કોડ/નવતર પ્રયોગની પ્રક્રિયાઓ વીડિઓ :

Innovation photo

Innovation video-1

Innovation video-2

- **ઈનોવેટરનું નામ :** પરમાર રાકેશકુમાર ગણપતભાઈ
- **શાળાનું નામ :** શ્રી ગુગલિયા પ્રાથમિક શાળા
- **વિભાગ :** પ્રાથમિક
- **ક્ષેત્ર :** સાંપ્રદ વિષયો
- **હોદ્દો :** મદદનીશ શિક્ષક
- **તાલુકો :** થાનગઢ
- **મો. :** 9558094699
- **ઈ-મેઈલ :** r.g.parmar143@gmail.com




## ઈનોવેશન શીર્ષક :

- NIPUN BHARAT - MATHS MAGIC GAME

## ઈનોવેશન હાથ ધરવા પાછળનું કારણ/સમસ્યા :

- શાળાના વિદ્યાર્થીઓને શરૂઆતમાં સંખ્યા જ્ઞાન અને મૂળભૂત ગાણિતિક ક્રિયાઓ કરવામાં ભારે મુશ્કેલી અનુભવાતી હતી. વિદ્યાર્થીઓમાં ગણિત પ્રત્યે ડર હતો. રસ ઓછો હતો અને ભાષાની અડચણને કારણે વિષય સંપૂર્ણ રીતે સમજાતો ન હતો. બધા જ વિદ્યાર્થીઓ માટે એક સરખો અભ્યાસ હોવાથી પરંપરાગત પદ્ધતિમાં બાળકોને તેમની ક્ષમતાને અનુરૂપ શીખવાની તક મળતી ન હતી.

## હેતુઓ :

- સંખ્યા જ્ઞાન અને મૂળભૂત ગાણિતિક ક્રિયાઓને વિદ્યાર્થીઓમાં રમત અને ડિજીટલ પ્રવૃત્તિ દ્વારા સરળ, રસપ્રદ અને અસરકારક બનાવવું.

## ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

- ઈનોવેશન પહેલાં બાળકો સંખ્યા ઓળખવામાં અને ગાણિતિક ક્રિયાઓ કરવામાં અચકાતા હતા. મોટા ભાગના વિદ્યાર્થીઓ મૂળભૂત ગાણિતિક ક્રિયાઓ પૂર્ણ કરી શકતા ન હતા. ઉપલા ધોરણના વિદ્યાર્થીઓ પણ ગણિતનો પાયો નબળો રહેતો. આ પરિસ્થિતિ શિક્ષણ માટે ચિંતાજનક પ્રવર્તતી હતી.

## ઈનોવેશન માટેની પેડાગોજી/પ્રયુકિત, સાધન-સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

- **પેડાગોજી/પ્રયુકિત :** ડિજીટલ રમત આધારિત અને સ્તર મુજબ શિક્ષણ પદ્ધતિ અપનાવવામાં આવી હતી.
- **સાધન-સામગ્રી :** જ્ઞાનકુંજ સ્માર્ટ ટી.વી. મોબાઈલ, લેપટોપ, કમ્પૂટર
- **સમયગાળો :** જુલાઈ ૨૦૨૫ થી કાર્યરત
- **લક્ષ્યજૂથ (લાભાર્થીની સંખ્યા) :** ધોરણ ૩ થી ૮ ના બાળકો (અંદાજે ૪૫૦ વિદ્યાર્થીઓ)

## નવતર પ્રયોગનું વર્ણન :

- શાળાના વિદ્યાર્થીઓને શરૂઆતમાં સંખ્યાજ્ઞાન અને મૂળભૂત ગાણિતિક ક્રિયાઓ કરવામાં ભારે મુશ્કેલી અનુભવતી હતી. વિદ્યાર્થીઓમાં ગણિત પ્રત્યે ડર હતો, રસ ઓછો હતો અને ભાષાની અડચણને કારણે વિષય સંપૂર્ણ રીતે સમજાતો ન હતો. બધા જ વિદ્યાર્થીઓ માટે એક સરખો અભ્યાસ હોવાથી પરંપરાગત પદ્ધતિમાં બાળકોને તેમની ક્ષમતાને અનુરૂપ શીખવાની તક મળતી ન હતી જેથી આ મેથ્સ મેઝીક ગેમને મારા પોતાના બ્લોગ પર બનાવવામાં આવી. આ ડિજીટલ ગેમમાં ત્રણ સ્ટેજ રાખવામાં આવેલા છે - સરળ, મધ્યમ, કઠિન વિદ્યાર્થીઓના સ્તર મુજબનું લેવલ પસંદ કરી રમત દ્વારા મુળભૂત ગાણિતિક ક્રિયાઓ અને સંખ્યાજ્ઞાન કરી શકે છે અને વિદ્યાર્થીઓ જે ભાષા પસંદ કરે છે તેજ ભાષામાં અંકો આવતા હોવાથી ચાર ભાષાઓનું સંખ્યાજ્ઞાન સમજી શકે છે.

## ઈનોવેશન મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ-પ્રયુકિત વગેરેની વિગત) :

- પ્રોજેકટમાં મૂલ્યાંકનની પ્રક્રિયા સંપૂર્ણ પણે સ્વ ચાલિત છે, રમત પૂર્ણ થતા જ સ્ક્રીન પર પરિણામ આપ મેળે દર્શાવવામાં આવે છે. જેમાં વિજેતા વિદ્યાર્થીએ દસ દાખલા કેટલી મીનીટમાં પુરા કર્યા ? તે સ્પષ્ટ રીતે બતાવવામાં આવે છે, સાથે જ એજ સમયગાળા દરમિયાન રમતા અન્ય વિદ્યાર્થીએ કેટલા દાખલા પૂર્ણ કર્યા ? તેની માહિતી પણ દર્શાવવામાં આવે છે. જેના કારણે વિદ્યાર્થીઓમાં તંદુરસ્ત હરિફાઈ વિકસે છે. આ સમય આધારિત મૂલ્યાંકન પદ્ધતિથી વિદ્યાર્થીઓમાં ગણતરીની ઝડપ, ચોકસાઈ અને સમય વ્યવસ્થાપનની ક્ષમતા વિકસે છે. શિક્ષકને કાગળ વગર પારદર્શક અને તટસ્થ રીતે વિદ્યાર્થીઓની પ્રગતિનું મૂલ્યાંકન તરત મળી રહે છે.


## ઈનોવેશનનું પરિણામ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :


- વિદ્યાર્થીઓનો ગણિત પ્રત્યેનો દર દૂર થયો
- બાળકોના ઉત્સાહમાં નોંધપાત્ર વધારો થયો.
- સંખ્યા જ્ઞાન અને મૂળભૂત ગાણીતીય ક્રિયાઓ પોતાની ક્ષમતા મુજબ શીખવાથી વિદ્યાર્થીઓના સ્તરમાં સુધારો થયો.


## ઈનોવેશનની વર્તમાન સ્થિતિ/ વિસ્તૃતિકરણની વિગત :

- આ ઈનોવેશન હાલમાં સક્રીય અને સફળતા પૂર્વક અમલમાં છે. વિદ્યાર્થીઓ તેનો સરળતાથી ઉપયોગ કરી રહ્યા છે. પ્રસ્તુત ઈનોવેશન એ શિક્ષકો માટે ઉપયોગી ઈનોવેશન બની રહ્યું છે. મારી જાણ મુજબ મારા ઈનોવેશનનો ઉપયોગ અન્ય શાળાઓ દ્વારા પણ કરવામાં આવી રહ્યો છે.

## ફોટોગ્રાફ કે વિડિઓ લિંક માટેના કયુઆર કોડ/નવતર પ્રયોગની પ્રક્રિયાઓ વિડિઓ :









✼ **ઈનોવેટરનું નામ :** મુકેશભાઈ શિવાભાઈ બદ્રેશિયા
✼ **હોદ્દો :** મુખ્ય શિક્ષક
✼ **શાળાનું નામ :** પે.સે.શાળા નં. ૧૬, સુરેન્દ્રનગર
✼ **તાલુકો :** વઢવાણ
✼ **વિભાગ :** પૂર્વ પ્રાથમિક
✼ **મો. :** 9879497555
✼ **ક્ષેત્ર :** અભ્યાસક્રમ આધારિત મૂલ્ય શિક્ષણ
✼ **ઈ-મેઈલ :** mspatel551972@gmail.com



## ઈનોવેશન શીર્ષક :

✼ મૂલ્યલક્ષી શિક્ષણના નવતર પ્રયોગ

## ઈનોવેશન હાથ ધરવા પાછળનું કારણ/સમસ્યા :

✼ શાળાના ધોરણ ૧ થી ૨ ના કેટલાંક બાળકો ખોટું બોલતા હતા તેમજ બીજા બાળકોના વસ્તુ પૈસા તેમજ નાસ્તો લઈ લેતા હતા.

## હેતુઓ :

✼ બાળકો સંવેદનશીલ બને
✼ મૂલ્યનો હ્રાસ થતો અટકે
✼ સંસ્કારીતા પ્રત્યે સભાનતા કેળવે
✼ સ્વભાવમાં ઋજુતા આવે

## ઈનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

✼ શાળામાં કેટલાંક બાળકો નાસ્તો, અમૂક પૈસા તો અમૂક વસ્તુ લઈ લેતા હતા.

## ઈનોવેશન માટેની પેડાગોજી/પ્રયુક્તિ, સાધન-સામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ :

✼ **પેડાગોજી/પ્રયુક્તિ :**
✼ **સાધન-સામગ્રી :** બચત બેંક, ચકલીના માળાઓ, પાણીના કૂંડા, ફ્રુટ વિવિધ નાસ્તા તેમજ અનાજ વિગેરે
✼ **સમયગાળો :** ડીસેમ્બર ૨૦૨૩ થી કાર્યરત
✼ **લક્ષ્યજૂથ (લાભાર્થીની સંખ્યા) :** ધોરણ ૧ અને ૨, (વિદ્યાર્થીઓ ૬૧)

## નવતર પ્રયોગનું વર્ણન :

✼ શાળાના ધોરણ ૧ થી ૨ ના કેટલાંક બાળકો ખોટું બોલાત હતા. કેટલાંક બાળકો બીજા બાળકોના વસ્તુ, પૈસા તેમજ નાસ્તો લઈ લેતા હતા. જેના લીધે બાળકોમાં ખોટો મેસેજ જતો હતો. વાલી સાથે પ્રત્યક્ષ મુલાકાત કરી અને બાળકોનું કાઉન્સિલિંગ કરવામાં આવ્યું. બાળકોને સંવેદનલક્ષી વાર્તાઓ કહેવામાં આવી તેમજ સંવેદનાલક્ષી શિક્ષણ માટે અને મૂલ્યલક્ષી શિક્ષણ માટે નીચેનાં જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવી.
બાળકો પોતાના ઘેરથી એક મુઠ્ઠી અનાજ લાવે અને આ ભેગું થયેલું અનાજ બાળકોને સાથે રાખીને બાળકોના હાથે જ મેળાના મેદાનમાં લઈ જઈને પક્ષીઓને નાખવામાં આવે છે.

✼ બાળકો પોતાને વાપરવા આપેલા પૈસાનો નાસ્તો ન કરતા તે પૈસા શાળાની બચત બેંકમાં આપીને પોતાનું યોગદાન આપે તેમજ તેનું ફ્રુટ લાવીને બાળકોના હાથે જ ટી.બી. હોસ્પિટલમાં જઈને વિતરણ કરવામાં આવે છે.
વાર્તાકથન દ્વારા બાળકોને મૂલ્યો અને સંવેદનાનું પરોક્ષ શિક્ષણ આપવામાં આવે છે.
શાળાના બાળકોને ચકલીના માળાનું વિતરણ કરવામાં આવ્યું. અત્યાર સુધીમાં ૧૭૦૦૦ જેટલા ચકલીના માળાઓનું વિતરણ કરવમાં આવેલ છે.
પાણીના કૂંડા પણ ઉનાળામાં બાળકોને આપવામાં આવ્યા.
બાળકોને વિવિધ પ્રકારના ફ્રુટ તથા પ્રીતિભોજન આપવામાં આવ્યું.

## ઈનોવેશન મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ-પ્રયુકિત વગેરેની વિગત) :

- બાળકો મેદાનમાંથી કે પોતાને મળતા પૈસા ઓફિસમાં જમા કરાવવા લાગ્યા.

## ઈનોવેશનનું પરિણામ (ડેટા અને તે સંબંધિત આધાર-પુરાવા) :

- બાળકો સત્યનિષ્ઠ થયા તેમ જ પ્રાણીઓ પ્રત્યે સંવેદનશીલ બન્યા.

## ઈનોવેશનની વર્તમાન સ્થિતિ/ વિસ્તૃતિકરણની વિગત :

- હાલ વર્તમાનમાં પ્રયોગ કાર્યરત છે.

## ફોટોગ્રાફ કે વિડિઓ લિંક માટેના કયુઆર કોડ/નવતર પ્રયોગની પ્રક્રિયાઓ વિડિઓ :



# District Level Educational

## 11th

# Innovation

## FESTIVAL,2025-26

## એકાદશ

શ્રી ઝવેરચંદ મેઘાણી

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર





11th

એકાદશ

District Level Educational

# Innovation

## Festival 2025-26